કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
અંજાર તાલુકાના ભીમાસર, વરસામેડી, લાખાપર, સતાપર, દુધઈ, મોટા લોહારીયા, સીનુગ્રા, ખંભરા, ચંદીયા, નાગલપર, મેઘપર બોરીચી, તુણા વંઢી, રામપર, બીટા વલાડીયા, ટપ્પર, સંઘડ, માથક,વીરા વલાડીયા, રતનાલ, કોટડા(ચક્કાર),આંબાપર તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રધ્ધાંજલિ, અભિનંદન જાહેરખબર માટે સંપર્ક કરો
ચેતન રાવલ : 98790 14192
નગરપાલિકા કોમ્પ્લેક્ષ, મામલતદાર કચેરીની સામે, અંજાર-કચ્છ

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂ. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૩ જૂન, ૨૦૨૬ બુધવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૦૧૩◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ વદ - ૩ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

### બાંગ્લાદેશીઓ સામે મીડનાઈટ મેગા ઓપેરશનનો ધમધમાટ

# રાજયમાં ઘુસણખોરો સામે સરકારની તવાઈ




**અમદાવાદ-રાજકોટ-ભરૂચમાં પોલીસનું મેગા સર્ચ ઓપેરશન : ૧૦૦થી વધુ બાંગ્લાદેશીઓ-શંકાસ્પદ ઝડપાયા**

## અમિત શાહની ચેતવણી બાદ ગુજરાત સરકાર એકશનમાં

**ખાત્રજના કાર્યક્રમમાં અમિત શાહે તાજેતરમાં જ ઘુસણેઠીયાઓને જાહેર મંચથી આપી હતી ચીમકી : તંત્ર તગડે તે પહેલા સ્વૈચ્છાએ ઘુસપેઠીયાઓ પરત જતા રહે**

ગાંધીનગર : આજ રોજ રાજ્ય સરકાર દ્વારા બાંગલાદેશીઓ સામે જે સ્ટ્રાઈક બોલાવવામા આવી છે તેના મુળમાં તાજેતરમાં જ અમિત શાહ દ્વારા એક જાહેર કાર્યક્રમમાંથી ઘુસપેઠીયાઓને આપેલી ચીમકીનો જ ભાગ છે. શ્રી શાહે ગત સપ્તાહે જ જાહેર કાર્યક્રમમાંથી કહ્યુ હતુ કે દેશમાથી ઘુસપેઠીયાઓને શોધી શોધીને હકાલપટ્ટી કરાવીશું. તંત્ર તગડે તે પહેલા ઘુસપેઠીયાઓ ખુદ પરત જતા રહે. શ્રી શાહે આપેલી આ ચેતવણી બાદ રાજય સરકાર એકશનમાં આવવા પામી ગઈ છે.

ગાંધીનગર : અમદાવાદ શહેરમાં મોડી રાત્રે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને સુદ્રઢ કરવા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે પોલીસે એક મોટું અને અભૂતપૂર્વ મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. શહેરના જુદા જુદા ઝોનમાં સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત ઉપક્રમે આ મિશન પાર પાડવામાં આવ્યું હતું, જેમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી ઘૂસણખોરોને નિશાન બનાવવામાં આવ્યા છે.આ ઓપરેશન દરમિયાન અત્યાર સુધીમાં ૧૦૦ જેટલા શંકાસ્પદ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, મોડી રાત્રે શરૂ થયેલી આ કડક કાર્યવાહીમાં શહેરના ચંડોળા તળાવ, ગુલાબનગર

અનુસંધાન પાના નં.૪ પર

## પ્રિ મોનસુન કામગીરીની સમીક્ષા પેટ્રોલ ડીઝલની સ્થિતિ તેમજ આગામી કાર્યક્રમોના આયોજન અંગે કેબિનેટમાં સમીક્ષા

**આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને જિલ્લાઓમાં ફ્લ્ડ કંટ્રોલરૂમ શરૂ કરવા મહેસુલ વિભાગને સુચના :રાજ્યમાં પેટ્રોલ ડીઝલ ના વપરાશ અંગેની નીતિ અંગે પણ સમીક્ષાઃ ગુજરાતના પ્રવાસે આવી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમના આયોજન અંગે પણ ચર્ચા**

ગાંધીનગર : રાજ્યમાં પ્રિ મોનસુન કામગીરી અંગે તેમજ આગામી ચોમાસા ને ધ્યાનમાં રાખીને રાજ્યમાં તકેદારીના પગલાં લેવા તેમજ જિલ્લામાં ફ્લ્ડ કંટ્રોલ રૂમ શરૂ કરવા તેમજ રાજ્યમાં પેટ્રોલ ડીઝલની સ્થિતિ સંદર્ભે તેમજ પેટ્રોલ ડીઝલના કરકસર અંગે સરકારી કચેરીઓમાં લેવામાં આવેલા પગલાં સહિતની બાબતો અંગે આજે કેબિનેટ બેઠકમાં ચર્ચા વિચારણા કરીને મહત્વના નિર્ણયો લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે રાજ્યમંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં રાજ્યમાં તાજેતરમાં જ હાથ ધરવામાં આવેલી પ્રિ મોનસુન કામગીરી સંદર્ભે મહેસુલ વિભાગ પાસેથી અહેવાલ મેળવી ને થયેલી કામગીરી અંગેની સમીક્ષા કરવામાં આવી હતી તેમજ આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને ચોમાસાની સિઝન દરમિયાન ઊભી થનારી કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજયના તમામ જિલ્લાઓમાં જિલ્લા તંત્ર દ્વારા ફ્લ્ડ કંટ્રોલ રૂમ શરૂ કરવા તેમજ આગોતરું આયોજન ઘડી કાઢવા માટે ચર્ચા વિચારણા કરીને મહેસુલ વિભાગને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. આ ઉપરાંત ચોમાસા દરમિયાન ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ગુણવત્તા વાળું બિયારણ ઉપલબ્ધ થાય તે માટેની વ્યવસ્થા ગોઠવવા માટે કૃષિ વિભાગને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. રાજ્યમાં સરકારી કચેરીઓમાં પેટ્રોલ અને ડીઝલના વપરાશમાં કરકસર કરવા માટે ઘડવામાં આવેલી નીતિ ના અમલીકરણ માટે કરવામાં આવેલી કામગીરી અંગે પણ સમીક્ષા કરીને

અનુસંધાન પાના નં.૪ પર

## અમેરિકાનો ભારત સહિત ૬૦ દેશોને ફટકો

**ચીન-ઈન્ડોનેશીયા સહિતના દેશો પર ૧૦થી સાડા બાર ટકાનો વિવિધ વસ્તુઓ પર ટેરિફ ગાળીયો ઝિંકવાનો પ્રસ્તાવ રજુ કરાયો**

નવી દીલ્હી :ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી વ્યાપારિક વાટાઘાટો વચ્ચે એક નવા ઘટનાક્રમે વેપારી જગતમાં ચિંતાનું મોજું ફેલાવી દીધું છે. અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલી તપાસ રિપોર્ટ મુજબ, ભારત સહિત વિશ્વના આશરે ૬૦ દેશો પર વધારાનો ટેરિફ (આયાત જકાત) લાદવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ 'ફોર્સ્ડ લેબર' (જબરન મજદૂરી) દ્વારા તૈયાર કરવામાં આવતા માલસામાન પર રોક લગાવવામાં આ દેશોની કથિત નિષ્ફળતા છે. આ પગલાની સીધી અસર ભારતીય નિકાસકારો અને વિવિધ ઉદ્યોગો પર પડી શકે છે.રિપોર્ટ અનુસાર, અમેરિકાએ ટેરિફના દર નક્કી કરવા માટે એક ચોક્કસ માપદંડ અપનાવ્યો છે. જે દેશો સાથે અમેરિકાનો કોઈ પારસ્પરિક વ્યાપાર કરાર નથી, તેવા દેશોમાંથી આવતી ચીજવસ્તુઓ પર ૧૨.૫ ટકા વધારાનો ટેરિફ લાદવાની દરખાસ્ત છે. ભારત હાલમાં આ જ શ્રેણીમાં આવે છે, જે નિકાસકારો માટે ચિંતાનો વિષય છે.બીજી તરફ, જે દેશોએ અમેરિકા સાથે મળીને જબરન મજદૂરીથી બનેલા ઉત્પાદનો પર પ્રતિબંધ મૂકવા માટે કરાર કર્યા છે અથવા કડક નિયમો લાગુ કર્યા છે, તેમના માટે વધારાનો ટેરિફ દર ૧૦ ટકા રાખવાનું સૂચન કરવામાં આવ્યું છે. આ સ્થિતિ સ્પષ્ટ કરે છે કે અમેરિકા હવે આંતરરાષ્ટ્રીય શ્રમ ધોરણોને વેપાર નીતિઓ સાથે જોડી રહ્યું છે.આ પ્રસ્તાવ એક એવા સમયે આવ્યો છે જ્યારે નવી દિલ્હીમાં ભારત અને અમેરિકાના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે ત્રણ દિવસીય મહત્વપૂર્ણ વ્યાપાર વાર્તા ચાલી રહી છે. બંને દેશો એક દ્વિપક્ષીય વ્યાપાર કરાર ને આખરી ઓપ આપવા માટે મંથન કરી રહ્યા છે. ભારતની પ્રાથમિકતા 'સેક્શન ૩૦૧' તપાસ સાથે જોડાયેલા વિવાદોમાંથી રાહત મેળવવાની છે.ભારત ઈચ્છે છે કે તેના ઉત્પાદનોને અન્ય

અનુસંધાન પાના નં.૪ પર

### 'પંડિત દિનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન- ૨૦૨૬' અંતર્ગત

# કમલમ ખાતે પ્રદેશ કાર્યશાળાનો પ્રારંભ

**ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શિવપ્રકાશજીની વિશેષ ઉપ સ્થિતિમાં કાર્યશાળા નો પ્રારંભ : પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી તેમજ પશ્ચિમ-મધ્ય ઝોન પ્રશિક્ષણના પ્રભારી કે.સી પટેલ કાર્યશાળામાં ઉપસ્થિત રહ્યા**




ગાંધીનગરઃ 'પંડિત દિનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન- ૨૦૨૬' અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શિવપ્રકાશજીની વિશેષ ઉપ સ્થિતિમાં પ્રદેશ કાર્યશાળા નો પ્રારંભ થયો હતો. જેમાં પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી

અનુસંધાન પાના નં.૪ પર

## લોન મોંઘી થશે કે આરબીઆઈમાં મળશે રાહત?

નવીદિલ્હી : ભારતીય રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટીની ત્રણ દિવસીય મહત્વની બેઠક આજથી એટલે કે, મંગળવાર ૩ જૂનથી શરૂ થઈ ગઈ છે. પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ)માં ચાલી રહેલા ભૌગોલિક રાજકીય તણાવ, ક્રૂડ ઓઈલની વધતી કિંમતો અને દેશમાં મોંઘવારીની ચિંતાઓ વચ્ચે આ બેઠકને અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ઈઁ ગવર્નર સંજય મલ્હોત્રાની આગેવાની હેઠળની ૬ સભ્યોની સમિતિ વ્યાજ દરો અંગે અંતિમ નિર્ણય લેશે, જેની જાહેરાત ૫ જૂન શુક્રવારના રોજ કરવામાં આવશે.પીટીઆઈના એક સર્વે અનુસાર, આ વખતે સામાન્ય જનતાને લોનની આરબીઆઈમાં રાહત મળવાની આશા ઘણી ઓછી છે. સર્વેમાં સામેલ ૧૧ અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે, RBI આ વખતે રેપો રેટ) માં કોઈ ફેરફાર નહીં કરે, અને તેને વર્તમાન સ્તર પર જ જાળવી રાખશે. બીજી તરફ, ૪ વિશ્લેષકોનું માનવું છે કે મોંઘવારીના વધતા દબાણને જોતા સેન્ટ્રલ બેંક વ્યાજ દરોમાં ૦.૨૫% નો વધારો પણ કરી શકે છે.

### તિકડમ !
– દેવેન વ્યાસ



**મારા પતિતો વગર ફીએ ભણ્યા ને આજે દેશના સક્ષમ કૌભાંડીયા નેતા પણ બન્યા !**

## વિપક્ષોના ઈન્ડિયા ગઠબંધનની મહત્વપૂર્ણ બેઠક ૮ જૂને યોજાઈ શકે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : કોંગ્રેસના નેતૃત્વ હેઠળના વિપક્ષી I.N.D.I.A ગઠબંધનના વરિષ્ઠ નેતાઓની એક મહત્વપૂર્ણ બેઠક આગામી ૮ જૂનના રોજ દિલ્હીમાં યોજાઈ શકે છે. મીડિયા અહેવાલ અનુસાર, આ બેઠકમાં પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી, શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે, સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સહિત કુલ ૧૫ પક્ષોના દિગ્ગજ નેતાઓ સામેલ થઈ શકે છે.ઈન્ડિયા ગઠબંધનની બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય ભાજપના નેતૃત્વવાળી કેન્દ્રની એનડીએ સરકારનો મજબૂત રીતે સામનો કરવા માટેની સંયુક્ત રણનીતિ તૈયાર કરવાનો અને વિપક્ષોની એકતાને વધુ સુદ્રઢ બનાવવાનો છે. આ

ઉપરાંત, તાજેતરમાં સંપન્ન થયેલી વિધાનસભા ચૂંટણીઓ અને વિવિધ રાજ્યોમાં બદલાતા રાજકીય સમીકરણો પર પણ ગંભીર ચર્ચા થવાની શક્યતા છે.

## બિલ્ડરોની સરકારને ચીમકી

નવીદિલ્હી : ભારતના જીડીપીમાં સાડા સાત ટકાનો ફાળો આપતા બાંધકામ ઉદ્યોગની વર્તમાન સમસ્યાઓનું નિરાકરણ ન લાવવામાં આવે તો આગામી ૩૦મી જૂનથી દરેક કેટેગરીના બાંધકામની કિંમતોમાં ૨૦ ટકાનો વધારો કરવાની ફરજ પડશે. પરિણામે અત્યારે ૩૮ વર્ષની બચત પછી ફ્લેટ લઈ શકનારાઓ મધ્યમ વર્ગના લોકો માટે ફ્લેટ લેવા અત્યંત કઠિન બની જશે. આવનારા વર્ષોમાં ૪૦થી ૪૫ વર્ષની બચત પછી મધ્યમ વર્ગના લોકો ઘર ખરીદી શકશે.

## દિલ્હીમાં ફરી ભયાનક અગ્નિકાંડ : ૨૧ના મોત
## પ્રશાસનમાં દોડધામ : રાહત-બચાવ પુરજોશમા



**પાંચ માળની રેસ્ટોરેન્ટમાં અચાનક લાગેલી આગથી અફરાતફરી : ૨૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા : હજુય ઘણા લોકો આગમાં ફસાયેલા હોવાની આશંકા : મૃતકાંક વધવાની દહેશત : ૩૫ લોકોને હેમખેમ બચાવાયા : આગ લાગવાનું કારણ હજુય અકબંધ : આગથી બચવા લોકોએ આગની લપેટ સાથે નીચે કુદકા માર્યા**

નવી દિલ્હી : દેશની રાજધાની દિલ્હીમાં ફરીથી વધુ એક ભયાવહ-ભયાનક

અનુસંધાન પાના નં.૪ પર

# પાલારા ખાસ જેલ ખાતે તમાકુ નિષેધ દિવસે જાગૃતિ સેમિનાર યોજાયો



ભુજ - કચ્છઉદય : અહીં આવેલી પાલારા ખાસ જેલ ખાતે તમાકુ નિષેધ દિવસે જાગૃતિ સેમિનાર યોજાયો હતો. ૩૦મી મેના તમાકું નિષેધ દિવસની ઉજવણી નિમિતે ભુજ જિલ્લા કાનૂની સેવા મંડળ, લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સીલ દ્વારા જેલમાં રહેલા કેદીઓને વ્યસન મુક્તિ બાબતે યોગ્ય માર્ગદર્શન આપવા માટે સેમિનાર યોજાયો હતો, જેમાં ૭૫થી વધુ કેદીઓએ લાભ લીધો હતો. જેલ અધિક્ષક શ્રી પરમાર, જેલર શ્રી બારૈયા, લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સિલના સભ્યો ચીફ ચંદ્રકાંત સી. ગુજરાતી, ડેપ્યુટી ચીફ કુલદીપ ડી. ગરવા, આસિસ્ટન્ટસ વિષ્ણુ એમ. ચારણિયા, રમીઝ કે. સમેજા તથા નિરજા એમ. રાઠોડ હાજર રહીને માર્ગદર્શન આપેલ હતી તેવું ચીફ લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સિલ જિલ્લા અદાલત ભુજની યાદીમાં જણાવ્યું હતું.

## ભજારભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ભુજ માર્કેટ યાર્ડ** | | સાખજીરૂ | ૩૪૦૦-૩૬૦૦ | દુધી | ૨-૧૦ |
| **૧૦૦ કિલોના ભાવ** | | અજમો | ૧૬૦૦-૨૧૫૦ | આદુ | ૮૦-૧૨૦ |
| ગોવાર | ૪૮૪૦-૫૪૯૯ | ગોવાર | ૧૦૫૭-૧૦૭૦ | કારેલા | ૧૦-૧૮ |
| મગ | ૭૦૦૦-૭૯૬૫ | મઠ | ૧૨૦૦-૧૩૦૦ | શક્કરિયા | ૧૭-૨૫ |
| **ભુજ માર્કેટ યાર્ડ** | | તલ સફેદ | ૧૯૯૦-૨૨૦૦ | ચોળા ડોલર | ૧૫-૨૫ |
| **૪૦ કિલોના ભાવ** | | ઈશબગુલ | ૧૨૮૦-૧૫૦૦ | ગીલોડા | ૧૫-૩૦ |
| એરંડા | ૨૫૧૦-૨૫૩૫ | **ભુજ માર્કેટ યાર્ડ** | | મરચા સીમલા | ૬૦-૮૦ |
| રાયડો | ૨૬૦૦-૨૭૨૩ | **(૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | | ગોવાર દેશી | ૧૫-૫૫ |
| ઈશબગુલ | ૩૦૦૦-૪૨૦૦ | ડુંગળી | ૯-૧૩ | ગીસોડા | ૧૦-૨૫ |
| તલી | ૩૭૦૦-૪૪૫૧ | બટેટા | ૧૧-૧૫ | પરવળ | ૪૦-૫૫ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | | ટમેટા | ૧૮-૩૩ | સરગવો | ૧૦-૨૫ |
| **૧૦૦ કિલોના ભાવ** | | મરચા | ૧૫-૪૨ | ગેલકા | ૧૦-૧૨ |
| મગ | ૭૫૧૦ | મરચી | ૩૦-૬૫ | કોળુ | ૪-૮ |
| ગોવાર | ૫૩૦૦-૫૬૧૦ | રીંગણા કાળા | ૪-૧૧ | બીટ | ૨૦-૩૫ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | | રીંગણા બાજરીયા | ૫-૧૩ | **ભુજ ફ્રુટ બજાર** | |
| **૪૦ કિલોના ભાવ** | | કોબી દેશી | ૪-૮ | કેળા કાચા | ૫-૧૮ |
| એરંડા | ૨૫૦૦-૨૫૮૫ | કોબી | ૧૧-૧૫ | કેળા પાકા | ૨૦-૩૦ |
| જીરૂ | ૫૬૦૦-૭૪૦૦ | ફુલાવર | ૧૫-૨૫ | પપૈયા કાચા | ૫-૧૦ |
| મગફળી | ૩૧૧૧ | ફુલાવર દેશી | ૨૫-૩૫ | પપૈયા પાકા | ૧૨-૧૫ |
| તલ | ૩૮૦૦-૪૫૩૫ | વટાણા | ૫૦-૮૦ | જામફળ | ૪૦-૬૦ |
| **રાપર માર્કેટ યાર્ડ** | | ધાણા | ૪૦-૫૫ | ચીકુ | ૨૦-૩૦ |
| જીરૂ | ૩૦૦૦-૩૪૬૧ | ભીંડા | ૧૦-૨૫ | શક્કરટેટી | ૧૫-૪૦ |
| મગ | ૧૫૦૦ | કાકડી કાળી | ૭-૧૫ | ફણસી | ૮૦-૧૧૦ |
| મેથી | ૯૭૧ | કાકડી સફેદ | ૬-૧૪ | દાડમ | ૩૦-૬૫ |
| અજમો | ૧૮૫૨ | કાકડી ખીરા | ૧૩-૩૫ | કલીંગર | ૧૦-૨૦ |
| ગોવાર | ૯૭૧ | પાલક | ૧૦-૧૫ | કાચી કેરી | ૫-૨૦ |
| વરિયાળી | ૯૦૦-૧૪૯૮ | લસણ સુકું | ૬૦-૧૪૦ | કેસર કેરી | ૨૦-૭૦ |
| **ભચાઉ માર્કેટ યાર્ડ** | | લીંબુ | ૪૦-૬૦ | રાજાપુરી કેરી | ૧૫-૨૫ |
| એરંડા | ૧૨૬૮-૧૨૯૫ | પીત્તાઈ ગાજર કેશરી | ૧૫-૩૦ | | |

# મ્યુઝિકલ સંસ્થાઓ દ્વારા માનસિક દિવ્યાંગો અને વૃદ્ધોને ભોજન કરાવાયું



ભુજ - કચ્છઉદય : સુર આરાધના મ્યુઝિકલ ગ્રુપ તથા મિલે સુર હમારા મ્યુઝીકલ ગ્રુપ દ્વારા પાલારા મધ્યે માનવ જ્યોત સંસ્થા દ્વારા સંચાલિત રામદેવ સેવાશ્રમ પાલારા કચ્છનાં માનસિક દિવ્યાંગ તથા એકલા અટુલા નિરાધાર વૃદ્ધોને ભોજન કરાવવામાં આવેલ તથા રોકડ અનુદાન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું આયોજન બંને ગ્રુપના પ્રમુખ પૂજાબેન અયાચીએ કર્યું હતું. સલાહકારો ઝવેરીલાલભાઈ સોનેજી તથા રસિકભાઈ મકવાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમજ બંને સંસ્થાના સભ્યો કિશનભાઈ કટ્ટા, મીનલબેન વ્યાસ, રક્ષાબેન ઠાકર, લીનાબેન ડાભી, સરોજબેન શુક્લા, નિશાબેન મહેતા, વર્ષાબેન ડાભી, ભારતીબેન સોની અને લીલાવંતીબેન ઠક્કર હાજર રહ્યા હતા. માનવ સેવા અને જીવદયા કાર્યો સાથે સમાજ ઉપયોગી કાર્ય થઈ શકે એનું ઉદાહરણ આ બંને સંસ્થાઓએ પૂરું પાડ્યું હતું. અંતમાં પ્રબોધભાઈ મુનવરે માનવજ્યોત સંસ્થાનો પરિચય આપી બંને ગ્રુપોનો આભાર માન્યો હતો.

બંને સંસ્થાઓએ રામદેવ સેવાશ્રમ તથા એલ.એમ.ભક્તા વડિલોનો વિસામોની મુલાકાત લઈ ખુશી વ્યક્ત કરી હતી. વ્યવસ્થા મંત્રી જીતેન્દ્ર ઠક્કર અને ખજાનચી ભગીરથભાઈ ધોળકિયાએ સંભાળી હતી.

# મુન્દ્રામાં બિનઇરાદપૂર્વકની હત્યાના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

મુન્દ્રા - કચ્છઉદય : મુન્દ્રાના ચકચારી કેસમાં સેશન્સ કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કરી મોટી રાહત આપી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદીએ તા. ૧/૪/૨૩ ના રોજ પ્રકાશભાઈ ઘનશ્યામભાઈ અખાણી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપી પ્રકાશભાઈ પીજીવીસીએલ મુન્દ્રામાં નવા મીટર લગાવવાના કોન્ટ્રાક્ટનું કામ કરતા હતા અને તેમણે આ કામ માટે માણશીભાઈ મૂળજીભાઈ ગઢવીને રાખ્યા હતા. આ કેસમાં આરોપ એવો હતો કે, આરોપીએ મીટર લગાવવા માટે જરૂરી સુરક્ષાના સાધનો કે મદદ માટે હેલ્પર પૂરા પાડ્યા ન હતા અને વીજ પ્રવાહ બંધ કરાવ્યા વગર જ કામ સોંપ્યું હતું, જેને કારણે શોર્ટ સર્કિટ થતા માણશીભાઈનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. આ મામલે ગુનો નોંધી તપાસ પૂર્ણ થયા બાદ ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું. કેસના સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષ દ્વારા ૧૧ સાક્ષીઓ અને ૩૦ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ સેશન્સ જજે આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ મુક્ત કરવાનો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી વકીલ એમ.એ. ખોજા, એસ.જી. માંજોઠી, કે.આઈ. સમા, વી.કે. સાધ, ડી.સી. ઠક્કર, ગૌતમ મહેશ્વરી અને અભિજિત બુધ્ધભટ્ટી હાજર રહ્યા હતા.

## કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સમાજ ના પ્રમુખ શ્રી વિરેન્દ્રસિંહ બી જાડેજાની અધ્યક્ષસ્થાને

# શક્તિ ધામ ભુજ ખાતે શ્રી ક્ષત્રિય રાજપૂત સેવા સંગઠન કચ્છ દ્વારા પ્રથમ વાર્ષિક હિસાબ મિટિંગ યોજાઈ



ભુજ - કચ્છઉદય : આજરોજ શક્તિ ઘામ ભુજ ખાતે શ્રી ક્ષત્રિય રાજપૂત સેવા સંગઠન કચ્છ દ્વારા પ્રથમ વાર્ષિક હિસાબ મિટિંગ યોજાઈ રાપરના ધારાસભ્ય અને કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સમાજ ના પ્રમુખ ની અધ્યક્ષ સ્થાને મિટિંગ યોજાઈ જેમાં પુર્વ પ્રમુખ કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સમાજ જોરાવરસિંહ રાઠોડ પ્રમુખ શ્રી ગુજરાત સંકલન સમિતિ મહીલા પાખ ના પ્રમુખ ચેતનાબા પી જાડેજા કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સમાજ મહામંત્રી રામદેવ સિંહ જાડેજા કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સમાજ યુવા સભા ના પ્રમુખ ગજેન્દ્ર સિંહ જાડેજા રાજપૂત ક્ષત્રિય કન્યા છાત્રાલય ના ચેરમેન પરાક્રમસિંહ જાડેજા કચ્છ જિલ્લા રાજપૂત કરણી સેના પ્રમુખ માઘુભા એમ જાડેજા ભુજ શહેર રાજપૂત ક્ષત્રિય સમાજ ના પ્રમુખ અમરસિંહ સોઢા મહામંત્રી કચ્છ જિલ્લા ભાજપ પ્રફુલ્લ સિંહ જાડેજા મહાવિર સિંહ ભાણજીભા જાડેજા ચેરમેન રાજપૂત ક્ષત્રિય સમાજ મેડિકલ એન્ડ એજયુકેશન તેમજ શક્તિ ઘામ ભુજ ટ્રસ્ટી ગણ કાર્યકરો આગેવાનો દાતાશ્રીઓ ભુજ ખાતે રહેતા સમાજ ના આગેવાનો અને કાર્યકરો નામ ન લખી શકાય એટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા જેથી બઘાના નામ લખી શકાય તેમ નથી માટે સહકાર આપ્યો તે બદલ કાર્યકરો એ આભાર વ્યક્ત કર્યો દાતાશ્રીઓ ના સહકાર થી ઉપરોક્ત સંગઠન હાલમાં દર મહિને ૫૫ પરીવાર ને દર મહિને રાસની કીટ ઘરબેઠા પોચાડેશે જે એક ભગીરથ કાર્ય છે આજરોજ પણ અનેક દાતાશ્રીઓ એ દાનની જાહેરાત કરી હતી અને જરૂર પડે આગામી દિવસોમાં દાન આપવામાં આવશે આજરોજ શક્તિ ઘામ ભુજ સભાખંડ ભરચક જેવા મળ્યો હતો સમાજના સહકારથી કોઈ પણ કામ અટકતું નથી દરેક વક્તાઓએ આ કાયને બીરદાવયુ હતું

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા




સાઈટ એડ્રેસ : સર્વે નં 556, કેસરબાગ ચોકડી પાસે નવાવાસ માધાપર.

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં
મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા



કુલદીપસિંહ દાદુભા ચૌહાણ (LLB)
કારોબારી ચેરમેનશ્રી, ભુજ તાલુકા પંચાયત



સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
દેવાયત એન. બારોટ B.A.LL.B., (Advocate)
ખીમરાજ એન. ગઢવી B.A.LL.B., (Advocate)
એડવોકેટ્સ-ગુજરાત હાઈકોર્ટ
ઓઘવધામ એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, હોટલ વિરામની સામે, જયુબિલી ગ્રાઉન્ડની બાજુમાં, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં
મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
દેશલપર ગ્રામ પંચાયત (તા.ભુજ-કચ્છ)
સરપંચશ્રી :- જયશ્રીબેન પરષોતમભાઇ વાસાણી
ઉપસરપંચશ્રી :- ચેતનભાઇ ગંગારામભાઇ માવાણી
તલાટી-સહમંત્રીશ્રી :- વી.એમ.ચાવડા
તથા સમસ્ત સદસ્ય ગણ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં
મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી કચ્છી માડુના હેતાળ હૈયામાં 'ઘર' બનાવનાર 'કચ્છઉદય'ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા....
એક શુભેચ્છક - UR

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે
ખૂબ ખૂબ શુભેચ્છા...
ઈન્સ્યોરન્સ પોઈન્ટ
ભુજ-કચ્છ.

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં
મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે
ખૂબ ખૂબ શુભેચ્છા...
આદિલ જુસબ જત
નગરસેવક, વોર્ડ નં. ૫,
ભુજ નગરપાલિકા, ભુજ-કચ્છ.

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



ફકીરમામદ કુંભાર
નગરસેવક, ભુજ નગરપાલિકા

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે
ખૂબ ખૂબ શુભેચ્છા...
જલારામ ભકત

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં
મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



રફીક મારા
પ્રમુખશ્રી,
અખિલ કચ્છ મુસ્લિમ કુંભાર સમાજ
પૂર્વ મહામંત્રીશ્રી,
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં
મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી કચ્છી માડુના હેતાળ હૈયામાં 'ઘર' બનાવનાર 'કચ્છઉદય'ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા....




Mo.+919998131550 Mo.+919824224786
Nr. Ashapura Ring Road, Opp. Gopal Chikkiwala, Danda Bazar, Bhuj-Kachchh. Pin 370 001 (Gujarat), Ph. : 02832 225044

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે
ખૂબ ખૂબ શુભેચ્છા...



જગત (જલ્ધી) વ્યાસ
નગરસેવક, ભુજ નગરપાલિકા
(ભુજ-કચ્છ)

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે
ખૂબ ખૂબ શુભેચ્છા...
એક શુભેચ્છક - CM

ઓછી આંચે રસોઈ રાંધો-ગેસની મોટી બચત સાંધો
રસોઈ રાંધવામાં પ્રેસર કુકરનો કરો ઉપયોગ

કચ્છ ઉદય
ગાંધીધામ
તા.૦૩-૦૬-૨૦૨૬

# પશ્ચિમ કચ્છમાં ૮૦ જેટલા શંકાસ્પદ બાંગ્લાદેશીની પુછપરછ કરાઈ



**અત્યાર સુધીમાં સાત જેટલા બાંગ્લાદેશી નાગરીક ગેરકાયદે રહેતા હોવાનું સામે આવ્યું : ૧૫ ટીમો દ્વારા તપાસ કરાઈ**



ભુજ-કચ્છઉદય: ગુજરાતમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા બાંગ્લાદેશી નાગરિકોને શોધી કાઢવા માટે પોલીસે ઝુંબેશ હાથ ધરી છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરતની સાથે કચ્છમાં પણ આ કાર્યવાહી કરવામાં આવી છે. પશ્ચિમ કચ્છમાં ૮૦ જેટલા શંકાસ્પદ બાંગ્લાદેશીઓની અટક કરી પુછપરછ કરવામાં આવી રહી છે. જેમાં સાત જેટલા બાંગ્લાદેશી નાગરીક ગેરકાયદે રહેતા હોવાનું સામે આવ્યું હતું. સમગ્ર રાજયમાં એકસાથે લેવાયેલા આ એક્શનથી ગેરકાયદેસર ઘૂસણખોરી કરીને રહેતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસ હાલ આ તમામ લોકોના સ્થાનિક કનેક્શન અને બોગસ દસ્તાવેજો બનાવનારા નેટવર્ક સુધી પહોંચવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ બાબતે જાણકાર સુત્રોના જણાવ્યા પ્રમાણે પશ્ચિમ કચ્છ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ માટે અલગ અલગ ૧૫ ટીમો બનાવાઈ છે. તપાસ દરમ્યાન ૮૦ જેટલા નાગરીક શંકાસ્પદ જણાતા અટક કરી પુછપરછ કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં સાત જેટલા બાંગ્લાદેશી નાગરીકની ઓળખ થઈ છે. ખાસ કરીને ખાવડા વિસ્તારમાં વધુ શંકાસ્પદ નાગરીકો પકડાયા હોવાનું સુત્રો જણાવે છે. હાલ અલગ અલગ પોલીસ સ્ટેશન દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. જેથી આ આંકડો વધે તેવી શક્યતા છે. પશ્ચિમ કચ્છ એસપી વિકાસ સુંડાએ જણાવ્યું કે, હાલ શંકાસ્પદ નાગરીકોની પુછપરછ કરાઈ રહી છે. અટકાયતમાં લેવાયેલા લોકોના દસ્તાવેજો, રહેઠાણ, નાગરીકતાની તપાસ કરવામાં આવી રહી છે.

# TMCમાં બે ફાડ?: બે બળવાખોર વિધાનસભ્યો વિધાનસભા પહોંચ્યા

કોલકાતા: પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં થયેલી કારમી હાર બાદ મમતા બેનર્જીની પાર્ટી મોટા રાજકીય સંકટમાંથી પસાર થઈ રહી છે. પાર્ટીમાં ફૂટ પડવાની અટકળો વધુ તેજ બની છે. અહેવાલ મુજબ TMCમાંથી હકાલપટ્ટી કરાયેલા ધારાસભ્ય ઋતબ્રત બેનર્જી ૫૯ ધારાસભ્યોના હસ્તાક્ષર સાથે વિધાનસભા પહોંચ્યા છે અને ટૂંક સમયમાં અલગ TMC જૂથ બનાવવાનો દાવો કરી રહ્યા છે.

એવી પણ માહિતી મળી રહી છે કે એક પછી એક તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્યો વિધાનસભા પહોંચી રહ્યા છે, જોકે હજી સુધી કોઈ ખુલ્લેઆમ આ અંગે બોલવા તૈયાર નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર TMCના બે બળવાખોર ધારાસભ્યો ઋતબ્રત બેનર્જી અને સંદીપન સાહાએ પોતાને ''અસલી TMC''ના પ્રતિનિધિ ગણાવતાં દાવો કર્યો છે કે તેમની પાસે ૫૯ ધારાસભ્યોના હસ્તાક્ષર છે. મમતા બેનર્જીએ તાજેતરમાં જ ઋતબ્રત બેનર્જીને પાર્ટીમાંથી બહાર કર્યા હતા.ઉલ્લેખનીય છે કે તાજેતરની ચૂંટણીમાં TMCના ૮૦ ધારાસભ્યો ચૂંટાઈ આવ્યા હતા. પક્ષમાં કાયદેસર ફૂટ માન્ય થવા માટે ઓછામાં ઓછા ૫૪ ધારાસભ્યોનું સમર્થન જરૂરી ગણાય છે. આ રીતે જો ૫૯ ધારાસભ્યો અલગ જૂથ બનાવી મમતા બેનર્જીથી અલગ થઈ જાય, તો તેમના પર દલબદલવિરોધી કાયદો લાગુ નહીં થાય અને તેમનાં ધારાસભ્યપદ પણ યથાવત રહી શકે છે.ભાજપના ધારાસભ્ય તપસ રોયે અગાઉ પણ TMCની અંદર વધતા અસંતોષ અંગે મોટો દાવો કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે મુખ્ય મંત્રી મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળની TMC ધીમે-ધીમે વિભાજન તરફ આગળ વધી રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે જો પાર્ટીમાં ફૂટ પડશે તો પશ્ચિમ બંગાળમાં પણ વર્ષ ૨૦૨૨માં મહારાષ્ટ્રમાં સર્જાયેલી રાજકીય ઊથલપાથલ જેવી સ્થિતિ જોવા મળી શકે છે.

**ગુજરાત પોલીસની નવતર પહેલ**

# પોલીસ ભવન ખાતે શરૂ કરાયેલું 'જનસંપર્ક કેન્દ્ર' નાગરિકો માટે બન્યું વિશ્વાસનું નવું સરનામું





ગાંધીનગર: રાજ્યના નાગરિકો અને પોલીસ તંત્ર વચ્ચે વિશ્વાસ અને પારદર્શિતા વધારવાના હેતુથી પોલીસ ભવન ખાતે ''જનસંપર્ક કેન્દ્ર''શરૂ કરવામાં આવ્યું છે. રાજ્યના પોલીસ વડા ડો. કે. એલ. એન રાવના માર્ગદર્શનમાં આ કાર્યાલય હેઠળ નાગરિકોની ફરિયાદો, અરજીઓ તથા પ્રશ્નોના યોગ્ય અને ન્યાયસંગત નિરાકરણ સમયસર લાવવામાં આવે છે. આજે રાજ્યના પોલીસ વડાશ્રીએ આ કેન્દ્રની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી. પોલીસ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલી આ વ્યવસ્થા આજે નાગરીકો માટે ન્યાય મેળવવાનું સુવ્યવસ્થિત અને સક્ષમ માધ્યમ બન્યુ છે. આ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક અરજદારને સન્માન સાથે સાંભળવાનો, જિલ્લા કે શહેર સ્તરની પોલીસ કચેરીઓ સાથે સંકલન સાધી સમયમર્યાદા આધારિત પારદર્શક નિરાકરણ લાવવાનો છે. આ વ્યવસ્થાથી અરજીઓ પર થતી કાર્યવાહીનો વિલંબ નાબૂદ અને પોલીસ પ્રત્યેનો જનવિશ્વાસ વધુ મજબૂત બન્યો છે. રાજ્યના પોલીસ વડા ડૉ. કે. એલ. એન રાવે જણાવ્યું હતું કે, જનસંપર્ક કાર્યાલય એ માત્ર નાગરિકોની અરજીઓ સ્વીકારવાનું કેન્દ્ર નથી. તે ગુજરાત પોલીસની 'સુરક્ષા, સેવા અને વિશ્વાસ'ની ભાવનાને ઉજાગર કરવાનું સક્ષમ માધ્યમ છે. કચેરીના ૫ ગથિયાં ચઢતો દરેક સામાન્ય અને ગરીબ માણસ અહીંથી ન્યાયની આશા અને સંતોષ સાથે પાછો ફરે તે અમારી પ્રાથમિકતા છે. જન સંપર્ક કાર્યાલય ખાતે આવતી અરજીઓને પ્રાધાન્ય આપી ત્વરિત ઉકેલ લાવવા માટે જિલ્લા કક્ષાએ પણ સુચના આપવામાં આવી છે. અગાઉ નાગરિકોએ પોતાની રજૂઆત માટે અલગ-અલગ કચેરીઓના ચક્કર કાપવા પડતા હતા. હવે આ સિંગલ-વિન્ડો જેવી પારદર્શક વ્યવસ્થાથી સમયસર ફરિયાદ નિવારણ શક્ય બન્યું છે. તો આવો આ જનસંપર્ક કેન્દ્રની સમગ્ર કાર્યપદ્ધતિની સમજીએ:

કેન્દ્ર પર આવતા દરેક નાગરિકની વિગતો રિસેપ્શન ડેસ્ક પર નોંધવામાં આવે છે. તેમને સુનાવણી માટે અનુકૂળ તેમજ તણાવમુક્ત વાતાવરણ પૂરું પાડવામાં આવે છે.

## રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગમાં ૪૧૫ યુવા કર્મયોગીઓનો નવો વર્ક ફોર્સ જોડાયો

ગાંધીનગર : રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગમાં નવી નિમણૂંક મેળવી રહેલા યુવાઓને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં યોજાયેલા સાદગી પૂર્ણ છતાં ગૌરવશાળી સમારોહમાં નિમણૂંક પત્રો એનાયત કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં દેશવાસીઓને કરેલી અપિલનો પ્રતિસાદ આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણાથી આ નિમણૂંક પત્ર વિતરણ અન્વયે ગાંધીનગરમાં પ્રતિક રૂપે ૨૧ યુવાઓને નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્રતયા રાજ્યભરના ૪૧૫ યુવાઓ ખેતી મદદનીશ તરીકે પસંદગી પામ્યા છે તેમને ઈ-મેઈલ દ્વારા નિમણૂંક પત્રો પહોંચાડવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારમાં નવા જોડાઈ રહેલા આ યુવા વર્કફોર્સને પ્રેરણા આપતા કહ્યું કે, વર્તમાન વૈશ્વિક સ્થિતિમાં આત્મનિર્ભરતા માટે ખાતરનો ઓછો ઉપયોગ અને પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતોને વાળીને અનેક લોકોને સ્વાસ્થ પ્રદ જીવનનો મોટો લાભ આપવાની ઈશ્વરીય તક તમને મળી છે.

# કાલાપાણીથી બુધ્ધુ બંદર સુધીના દરિયાકાંઠે મરીન પોલીસનું સઘન કોસ્ટલ પેટ્રોલિંગ



ભુજ - કચ્છઉદય : રાજ્યના દરિયાકાંઠાની સુરક્ષા વધુ મજબૂત બનાવવા અને આતંકવાદી પ્રવૃત્તિઓ, દાણચોરી, ડ્રગ્સની હેરાફેરી તેમજ શંકાસ્પદ હિલચાલ પર નિયંત્રણ રાખવા માટે કચ્છના કોટેશ્વર મરીન સેક્ટર દ્વારા સઘન કોસ્ટલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્મા અને નાયબ પોલીસ મહાનિરિક્ષક (દરિયાઈ સુરક્ષા) એ.એમ. મુનિયાના માર્ગદર્શન તેમજ પોલીસ અધિક્ષક અને મરીન સેક્ટર કમાન્ડર એસ. જે. પરમારની સૂચના અનુસાર નાયબ પોલીસ અધિક્ષક બી.કે. ઝાલા, પી.આઈ. આર.ડી. ઝાલા, પી.એસ.આઈ. અને મરીન કમાન્ડોની ટીમ દ્વારા તા. ૩ જૂને કાલાપાણીથી બુધ્ધુ બંદર વિસ્તાર સુધી ૫ કિલોમીટરથી વધુ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું પેટ્રોલિંગ દરમિયાન મરીન કમાન્ડોની અલગ-અલગ ટીમોએ શંકાસ્પદ ઈસમો, વાહનો, બોટો તેમજ અવાવરુ સ્થળોની તપાસ કરી હતી. સાથે જ દરિયાકાંઠા વિસ્તારમાં કોઈ શંકાસ્પદ વસ્તુ, ડ્રગ્સના પેકેટ, બેગ, ડ્રોન અથવા અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અંગે સતર્ક નજર રાખવામાં આવી હતી. મરીન પોલીસના આ અભિયાનનો મુખ્ય હેતુ દરિયાકાંઠાની સુરક્ષા સુનિશ્ચિત કરી દેશવિરોધી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અટકાવવાનો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

# ભારત-ન્યૂઝીલેન્ડ શ્રેણીનું શેડ્યૂલ જાહેર, ૭ વર્ષ બાદ રમાશે ૫ ODI, વર્લ્ડ કપ ૨૦૨૭ની તૈયારી શરૂ

નવીદિલ્હી : ભારતીય ક્રિકેટ ટીમના ન્યૂઝીલેન્ડ પ્રવાસનું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. શ્રેણીની શરૂઆત પાંચ મેચની ટી૨૦આંતરરાષ્ટ્રીય મેચોથી થશે. ત્યારબાદ પાંચ મેચની વનડે શ્રેણી પણ રમાશે. અંતે, બે ટેસ્ટ મેચ રમાશે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ દ્વારા સંપૂર્ણ શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. નોંધપાત્ર રીતે, લગભગ સાત વર્ષના અંતરાલ પછી, ભારતીય ટીમ વિદેશ પ્રવાસ પર પાંચ વનડે મેચ રમશે.

છેલ્લા ઘણા વર્ષોથી, ટીમ ઈન્ડિયાએ મહત્તમ ત્રણ વનડે રમી છે. જ્યારે પણ ICC અથવા ACC ટુર્નામેન્ટ હોય છે, ત્યારે ટીમ સતત વનડે રમે છે. જોકે, આ ન્યૂઝીલેન્ડ શ્રેણીમાં સતત પાંચ વનડે મેચ રમાશે. રસપ્રદ વાત એ છે કે, ૨૦૧૯ માં, ટીમ ઈન્ડિયાએ ન્યૂઝીલેન્ડ સામે પાંચ મેચની વનડે શ્રેણી રમી હતી, જ્યારે વિરાટ કોહલી કેપ્ટન હતો. તે સમયે, ભારતે શ્રેણીના ચાર મેચ જીત્યા હતા અને શ્રેણી ૪-૧ થી જીતી હતી.૨૦૧૯માં પાંચ મેચની ODI શ્રેણી દરમિયાન, વિરાટ કોહલીની કેપ્ટનશીપ હેઠળ રોહિત શર્માએ શાનદાર બેટિંગ કરી. તેણે ૨૦૦ થી વધુ રન બનાવ્યા. ઝડપી બોલર મોહમ્મદ શમીએ તેની ઉત્તમ બોલિંગને કારણે પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ જીત્યો. હવે, T૨૦ લીગ સતત રમાઈ રહી છે. ICC ટુર્નામેન્ટની સંખ્યા પણ વધી છે, તેથી દ્વિપક્ષીય શ્રેણી ત્રણ મેચથી વધુ ન હોવી જોઈએ.આ શ્રેણી મહત્વપૂર્ણ રહેશે કારણ કે ICC ODI વર્લ્ડ કપ આવતા વર્ષે ઓક્ટોબરથી નવેમ્બર દરમિયાન દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં રમાશે. ટીમ પાસે તેની શક્તિ અને નબળાઈઓને ઓળખવાની અને કોઈપણ ખામીઓને સુધારવાની તક હશે. ખેલાડીઓ પાસે ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે ટીમમાં પોતાનું સ્થાન મજબૂત કરવાની તક પણ હશે. આશા છે કે, વિરાટ કોહલી અને રોહિત શર્મા ત્યાં સુધી ભારત માટે ODI રમવાનું ચાલુ રાખશે. જો આવું થાય, તો ધ્યાન આ બે ખેલાડીઓ પર રહેશે.

# મોંઘવારી કંટ્રોલ ગુમાવશે! પેટ્રોલ અને ડીઝલના ભાવ હજુ પણ વધી શકે!

નવીદિલ્હી : પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં વધારાથી અર્થતંત્ર પર ફુગાવા જન્ય દબાણ વધવાની આશંકા છે, જેનાથી આવનારા મહિનાઓમાં પરિવહન અને ઉત્પાદન ખર્ચ વધી શકે છે અને સામાન્ય વપરાશની વસ્તુઓ મોંઘી થઈ શકે છે. રેટિંગ એજન્સી ક્રિસિલે મંગળવારે જાહેર કરેલા અહેવાલમાં આ અંદાજ વ્યક્ત કર્યો છે. સાથે જ આવનાર દિવસોમાં પેટ્રોલ ડીઝલના ભાવમાં હજુ પણ વધારો થઈ શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ૧૫ મે પછીથી પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં આશરે ૭.૫ રૂપિયા પ્રતિ લીટરનો વધારો થઈ ચૂક્યો છે અને જો ક્રૂડ ઓઈલના ભાવ ઊંચા સ્તરે જળવાઈ રહેશે, તો આ વધારો નજીકના ભવિષ્યમાં ૧૦ રૂપિયા પ્રતિ લીટર સુધી પહોંચી શકે છે એટલે કે હજુ પણ ઈંધણમાં ૩ રૂપિયા આસપાસના ભાવ વધે તેવું અનુમાન છે. ક્રિસિલે જણાવ્યું કે, જો આવું થાય તો તેની અસર સમગ્ર અર્થતંત્રમાં પરિવહન ખર્ચમાં વધારા દ્વારા જોવા મળશે, જેનાથી ખાદ્યપદાર્થો અને અન્ય વસ્તુઓ બંનેની મોંઘવારી વધશે.

અહેવાલ મુજબ, ઈંધણની કિંમતોમાં વધારાની સીધી અસર મોંઘવારી પર પડશે. ઈંધણની કિંમતોમાં ૭.૫ રૂપિયા પ્રતિ લીટરના વધારાથી છૂટક મોંઘવારી આશરે ૦.૩૬ ટકા વધી શકે છે. જો ઈંધણની કિંમતો ૧૦ રૂપિયા પ્રતિ લીટર સુધી વધી જાય છે, તો છૂટક મોંઘવારીમાં આશરે ૦.૪૮ ટકાનો વધારો થઈ શકે છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ઈંધણના ભાવ વધવાની સૌથી વધુ અસર માર્ગ પરિવહન પર પડશે કારણ કે તેના ખર્ચનો લગભગ ૪૨ ટકા હિસ્સો ઈંધણ પર નિર્ભર છે. જેનાથી માલસામાનની હેરફેર મોંઘી થઈ જશે અને તેની અસર રોજિંદી વસ્તુઓની કિંમતો પર પડશે. દેશમાં આશરે ૭૧ ટકા માલસામાનની હેરફેર માર્ગ પરિવહન દ્વારા જ થાય છે.ક્રિસિલના જણાવ્યા અનુસાર, પરિવહન ખર્ચ વધવાથી દૂધ, ફળ, કઠોળ, ચા-કોફી, મસાલા અને માછલી જેવા ખાદ્ય ઉત્પાદનોની કિંમતોમાં વધારો આવી શકે છે કારણ કે આ મોટા પાયે પરિવહન નેટવર્ક પર નિર્ભર છે. રિપોર્ટ કહે છે કે કાપડ, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ, લાકડાના ઉત્પાદનો, સિમેન્ટ અને સિરામિક્સ જેવા ક્ષેત્રોમાં પણ ખર્ચ વધશે. રસાયણ, કોલસો અને ધાતુ ક્ષેત્ર પણ મોંઘવારીની ઝપેટમાં આવશે. આવી સ્થિતિમાં કંપનીઓ ખર્ચનો બોજ ગ્રાહકો પર નાખી શકે છે અથવા ઉત્પાદનના જથ્થામાં કાપ મૂકી શકે છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં જીએસટી દરોમાં કરવામાં આવેલા કાપથી થોડી રાહત મળી શકે છે, પરંતુ ઊંચા ઊર્જા ખર્ચની અસરને તે સંપૂર્ણપણે સંતુલિત કરી શકશે નહીં. રિપોર્ટ અનુસાર, ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ બે મહિનામાં ક્રૂડ ઓઈલની સરેરાશ કિંમત ૧૧૨ ડોલર પ્રતિ બેરલ રહી છે, જે સમગ્ર વર્ષના અંદાજિત ૯૫ ડોલર પ્રતિ બેરલ કરતા વધારે છે.

# આગામી ૫ વર્ષમાં ભારતમાં આ પ્રકારના સ્કિલ્ડ લોકોની ભારે અછત વર્તાશે, વિદેશમાં વધી માગ

નવીદિલ્હી : યુરોપ અને અન્ય વિક્સિત દેશોમાં વૃદ્ધોની વસ્તી વધી રહી છે અને જન્મદર ઘટી રહ્યો છે જેને કારણે પ્લમ્બર્સ, ઈલેક્ટ્રિશ્યન્સ, સુથાર અને નર્સોની વધી રહેલી માંગ પુરી કરવા આ દેશો આ કામદારોની ભારતમાંથી આક્રમક ધોરણે ભરતી કરવા માંડશે તો આગામી પાંચ વર્ષમાં ભારતમાં પણ તેમની તંગી સર્જાશે તેવી કેનેડા સ્થિત માઈક્રો ટ્રેન્ડસ રિસર્ચ ફર્મ પાઈન ટ્રીના સ્થાપક રિતેશ જૈને આગાહી કરી હતી. જૈને જણાવ્યું હતું કે દુનિયામાં વ્હાઈટ કોલર જોબ કરનારા ખૂબ છે પણ બ્લુ કોલર જોબ કરનારાની તંગી છે.જે દુનિયામાં શ્રમ બજારમાં પ્રવર્તતા સૌથી મોટા અસંતુલનને દર્શાવે છે. યુનાઈટેડ નેશન્સના વરતારા અનુસાર ૧૯૭૦ના દાયકાથી દુનિયામાં ૬૫ વર્ષ અને તેથી વધુ વયના લોકોની વસ્તી લગભગ બમણી થઈ ગઈ છે અને તે ૨૦૭૦માં ફરી બમણી થઈ જવાના માર્ગે છે. યુએન પોપ્યુલેશન ફંડના અંદાજ અનુસાર દુનિયાની ૬૦ ટકા વસ્તી એવા દેશોમાં વસે છે જ્યાં વસ્તીને સ્થિર રાખવા માટે જરૂરી રિપ્લેસમેન્ટ દર ઘટી રહેલી ફળદ્રુપતાને કારણે જળવાતો નથી. ઘણાં દેશોમાં બેરોજગારીનું પ્રમાણ સાવ ઘટી ગયું છે છતાં બાંધકામ કામદારો, મિકેનિક્સ, ઈલેક્ટ્રિશ્યન્સ, દર્દીની સંભાળ રાખનારાં અને માલસામાનની હેરફેર કરનારા મજૂરો મળતાં નથી. આ ક્ષેત્રોમાં જુના કામદારો નિવૃત્ત થાય છે પણ તેમના સ્થાને નવા કામદારો આવતાં નથી. ૨૦૨૪માં જર્મનીમાં ૮૦ ટકા કરતાં વધારે એમ્પ્લોયર્સને આવા કામદારો શોધવામાં તકલીફ પડી હતી.

## પહેલા પાનાથી...

**રાજયમાં ઘુસણખોરો**

અને ખોડિયારનગર જેવા સંવેદનશીલ અને શંકાસ્પદ વિસ્તારોને પોલીસે કોર્ડન કરી લીધા હતા. ઉચ્ચ પોલીસ અધિકારીઓ કાફલા સાથે મેદાનમાં ઉતર્યા હતા અને દરેક શંકાસ્પદ સ્થળો પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ મેગા ઓપરેશન અંતર્ગત કસ્ટડીમાં લેવાયેલા તમામ ૧૦૦ શંકાસ્પદ લોકોને તાત્કાલિક ધોરણે ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે લાવવામાં આવ્યા છે. અહીં તેમની ઓળખ અને નાગરિકતાની ખાતરી કરવા માટે તેમના રહેઠાણના પુરાવા અને ઓળખપત્રોની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી રહી છે. જે લોકો પાસે સત્તાવાર ભારતીય નાગરિકતાના માન્ય દસ્તાવેજો નહીં મળી આવે, તેમની સામે કાયદાકીય કલમો હેઠળ કડક ગુનો નોંધી આગળની કાર્યવાહી કરવામાં આવશે. ગેરકાયદેસર વસવાટ કરતા તત્વોમાં ભારે ફફડાટ પોલીસના તમામ ઝોન સક્રિય થતાં જ શહેરમાં ગેરકાયદેસર વસવાટ કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસ આગામી દિવસોમાં પણ આ પ્રકારનું સર્ચ ઓપરેશન ચાલુ રાખશે તેવા સંકેતો મળી રહ્યા છે. વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે જો તેમની આસપાસ કોઈ શંકાસ્પદ વ્યક્તિ જોવા મળે તો તુરંત પોલીસને જાણ કરે.

**પ્રિ મોનસુન કામગીરીની**

તમામ વિભાગોને પેટ્રોલ અને ડીઝલના ખર્ચમાં ઘટાડો કરવા અને બિનજરૂરી ઉપયોગ ન કરવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર દ્વારા આગામી સમયમાં હાથ ધરવામાં આવનારા વિવિધ કાર્યક્રમો અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવશે. રાજ્યમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થનારો છે ત્યારે રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં તેમજ માધ્યમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ સંદર્ભે પણ ચર્ચા વિચારણા કરીને કાર્યક્રમના આયોજન અંગે પણ નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત રાજ્યમાં કૃષિ મેળા સંદર્ભે પણ ચર્ચા વિચારણા કરીને કાર્યક્રમ કરવા અંગે નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા હોય તેમના સુરત અને દમણના કાર્યક્રમોના આયોજન સંદર્ભે પણ ચર્ચાઓ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

**અમેરિકાનો ભારત**

અન્ય સ્પર્ધક દેશોની તુલનામાં અમેરિકન બજારમાં ટેરિફની બાબતમાં સમાન તક મળે. જો બંને દેશો વચ્ચેની આ વાતચીત સકારાત્મક રહે અને ''નિષ્પક્ષ, સંતુલિત અને ન્યાયસંગત'' શરતો નક્કી થાય, તો જ વ્યાપાર કરારના માર્ગમાં આવતી અડચણો દૂર થઈ શકે છે. આ બેઠકો પછી અમેરિકન ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીરના ભારત પ્રવાસની પણ સંભાવના છે, જે આ મુદ્દે વધુ સ્પષ્ટતા કરી શકે છે. સેક્શન ૩૦૧ એ અમેરિકાના 'ટ્રેડ એક્ટ'નું એક ખૂબ જ મહત્વનું અને પ્રભાવશાળી પાસું છે. આ કાયદો જીઈ ને એવી સત્તા આપે છે કે તે કોઈપણ દેશની વ્યાપાર નીતિઓ, નિયમો કે વ્યવહારની સઘન તપાસ કરી શકે છે. જો તપાસમાં એવું સાબિત થાય કે સામેના દેશની નીતિઓ અમેરિકી વ્યાપાર માટે ભેદભાવપૂર્ણ, અનુચિત કે નુકસાનકારક છે, તો અમેરિકા એકતરફી કાર્યવાહી કરી શકે છે. આ કાર્યવાહીમાં વધારાના ટેરિફ લગાવવા, ચોક્કસ વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવો અથવા વ્યાપારિક પ્રતિબંધો જેવા પગલાં સામેલ છે. ભારત લાંબા સમયથી આ સેક્શનના દાયરામાંથી બહાર આવવા માટે પ્રયત્નશીલ છે.

**કમલમ ખાતે**

તેમજ પશ્ચિમ-મધ્ય ઝોન પ્રશિક્ષણ ના પ્રભારી કે.સી પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યશાળામાં કેન્દ્રીય ભાજપાની કાર્યસૂચિ મુજબ આગામી સમયમાં રાજ્યના તમામ મંડલોમાં આયોજિત થનાર પ્રશિક્ષણ વર્ગો સંદર્ભે વિસ્તૃત પરામર્શ કરવામાં આવશે. આ બેઠકમાં પ્રદેશ પદાધિકારીઓ, જિલ્લા-મહાનગરના પ્રભારી, પ્રમુખ તથા મહામંત્રીઓ, પ્રશિક્ષણ મહાભિયાનની પ્રદેશ તથા જિલ્લા-મહાનગરની ટીમ સહિત અપેક્ષિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપા દ્વારા સમયાંતરે આયોજિત પ્રશિક્ષણ વર્ગોનો મુખ્ય હેતુ કાર્યકર્તાઓને પક્ષની વિચારધારા, સંગઠનાત્મક કાર્યપદ્ધતિ, રાષ્ટ્રવાદી મૂલ્યો, સિદ્ધાંતો તેમજ જનસેવાના વિવિધ આયામો અંગે માર્ગદર્શન આપવાનો છે.

પ્રશિક્ષણ વર્ગો દ્વારા કાર્યકર્તાઓમાં નેતૃત્વ ક્ષમતા, સંગઠન કૌશલ્ય, જનસંપર્કની કુશળતા અને રાષ્ટ્ર તથા સમાજ પ્રત્યેની જવાબદારીની ભાવના વધુ મજબૂત બને છે, જેથી તેઓ પક્ષના વિચારો અને સરકારની જનકલ્યાણકારી યોજનાઓને અસરકારક રીતે લોકો સુધી પહોંચાડી શકે.

**દિલ્હીમાં ફરી**

અગ્નિકાંડ સર્જાવવા પામીગયા છે. આ મામલે મળતી વધુ વિગતો અનુસાર દિલ્હીના માલવીય નગરમાં આવલી એક રેસ્ટોરેન્ટ-હોટેલમાં આજ રોજ સવારે અચાનક જ આગ લાગી જવા પામી ગઈ છે. આગ એટલી ભીષણ હતી કે ૨૧ લોકોના મોત નિપજી જવા પામ્યા છે તો વળી બેઝમેન્ટમાં ફસાયેલા ૩૫ જેટલા લોકેને બચાવીલેવામ આવ્યા છે અને તમેને તાત્કાલીક હોસ્પિટલમાં સારવાર હેઠળ લઈ જવામા આવ્યા છે.

આગની ઘટનાથી અફરાતફરી સર્જાઈજવા પામી ગઈ છે. પ્રશાસનમાં દોડધામ છે. યુદ્ધના ધોરણે રાહત બચાવ કાર્ય ચાલી રહ્યુ છે. આગનું કારણ હજુ સુધી અકબંધ જ રહેલુ છે.

# ગુજરાતમાં હસ્તકલા સેતુ યોજના હેઠળ ૧૦૨.૦૮ કરોડનું વેચાણ, ૫૦,૦૦૦થી વધુ રોજગારીનું સર્જન

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર: ગુજરાતની સમૃદ્ધ હસ્તકલા પરંપરા સદીઓથી દેશ-વિદેશમાં પોતાની વિશિષ્ટ ઓળખ ધરાવે છે. વૈશ્વિક સ્પર્ધાના સમયમાં આ કારીગરોને સશક્ત બનાવવું સમયની મોટી જરૂરિયાત બની છે. ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૦માં ''હસ્તકલા સેતુ યોજના'' શરૂ કરી હતી. જે આજે કલા કારીગરો માટે મજબૂત આર્થિક પ્રોત્સાહનનો સેતુ સાબિત થઈ છે.

ગુજરાતમાં હસ્તકલા સેતુ યોજનાનું અસરકારક અમલીકરણ કરવામાં આવ્યું છે, જેના કારણે રાજ્યના હજારો કારીગરોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. આ યોજનાનું અમલીકરણ કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી હસ્તક ઈન્ડેક્સ્ટ-સી દ્વારા કરવામાં આવી રહ્યું છે, જ્યારે ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાને આ યોજનામાં નૉલેજ પાર્ટનર તરીકે મહત્વની ભૂમિકા ભજવી છે. આ યોજના પર રાજ્ય સરકાર દ્વારા અંદાજે ?૫૮ કરોડ ખર્ચવામાં આવ્યા છે.

# પોલીસે મીરા રોડના ડ્રગ્સ રેકેટનું કનેક્શન તેલંગણમાંથી શોધી કાઢ્યું

મુંબઈ : મીરા-ભાઈંદર, વસઈ-વિરાર (MBVV) પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં મીરા રોડમાંથી બે કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું હતું. આ રૅકેટનાં મૂળ ક્યાં સુધી ફેલાયેલાં છે એની કાર્યવાહી દરમ્યાન MBVV પોલીસને તેલંગણના ઝાહિરાબાદમાંથી ડ્રગ્સનો મોટો જથ્થો મળી આવ્યો છે. આ કેસના સંદર્ભે વિવિધ રાજ્યોમાં ચાલતા ગેરકાયદે ડ્રગ મૅન્યુફૅક્ચરિંગ યુનિટ પર રેઈડ પાડીને અત્યાર સુધીમાં કુલ ૨૦.૭૨ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે અને ૧૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે.MBVVના પોલીસ-કમિશનર નિકેત કૌશિકે જણાવ્યું હતું કે 'ક્રાઈમ ડિટેક્શન બ્રાન્ચે ૪ એપ્રિલે મીરા રોડ વિસ્તારમાં એક ઘરમાં દરોડો પાડ્યો હતો, જેમાં ૨.૬૬ કરોડ રૂપિયાનું ૧.૩૨૪ કિલો ડ્રગ જપ્ત કરવામાં આવ્યું હતું. આ કેસમાં થાણે અને મુંબઈના મીરા રોડ, આગ્રીપાડા, માલવણી અને મનોરી વિસ્તારોમાંથી કુલ ૧૩.૬૫ કરોડ રૂપિયાનાં ડ્રગ્સ, કેમિકલ અને લૅબ સાધનો જપ્ત કરવામાં આવ્યાં છે.'વધુ તપાસ કરતાં મહારાષ્ટ્રના રાયગડ જિલ્લામાંથી અને હૈદરાબાદથી વધુ આરોપીઓની ધરપકડ અને પૂછપરછ બાદ પોલીસે તેલંગણમાં રેઈડ પાડી હતી. ત્યાંથી ૩ કિલો MD, ૨૨૯૩ લીટર રસાયણો અને ૬.૨૨ કરોડ રૂપિયાનો કાચો માલ જપ્ત કર્યાં હતાં.

# વૈશ્વિક હવામાન વિભાગે ભારત અંગે ચેતવ્યાં

નવીદિલ્હી : વૈશ્વિક ક્લાઈમેટ ચેન્જની ગંભીર અસરો વચ્ચે હવે ભારતીય ચોમાસા પર સંકટના વાદળો ઘેરાયા છે. સંયુક્ત રાષ્ટ્ર અને વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠને ચેતવણી જાહેર કરી છે કે આગામી થોડા જ અઠવાડિયામાં 'અલ નીનો'નો એક અત્યંત ખતરનાક તબક્કો શરૂ થવા જઈ રહ્યો છે. હવામાન એજન્સીઓના મતે આ વખતે આવી રહેલો અલ નીનો અત્યાર સુધીનો સૌથી શક્તિશાળી હોઈ શકે છે, જેને નિષ્ણાતો 'સુપર અલ નીનો' તરીકે ઓળખાવી રહ્યા છે. આ અસાધારણ ભૌગોલિક ઘટનાના કારણે વર્ષ ૨૦૨૬ ના બાકીના મહિનાઓમાં વિશ્વભરમાં ભારે ઉથલપાથલ જોવા મળશે અને ભારત સહિત અનેક દેશોમાં ભયંકર દુષ્કાળ અને અસહ્ય ગરમીનો ખતરો વધી ગયો છે.

# ગુજરાતની સરકારી શાળાઓમાં રમત ગમતને પ્રોત્સાહન, ૩૪,૦૦૦ શાળાઓને સ્પોર્ટ્સ કિટ્સ અપાઈ

ગાંધીનગર: ગુજરાતની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને નાનપણથી જ રમતગમત પ્રત્યે રુચિ કેળવાય તે માટે શિક્ષણ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. જેમાં રાજ્યની ૩૪,૦૦૦ થી વધુ સરકારી શાળાઓને અત્યાધુનિક સ્પોર્ટ્સ કિટ્સ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-NEP-૨૦૨૦ના સૂચનો મુજબ, રમતગમતને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.

જેમાં શાળાઓને ફાળવવામાં આવેલી આ અત્યાધુનિક કિટ્સમાં વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબના વિવિધ સાધનોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં ઈન્ડોર ગેમ્સ: કેરેમ બોર્ડ રેગ્યુલર અને સ્મોલ સાઈઝ, સ્ટ્રાઈકર, ચેસ સેટ, આઉટડોર ગેમ્સમાં વુડન ક્રિકેટ બેટ વિવિધ સાઈઝ, ટેનિસ બોલ (સોફ્ટ-હાર્ડ), ક્રિકેટ સ્ટમ્પસ, ફૂટબોલ, વોલીબોલ, હેન્ડબોલ અને બેડમિન્ટન સેટ, એથ્લેટિક્સ અને ફિટનેસ જેવેલીન (ભાલો), ડિસ્કસ (ચક્ર ફેંક), શોટપુટ (ગોળા ફેંક), હર્ડલ સેટ, સ્કીપીંગ રોપ, સ્ટોપવોચ, રેલે બેટોન્સ અને માર્કિંગ કોન સેટ. રાજ્યની તમામ સરકારી શાળાઓ અને પીએમ શ્રી શાળાઓ માટે બજેટમાં વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. રમતગમત દ્વારા શિક્ષણના અભિગમથી વિદ્યાર્થીઓમાં માત્ર શારીરિક ચપળતા જ નહીં, પરંતુ સંઘભાવના, સહકાર, સ્વ-શિસ્ત, જવાબદારી અને આત્મનિર્ભરતા જેવા જીવન કૌશલ્યોનો પણ વિકાસ થશે.

# રાજ્યસભાની ટિકિટનો જંગ ગરમાયો: કચ્છના 'થનગનભૂષણો' અચાનક કેમ થયા ગુમ?

## રાજ્યસભાની આશાએ મોટા નેતાઓની પગચંપીથી લઈને રાજકીય તાયફાઓ સુધી કરનારાઓ હવે જાહેર જીવનમાં કેમ નથી દેખાતા? કચ્છના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય

### સવાલોનો મારો...

- રાજ્યસભાની ટિકિટ માટે છેલ્લા કેટલાક મહિનાથી સક્રિય રહેલા કચ્છના સ્વયંભૂ દાવેદારો અચાનક ક્યાં ગાયબ થઈ ગયા?
- મોટા નેતાઓના કાર્યક્રમો ગોઠવવા અને આગતા-સ્વાગતા પાછળનો હેતુ સેવા હતો કે રાજ્યસભાની ટિકિટ મેળવવાનો પ્રયાસ?
- જે ચહેરાઓ રોજબરોજ નાટકો કરતા હતા, તેઓ હવે મૌન કેમ ધારણ કરી બેઠા છે?
- રાજ્યસભાની ટિકિટની ચર્ચા શરૂ થતાં જ કચ્છમાં ઉભા કરાયેલા રાજકીય તાયફાઓ અને નાટકોનું હવે શું થયું?
- શું ભાજપના આંતરિક સર્વે અને વાસ્તવિક રાજકીય સ્થિતિ સામે આવતા કેટલાક દાવેદારોની હવા નીકળી ગઈ?
- કચ્છમાંથી રાજ્યસભાની ટિકિટ મેળવવાના દાવા કરનારા નેતાઓ પાસે ખરેખર સંગઠનનો આધાર હતો કે માત્ર પ્રચારનો બલબલો?
- મોટા નેતાઓ સાથેના ફોટા અને મંચની હાજરીને રાજકીય સ્વીકાર્યતા માનવાની ભૂલ તો કરવામાં આવી નથી ને?
- કચ્છના નામે રાજકીય દાવેદારી કરનારા આ ચહેરાઓને સ્થાનિક સંગઠન અને કાર્યકરોનો કેટલો ટેકો હતો?
- રાજ્યસભાની ઉમેદવારી માટે દિલ્હી અને ગાંધીનગર સુધી પહોંચવાના દાવા કરનારા હવે જાહેરમાં કેમ દેખાતા નથી?
- ટિકિટની આશા ઓછી થતા જ રાજકીય સક્રિયતા પણ ઓછી થઈ ગઈ છે?
- શું કચ્છના નામે રાજકીય માહોલ ઉભો કરનારાઓ માત્ર પોતાનો વ્યક્તિગત એજન્ડા આગળ ધપાવી રહ્યા હતા?
- પક્ષની વિચારધારા અને સંગઠન માટે વર્ષો સુધી કામ કરનારા કાર્યકરોને પ્રાથમિકતા મળશે કે દેખાવડા કરનારા ચહેરાઓને?
- કચ્છના હિતની વાતો કરનારા આ દાવેદારોએ પોતાના વિસ્તારમાં વાસ્તવમાં કેટલું યોગદાન આપ્યું છે?
- રાજ્યસભાની ટિકિટના સપના તૂટતા જ રાજકીય પડદા પાછળ ચાલતી કવાયતોનો પણ અંત આવી ગયો છે કે શુ?

ગાંધીધામ- કચ્છઉદય :: નવી દિલ્હી અને ગાંધીનગરમાં રાજ્યસભાની ચૂંટણીની પ્રક્રિયા શરૂ થતાં રાજકીય માહોલ ગરમાયો છે. ગુજરાતમાંથી ખાલી થનારી બેઠકો માટે ભાજપના ઉમેદવારો અંગે આંતરિક સ્તરે ચર્ચા અને મંથન તેજ બન્યું છે. હાલના રાજકીય ગણિત મુજબ ગુજરાતની ચારેય બેઠકો ભાજપના ફાળે જવાની શક્યતા મજબૂત માનવામાં આવી રહી છે. જોકે આ ચાર ટિકિટ કોના નામે ફાળવાશે તે મુદ્દે અનેક દાવેદારો અને તેમના સમર્થકોમાં ઉત્સુકતા વધી છે.આ સમગ્ર પ્રક્રિયા વચ્ચે કચ્છના રાજકીય વર્તુળોમાં એક રસપ્રદ ચર્ચા જોર પકડી રહી છે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યસભાની ટિકિટ મેળવવાના સપના જોતા અને પોતાને સંભવિત ઉમેદવાર તરીકે રજૂ કરતા કેટલાક સ્વયંભૂ દાવેદારો અચાનક જાહેર જીવનમાંથી ગાયબ થઈ ગયા હોવાની ચર્ચા ચાલી રહી છે.રાજકીય જાણકારોના મતે, રાજ્યસભાની ટિકિટ મેળવવાની આશાએ કેટલાક તત્વોએ છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન વિવિધ પ્રકારના રાજકીય કાર્યક્રમો, તાયફાઓ અને દેખાવડા ગોઠવી પોતાનું રાજકીય વજન વધારવાનો પ્રયાસ કર્યો હતો. મોટા રાજકીય આગેવાનોને કચ્છમાં આમંત્રિત કરવા, તેમની આગતા-સ્વાગતા કરવા, સતત નજીક રહેવાનો પ્રયાસ કરવા અને પોતાના પ્રભાવનું પ્રદર્શન કરવા માટે અનેક પ્રકારની કવાયતો હાથ ધરાઈ હતી.ચર્ચા તો એવી પણ છે કે કેટલાક દાવેદારોએ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના નેતાઓની નજીક પહોંચવા માટે ચાપલુશીથી લઈને કદમપોશી સુધીના તમામ પ્રયાસો કર્યા હતા. વિવિધ પ્રસંગોએ પોતાની હાજરી નોંધાવી, ફોટોગ્રાફ્સ અને પ્રચાર સામગ્રી દ્વારા પોતાને કચ્છના મોટા રાજકીય ચહેરા તરીકે રજૂ કરવાની કોશિશ પણ કરવામાં આવી હતી. પરંતુ હવે જ્યારે રાજ્યસભાની ચાર બેઠકો માટે ઉમેદવારોની પસંદગીનો અંતિમ તબક્કો નજીક આવી રહ્યો છે ત્યારે આવા સ્વયંભૂ દાવેદારો અને 'થનગનભૂષણો' અચાનક ક્યાંક ઓઝલ થઈ ગયા હોવાની ચર્ચા રાજકીય અને પ્રબુદ્ધ વર્તુળોમાં થઈ રહી છે. અગાઉ દરેક મુદ્દે નિવેદનો આપતા, કાર્યક્રમો ગોઠવતા અને રાજકીય હલચલ ઉભી કરતા આ તત્વો હાલ જાહેર મંચો પર ભાગ્યે જ જોવા મળી રહ્યા છે.કચ્છના રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે રાજ્યસભાની ટિકિટ માટે માત્ર ચર્ચાઓ, દેખાવડા અથવા રાજકીય નાટકો પૂરતા નથી. પક્ષની અંદરની સ્વીકાર્યતા, સંગઠન પ્રત્યેની નિષ્ઠા, લાંબા સમયનું યોગદાન અને કેન્દ્રીય નેતૃત્વનો વિશ્વાસ જેવા પરિબળો વધુ મહત્વ ધરાવે છે.હાલ રાજ્યસભાની ઉમેદવારીને લઈને ભાજપના ઉચ્ચ સ્તરે મથામણ ચાલી રહી છે ત્યારે કચ્છમાંથી પોતાને પ્રબળ દાવેદાર ગણાવતા કેટલાક ચહેરાઓની રહસ્યમય શાંતિ અને ગેરહાજરી રાજકીય ચર્ચાનો વિષય બની છે. હવે જોવાનું એ રહેશે કે રાજ્યસભાની ચાર ટિકિટ કોના નામે ફાળવાય છે અને કચ્છમાંથી સપના જોનારા આ દાવેદારોની રાજકીય દોડ ક્યાં સુધી પહોંચે છે.

## ગૌવંશના ગુનામાં ફરાર રતિયાના શખ્સને ઝડપી લેવાયો




ભુજ - કચ્છ ઉદય: શહેર એ ડીવીઝન પોલીસ માં નોંધાયેલા ગૌવંશ માંસના ગુના માં નાસતા ફરતા આરોપી ને ઝડપી લેવામાં આવ્યો હતો. એ ડીવીઝન પોલીસે કોડકી ચાર રસ્તા પાસેથી આરોપી રતિયાના હુસેન ઈસ્માઈલ ઓઢેજાની અટક કરી હતી. આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સુરેન્દ્રનગરમાં જિનેન્દ્રભક્તિ મહોત્સવ અને તપસ્વીઓના પારણાંનું આયોજન

ભચાઉ - કચ્છઉદય : સુરેન્દ્રનગર સ્થિત વિમલનાથ સ્વામી જિનાલય ખાતે જિનેન્દ્રભક્તિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ અંતર્ગત તપપ્રભાવીકા સાધ્વીજી હંસકીર્તિશ્રીજી મહારાજ સાહેબના ૩૮૦મી ઓળીના પારણાં નિમિત્તે વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આ સાથે સાધ્વીજી હંસગીરાશ્રીજી મ.સા.ની ૧૮૧મી ઓળી અને સાધ્વીજી હંસશ્રુતિશ્રીજી મહારાજ સાહેબની ૧૫૯મી ઓળીના પારણાં પણ કરવામાં આવશે. આ પ્રસંગે પ.પૂ. મુનિ તીર્થરશ્મિવિજયજી મહારાજ સાહેબ આદિ પાંચ ઠાણાની નિશ્રામાં ધાર્મિક ક્રિયાઓ સંપન્ન થશે. કાર્યક્રમના ત્રીજા દિવસે એટલે કે ૫ જૂનના રોજ સવારે ૬ વાગ્યે વિમલનાથ જિનાલયથી ઉદ્યોગનગર હોલ સુધી સામૂહિક વરઘોડો નીકળશે, ત્યારબાદ સાધુ ભગવંતોના પ્રવચન અને તપ વંદનાવલીનો કાર્યક્રમ યોજાશે. આ મહોત્સવમાં સંગીત અને પૂજા-અર્ચનાના કાર્યક્રમો સાથે સાધર્મિક ભક્તિનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેનો લાભ લેવા માટે નિમંત્રક પરિવારો દ્વારા ભાવિકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### પીજીવીસીએલ અને ગેટકોની ઘોર લાપરવાહી

## કાળઝાળ ગરમીમાં અંજારવાસીઓ છાસવારે થતાં વીજ ધાંધિયાથી ત્રાહિમામ



**એરકંડિશન્ડ કેબિનોમાં બેસતા અધિકારીઓની અણઆવડતે આખા શહેરને બાનમાં લીધું : વિશ્વવિખ્યાત બાંધણી બજાર ખત્રી ચોકમાં પ્રવાસીઓ સામે અંજારની આબરૂના ધજાગરા : તંત્રના પ્રીમોનસુનની કામગીરીના પોકળ દાવાઓ વચ્ચે છેલ્લા છ મહિનાથી શહેરીજનો પરેશાન : જાગૃત નાગરિકોએ એન્જિનિયરો અને બાબુઓની મેનેજમેન્ટ ક્ષમતા પર ઉઠાવ્યા ગંભીર સવાલો**

અંજાર - કચ્છઉદય : અંજાર શહેરમાં ઉનાળાની શરૂઆત થતાં જ વીજળીના ધાંધિયાએ માઝા મૂકી છે. કાળઝાળ ગરમી અને અસહ્ય ઉકળાટ વચ્ચે અંજાર પીજીવીસીએલ અને ગેટકોની ઘોર બેદરકારીના કારણે સ્થાનિક નાગરિકો નર્કાગાર જેવી સ્થિતિ ભોગવવા મજબૂર બન્યા છે. દિવસ દરમિયાન ગમે ત્યારે અને ગમે તેટલી વાર વીજ પુરવઠો અચાનક ગુલ થઈ જવો એ અંજારની રોજિંદી નિત્યક્રમ જેવી સમસ્યા બની ગઈ છે. આ વર્ષે તો ઉનાળાની શરૂઆતથી જ વીજ કંપનીએ પોતાના અણઘડ વહીવટનો પરચો આપવાનું શરૂ કરી દીધું હતું, જે અત્યારે ચરમસીમાએ પહોંચી ગયો છે. વારંવાર થતા વીજ વિક્ષેપના કારણે સમગ્ર શહેર ત્રાહિમામ પોકારી ગયું છે અને લોકોનો આક્રોશ હવે ગમે ત્યારે જ્વાળામુખીની જેમ ફાટી નીકળે તેવી સ્થિતિ સર્જાઈ છે.

શહેરની અનેક સામાજિક અને વ્યાપારી સંસ્થાઓ રોજરોજ રજૂઆતો અને ફરિયાદોના થોથા લઈને ડિવિઝન ઓફિસના ધક્કા ખાઈને થાકી ગઈ છે, પરંતુ કાન આડા હાથ ધરીને બેઠેલા નકામા અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી. શહેરનો મુખ્ય બાર મીટર રોડ હોય કે માલાશેરીનો ચિક્કાર વસ્તી ધરાવતો વિસ્તાર, દરેક જગ્યાએ વીજળીની સંતાકૂકડીએ લોકોનું જીવવું હરામ કરી નાખ્યું છે. વેપારીઓ લાચાર બની ગયા છે કારણ કે દુકાનોમાં એસી કે પંખા ચાલુ થઈ શકતા નથી. આ કટોકટીની સૌથી માઠી અસર ગુજરાત રાજ્યની પ્રખ્યાત અને ઐતિહાસિક બાંધણી બજાર ખત્રી ચોક પર પડી રહી છે. સમગ્ર ભારતમાંથી અને વિદેશોથી આવતા પર્યટકો આ ગેરજવાબદાર પીજીવીસીએલના અંધેર વહીવટના કારણે અંજાર શહેરની ખૂબ જ ખરાબ છાપ લઈને પાછા ફરી રહ્યા છે, જેનાથી સ્થાનિક વેપાર અને ગૌરવને ક્યારેય ન ભરાય તેવું નુકસાન થઈ રહ્યું છે.

શહેરના જાગૃત નાગરિકો ખુલ્લેઆમ આક્ષેપ કરી રહ્યા છે કે અંજાર પીજીવીસીએલ અને ગેટકોના ઉચ્ચ અધિકારીઓએ પોતાની અણઆવડત અને નબળા આયોજનના કારણે આખા શહેરને બંધક બનાવી દીધું છે. વીજ વિભાગ પાસે પૂરતો લાઈન સ્ટાફ, ટેકનિકલ સ્ટાફ, વાહનો અને જરૂરી તમામ આધુનિક સંસાધનો ઉપલબ્ધ હોવા છતાં માત્ર ને માત્ર અધિકારીઓની વહીવટી અણઆવડત અને આળસના કારણે પ્રજાએ આ ભયંકર ગરમીમાં હેરાન થવું પડે છે. ઓફિસોમાં એસીની ઠંડી હવા ખાતા અધિકારીઓ યોગ્ય મેનેજમેન્ટ કરવામાં સદંતર નિષ્ફળ નીવડ્યા છે, જેને કારણે અંજાર શહેરમાં વીજળીની સમસ્યા હવે એક કાયમી શરદર્દ સમાન કેન્સર બની ચૂકી છે. આ કોઈ બે-પાંચ દિવસની વાત નથી, છેલ્લા છ મહિનાથી અંજાર શહેરમાં આ જ આંધળૂકિયું શાસન જોવા મળી રહ્યું છે અને તંત્ર સુધરવાનું નામ નથી લેતું.

બીજી તરફ, પોતાની નિષ્ફળતાઓ છુપાવવા માટે વીજ કંપનીના જવાબદારો હંમેશાની જેમ બહાનાબાજીનો સહારો લઈ રહ્યા છે.

આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે પણ પ્રીમોનસુનની કામગીરી ચાલતી હોવાનો રાબેતા મુજબનો રાગ આલાપી રહ્યા છે. તંત્રનું કહેવું છે કે લોકો પોતાના જૂના કનેક્શનમાં લોડ વધારો કરાવતા નથી અને સોલાર પેનલના કારણે દિવસ દરમિયાન હાઈ વોલ્ટેજ તથા રાત્રે લો વોલ્ટેજની સમસ્યા સર્જાય છે. ટ્રાન્સફોર્મરના મોનિટરિંગ કરવાના અને નવા ટીસી વધારવાના જે દાવા કર્યા છે તે ગ્રાઉન્ડ ઝીરો પર તદ્દન પોકળ અને હાસ્યાસ્પદ સાબિત થઈ રહ્યા છે. સત્તાવાળાઓ ભલે કાગળ પર ગમે તેટલા મોનિટરિંગ અને એક્શન પ્લાનના બણગાં ફૂંકતા હોય, પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે અંજારની જનતા કાળઝાળ ગરમીના દિવસોમાં વીજળી વગર શેકાઈ રહી છે. તંત્રના ખોટા અને પોકળ દાવાઓની પોલ છાસવારે ગુલ થઈ જતી લાઈટ ખોલી રહી છે.

## ભચાઉમાં બસ સ્ટેન્ડ પાછળ સ્મશાનઘાટ પાસે જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા

ભચાઉ : ભચાઉ પોલીસ દ્વારા જુગાર વિરોધી અભિયાન અંતર્ગત કાર્યવાહી કરતા નવા બસ સ્ટેન્ડની પાછળ આવેલા સમશાનઘાટ વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા શખ્સો સામે દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા જ્યારે એક આરોપી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રૂપિયા ૧૧,૦૫૦ તેમજ જુગાર રમવા માટે ઉપયોગમાં લેવાતા ગંજીપત્તાના પાનાં કબજે કર્યા હતા. કુલ મળી અંદાજે રૂ. ૧૧,૧૫૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હોવાનું નોંધાયું છે. પકડાયેલા આરોપીઓમાં હેમતપુરા વિસ્તારના રહેવાસી હરેશપુરી રઘુપુરી ગોસ્વામી તથા જલારામ સોસાયટી વિસ્તારમાં રહેતા મીતલભાઈ સામજીભાઈ (ચૌહાણ)નો સમાવેશ થાય છે. જ્યારે રીયાજ બાબુલાલ રાયમા નામનો શખ્સ ફરાર થઈ ગયો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.આ મામલે ભચાઉ પોલીસ મથકે ગુજરાત જુગારધારા કલમ ૧૨ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ કોન્સ્ટેબલ આશિષકુમાર કાંતિલાલ સોઢરવાની ફરિયાદના આધારે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વધુ તપાસ પીએસઆઈ બી. જે. જાડેજા તથા પોલીસ સ્ટાફ દ્વારા ચલાવવામાં આવી રહી છે.પોલીસે ફરાર આરોપીની શોધખોળ શરૂ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીધામમાં પ્રોપર્ટી અને નાણાકીય વિવાદમાં જાનથી મારી નાખવાની ધમકી

### આદિપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ

ગાંધીધામ : ગાંધીધામના આદિપુર વિસ્તારમાં પ્રોપર્ટી અને નાણાકીય લેવડ-દેવડના જૂના વિવાદને લઈને એક વ્યક્તિને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ અંગે આદિપુર પોલીસ સ્ટેશનમાં આરોપી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ફરિયાદી અશોકભાઈ ધીરામલ મોતિયાણી અને તેમના પત્નીએ અગાઉ આ જ કેસના આરોપી જિતેન્દ્ર શંકરભાઈ વજીરાણી વિરુદ્ધ પ્રોપર્ટી અને નાણાકીય વ્યવહારો અંગેના કેસો કોર્ટમાં દાખલ કર્યા છે. જે કેસ હાલ નામદાર કોર્ટમાં ચાલુ છે. આ કેસની અદાવત રાખી આરોપીએ ફરિયાદી સાથે ગાળાગાળી કરી, તેમને માર માર્યો હતો. આ દરમિયાન ફરિયાદીના મિત્ર તેમને છોડાવવા વચ્ચે પડતા આરોપીએ ફરિયાદી અને તેમના મિત્ર બંનેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ફરિયાદી અશોકભાઈએ આદિપુર પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી છે. પોલીસ દ્વારા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. હાલમાં આ કેસમાં કોઈની ધરપકડ કરવામાં આવી નથી અને તપાસ ચાલુ છે. આ સમગ્ર તપાસ આદિપુર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. ઈન્દ્રપાલ કવરસિંહ યાદવ દ્વારા કરવામાં આવી રહી છે.

## પ્રિયાંશ જેઠવા સહિત કચ્છના ૩ યુવાનોએ માઉન્ટ ફ્રેન્ડશિપ અભિયાનમાં બતાવ્યું સાહસ, આપ્યો નો-ડ્રગ્સ કેમ્પેઈનનો સંદેશ



ગાંધીધામ - કચ્છ ઉદય : હિમાચલ પ્રદેશની પીર પંજાલ પર્વતમાળામાં આવેલ આશરે ૧૭,૩૫૦ ફૂટ ઊંચા માઉન્ટ ફ્રેન્ડશિપ અભિયાનમાં કચ્છના ત્રણ યુવાનોએ નોંધપાત્ર પ્રદર્શન કરીને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. પ્રિયાંશ જેઠવાએ સફળતાપૂર્વક માઉન્ટ ફ્રેન્ડશિપ ના શિખર પર સમિટ પૂર્ણ કરી હતી, જ્યારે અંજારના રાજન જેઠવા અને પરાગ ટાંકે આશરે ૧૭,૦૦૦ ફૂટ સુધીનું ચઢાણ પૂર્ણ કર્યું હતું. બરફથી ઢંકાયેલા માર્ગો, બદલાતું હવામાન અને ઓક્સિજનની ઓછી માત્રા જેવા પડકારો વચ્ચે ત્રણેય યુવાનોએ હિંમત, ધૈર્ય અને સંકલ્પશક્તિનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું.

ગુજરાતના ૧૯ યુવાન પર્વતારોહકોની એક ટીમે હિમાચલ પ્રદેશની પીર પંજાલ પર્વતમાળામાં આવેલ ૧૭,૩૫૦ ફૂટ ઊંચા માઉન્ટ ફ્રેન્ડશિપ શિખર પર સફળતાપૂર્વક અભિયાન પૂર્ણ કર્યું છે. દુર્ગમ ચઢાણ, બરફથી ઢંકાયેલા માર્ગો, બદલાતું હવામાન અને ઓક્સિજનની ઓછી માત્રા જેવા પડકારો વચ્ચે ટીમે શિખર સર કરીને રાષ્ટ્રધ્વજ તિરંગો લહેરાવ્યો હતો. આ સિદ્ધિ માત્ર પર્વતારોહણની સફળતા જ નહીં પરંતુ ગુજરાતના યુવાનોની હિંમત, શિસ્ત અને અડગ સંકલ્પ શક્તિનું પ્રતિબિંબ પણ છે.

આ અભિયાન માટે પસંદ થયેલા સહભાગીઓએ છેલ્લા બે મહિનાથી સઘન તાલીમ મેળવી હતી. જેમાં નિયમિત રનિંગ, સ્ટેમિના ટ્રેનિંગ, લોડ કેરીંગ, ટ્રેકિંગ પ્રેક્ટિસ, યોગ-પ્રાણાયામ અને માઉન્ટેનિયરિંગ સંબંધિત ટેક્નિકલ માર્ગદર્શનનો સમાવેશ થતો હતો. વિવિધ શારીરિક અને માનસિક કસોટીઓ બાદ ટીમની પસંદગી કરવામાં આવી હતી. તેઓએ ૨૫ મે, ૨૦૨૬થી ચઢાણની શરૂઆત કરી હતી અને ૩૦ મે, ૨૦૨૬ની વહેલી સવારે સમિટ પુશ પૂર્ણ કર્યો હતો. અભિયાન દરમિયાન સહભાગીઓએ ટીમવર્ક, નેતૃત્વ અને પડકારજનક પરિસ્થિતિઓમાં નિર્ણય લેવાની ક્ષમતાનું પણ ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. આ સમગ્ર અભિયાનનું આયોજન અને પ્રાયોજકત્વ ઈન્વિન્સિબલ એનજીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સમિટ દરમિયાન ટીમે નો-ડ્રગ્સ કેમ્પેઈનનો સંદેશ પણ આપ્યો હતો અને યુવાનોને નશામુક્ત, સ્વસ્થ અને સકારાત્મક જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કર્યા હતા. યુવા સશક્તિકરણ અને એડવેન્ચર પ્રવૃત્તિઓ માટે જાણીતી ઈન્વિન્સિબલ એનજીઓ દ્વારા આયોજિત આ અભિયાન યુવાનોને સાહસ, રાષ્ટ્રપ્રેમ અને સામાજિક જવાબદારી સાથે જોડવાનો એક સફળ પ્રયાસ સાબિત થયો છે.

અભિયાનમાં ઉત્સવ પહવા, બંસરી પટેલ, જૈનિલ શિંદે, રાજ રતન દાસ, હાર્દ શાહ, શુભમ ઘોઘારી, મૌલિક દેસાણી, હેત પ્રજાપતિ, રચના વ્યાસ, યશ ભીમાણી, પ્રિયાંશ જેઠવા, ઉમંગ પુરોહિત, અવિ ચૌહાણ, ફાલ્ગુની પટેલ, ઝહીર મન્સુરી, યશ કલારિયા, રાજન જેઠવા, પરાગ ટાંક અને કમલ દેસાઈ સહિતના ૧૯ યુવા પર્વતારોહકોએ ભાગ લીધો હતો.

ટીમે માઉન્ટ ફ્રેન્ડશિપના શિખર તથા ઉચ્ચ ઊંચાઈઓ પરથી નો-ડ્રગ્સ કેમ્પેઈનનો સંદેશ આપતા યુવાનોને નશા અને અન્ય વ્યસનોથી દૂર રહી સાહસ, રમતગમત અને રાષ્ટ્રનિર્માણ જેવી સકારાત્મક પ્રવૃત્તિઓ સાથે જોડાવા માટે અપીલ કરી હતી. ઈન્વિન્સિબલ એનજીઆ દ્વારા આયોજિત આ અભિયાનનો મુખ્ય હેતુ યુવાનોમાં સાહસિકતા, નેતૃત્વ, સામાજિક જવાબદારી અને રાષ્ટ્રપ્રેમના મૂલ્યોનો વિકાસ કરવાનો છે, જેથી તેઓ પોતાના જીવનમાં નવી ઊંચાઈઓ સર કરવાની સાથે સમાજ માટે પણ પ્રેરણારૂપ બની શકે.

## ''માં બાપનું ઘર'' આશ્રમમાં વિશિષ્ટ ભોજનથી આશ્રિતોમાં ખુશીની લાગણી

ભુજ - કચ્છઉદય : લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ ભુજ સંચાલિત ''માં બાપ નું ઘર'' આશ્રમ ખાતે ઈદ પર્વ નિમિત્તે સહકાર સેવા મંડળ દ્વારા આશ્રમના તમામ આશ્રિતો માટે વિશિષ્ટ ભોજનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજસેવી અને આગેવાનો તરીકે અહમદભાઈ જત (સામાજિક આગેવાન ), માલશીભાઈ માતંગ (માજી કાઉન્સિલર) તેમજ હાજી અલી નવાઝી અને ઝહીરભાઈ સમેજા પ્રમુખ, સહકાર સેવા મંડળ ભુજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનો દ્વારા આશ્રમના આશ્રિતો સાથે પ્રેમ અને લાગણીપૂર્વક મુલાકાત કરી ઈદની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સહકાર સેવા મંડળ દ્વારા પીરસાયેલ વિશિષ્ટ ભોજનથી આશ્રિતોમાં આનંદ અને ખુશીની લાગણી જોવા મળી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ માનવસેવા અને નિરાધાર લોકો પ્રત્યે પ્રેમભાવ જાળવી સમાજમાં સેવા કાર્યને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ ભુજ દ્વારા સહકાર યુવક મંડળ તથા ઉપસ્થિત તમામ મહાનુભાવોના આ સેવાકીય સહયોગ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ગર્લફ્રેન્ડને ફેરવવા ૫૦ લાખની ચોરી કરનારો જિમ ટ્રેનર ગાંધીધામથી ઝડપાયો

**ઈદ મનાવવા મોસાળ આવ્યો ને પોલીસે દબોચ્યો : અબુરોડમાં હાથફેરો કરી જિમ ટ્રેનર કચ્છમાં છુપાયો હતો : એટીએમમાંથી નાણાં ઉપાડવા જતાં રાજસ્થાન પોલીસ ત્રાટકી : ચોરીના તમામ દાગીના રિકવર**

ગાંધીધામ - કચ્છઉદય : સરહદી જિલ્લા કચ્છના આર્થિક પાટનગર ગણાતા ગાંધીધામ શહેરમાંથી રાજસ્થાન પોલીસે એક એવા હાઈપ્રોફાઈલ ચોરને દબોચી લીધો છે, જેણે પોતાની પ્રેમિકાને ઊટી અને નૈનીતાલ જેવા ઠંડા પ્રદેશોમાં મોજમજા કરાવવા માટે અધધ ૫૦ લાખ રૂપિયાના દાગીનાની ચોરી કરી હતી. અબુરોડમાં ચોરીની આ મોટી વારદાતને અંજામ આપ્યા બાદ આરોપી જિમ ટ્રેનર ઈદ મનાવવા અને પોલીસથી બચવા માટે ગાંધીધામમાં આવેલા પોતાના મોસાળમાં આવીને છુપ યો હતો. જોકે, ગાંધીધામના જ એક એટીએમમાંથી પૈસા ઉપાડવા જતાં જ તે પોલીસના સકંજામાં આવી ગયો હતો.સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, રાજસ્થાનના સિરોહી જિલ્લાના અને ગુજરાતની સરહદને અડીને આવેલા અબુરોડ રીકો વિસ્તારમાં ગત ૧૧મી એપ્રિલના રોજ એક બંધ મકાનમાંથી ૫૦ લાખ રૂપિયાના સોના-ચાંદીના દાગીના અને ૨ લાખ રૂપિયા રોકડાની મોટી ચોરી થઈ હતી. આ મામલે અબુરોડ રીકો પોલીસ મથકના પીઆઈ લક્ષ્મણસિંહ ચંપાવતના નેતૃત્વમાં તપાસ ચાલી રહી હતી. સાયબર સેલ અને સીસીટીવી ફૂટેજના આધારે પોલીસને કડી મળી હતી કે આ ચોરી સ્થાનિક વિસ્તારમાં જ જિમ ચલાવતા ૩૦ વર્ષીય પરણિત જિમ ટ્રેનર માસુક ખાને કરી છે. ગુનાને અંજામ આપ્યા બાદ આરોપી માસુક ખાન પોલીસને થાપ આપવા માટે કચ્છ તરફ નાસી આવ્યો હતો. ગાંધીધામમાં તેનું મોસાળ હોવાથી તે અહીં આશરો લઈને ઈદની ઉજવણી કરી રહ્યો હતો. ચોરીના રોકડા બે લાખ રૂપિયા તો તેણે ગણતરીના દિવસોમાં જ વાપરી નાખ્યા હતા, પરંતુ દાગીના છુપાવી રાખ્યા હતા. દરમિયાન, ગાંધીધામમાં રોકાણ દરમિયાન તે પૈસાની જરૂર પડતાં જ સ્થાનિક એટીએમ સેન્ટર પર નાણાં ઉપાડવા પહોંચ્યો હતો. સાયબર ટેકનોલોજીની મદદથી આરોપીના લોકેશન પર નજર રાખી રહેલી અબુરોડ પોલીસની ટીમ તાબડતોબ ગાંધીધામ દોડી આવી હતી અને સ્થાનિક કડીઓ મેળવીને ઈદના બીજા જ દિવસે એટલે કે ૨૯મી મેના રોજ તેને ગાંધીધામથી ઝડપી લીધો હતો.

પોલીસની આકરી પૂછપરછમાં જે વિગતો ખુલી છે તે ભારે આશ્ચર્ય પમાડે તેવી છે. એક બાળકના પિતા એવા આ જિમ ટ્રેનરને અનેક મહિલાઓ સાથે પ્રેમસંબંધો હોવાનું બહાર આવ્યું છે. તેણે પોતાની ગર્લફ્રેન્ડને ૨૮મી મેના રોજ ઈદ પછી ઊટી અને નૈનીતાલના પ્રવાસે લઈ જવાનું વચન આપ્યું હતું. આ ટ્રીપના ખર્ચ અને મોજશોખ પૂરા કરવા માટે જ તેણે આ ચોરીનું આયોજન કર્યું હતું. જે ઘરમાં ચોરી થઈ ત્યાં તે અવારનવાર જિમ ટિપ્સ આપવા જતો હોવાથી ઘરના સભ્યોની અવરજવર અને સીસીટીવી કેમેરાની ગોઠવણીથી વાકેફ હતો. તકનો લાભ લઈને તેણે અગાઉથી જ ઘરની ચાવીની નકલ બનાવી લીધી હતી અને પરિવાર ગુજરાતના ભરૂચ ગયો ત્યારે ચોરીને અંજામ આપ્યો હતો. હાલ અબુરોડ પોલીસે ગાંધીધામથી પકડાયેલા આ આરોપી પાસેથી ચોરીનો તમામ મુદ્દામાલ રિકવર કરી લીધો છે અને કોર્ટમાંથી રિમાન્ડ મેળવી તેની અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### શિરવા ગામે સરકારી જમીનના દબાણો પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું



માંડવી તાલુકાના શિરવા ગામના અકબરશા અબ્દુલશા સૈયદ દ્વારા સરકારી જમીન પર લાંબા સમયથી પાકું રહેણાંક મકાન, સિમેન્ટ પતરા આવરી દુકાન તેમજ વરંડા સહિતના બાંધકામ ઊભા કરી અનધિકૃત કબજો જમાવવામાં આવ્યો હતો. આ મામલે થયેલી ફરિયાદના આધારે થયેલા આદેશ મુજબ દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન અનધિકૃત બાંધકામો પર બુલ્ડોઝર ચલાવી જમીન ખાલી કરાવવામાં આવી હતી. વહીવટી તંત્રના જણાવ્યા મુજબ દબાણમુક્ત કરાયેલી જમીનની જંત્રી કિંમત અંદાજે રૂ. ૩.૫૨ લાખ જેટલી થાય છે, જ્યારે નિયમ મુજબ વસૂલવાપાત્ર દંડની રકમ રૂ.૧.૨૬ લાખથી વધુ થવા જાય છે.


## ઓપન ઈન્ટરવ્યુ

**શ્રી અંજાર નગરપાલિકા સંચાલિત**

**શ્રી સ્વામી વિવેકાનંદ વિદ્યાલય**

**(સ્વનિર્ભર) ઉ.મા. સામાન્ય પ્રવાહ**

ઠે. ડેપ્યુટી કલેકટર કચેરી સામે, સ્ટેડીયમ પાસે, અંજાર-કચ્છ.

| ક્રમ | જગ્યા નું નામ | લાયકાત અને વિષય |
|---|---|---|
| ૧. | શિક્ષણ સહાયક | એમ.કોમ.બી.એડ.(એકાઉન્ટ) |
| ૨. | શિક્ષણ સહાયક | એમ.એ.બી.એડ. (અંગ્રેજી) |
| ૩. | કોમ્પ્યુટર પ્રશિક્ષક | કોમ્પ્યુટર સ્નાતક/સમકક્ષ |

ઉપરોક્ત જગ્યા માટે રૂબરૂ મુલાકાત માટે શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાતના તથા અનુભવના અસલ પ્રમાણપત્રો તેમજ પ્રમાણિત નકલ સાથે ઉપરોક્ત સરનામે તા. ૦૫/૦૬/૨૦૨૬ ના સવારે ૧૦:૦૦ કલાકે હાજર રહેવું.

(ધર્મિષ્ઠાબેન ખાંડેકા)
પ્રમુખ



## જાહેર નોટીસ

**નામદારશ્રી પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં, અંજાર- કચ્છ.**

**(હુકમ ૨૧, નિયમ ૫૪)** તામીલ અરજી નં. ૦૪/૨૦૧૪

ધી ભુજ મર્કેન્ટાઈલ કો. ઓપ. બેંક લી. ...ડીક્રી હોલ્ડર
વિરૂધ્ધ
વિરલ રશ્મી વ્યાસ વગેરે ... જજમેન્ટ ડેટર
એડવોકેટ : યશ કે. પોટા.

આથી સર્વેને જણાવવાનું કે નીચે સેડ્યુલમાં વર્ણવેલ મિલકત પરત્વે નામદાર કોર્ટ સમક્ષ ઉપરોક્ત બાબતમાં વર્ણવેલ તામીલમાં થયેલ તા ૧૬/૦૪/૨૦૨૬ વાળા હુકમ મુજબ મિલકતનું ઓક્શન/નીલામી કરવાનો હુકમ થયેલ છે. જેથી નીલામીમાં રસ ધરાવતા તમામ વ્યક્તિઓને તા.૧૩-૦૬-૨૦૨૬ ના રોજે મિલકતના મુકામે એટલે કે, વિરમ રશ્મિ વ્યાસ, પ્લોટ નંબર ૮૯, રે.સ.નં.૨૦૦, આશાપુરા નગર, મેઘપર બોરીચી, તા.અંજાર (કચ્છ) મધ્યે ઉપસ્થિત રહી ભાગ લેવા સુચના આપવામાં આવે છે. આ નીલામીમાં નીચે વર્ણવેલ મિલકતની જાહેર બોલી દ્વારા વેચાણ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે જેમાં રસ ધરાવનાર વ્યકિત ભાગ લઈ શકશે. નીલામીની કાર્યવાહી જે શરતોને આધીન રહેશે તે નીલામી અધિકારી પાસેથી તપાસી લેવી.

**મિલકતનું વર્ણન**

કચ્છ જીલ્લાના શહેર અંજારના પેટા ગામ મોજે મેઘપર (બોરીચી) ની સીમના રે. સ. નં. ૨૦૦ વાળી જમીન ક્ષે. એકર ૧૮-૨૩ ગુંઠાવાળી કે જે ''આશાપુરા નગર'' તરીકે ઓળખાય છે તેમાં આવેલા બિનખેતી હેતુના પ્લોટસ પૈકી રહેણાંક હેતુનો પ્લોટ નં. ૮૯, ક્ષે. ૯૮.૦૦ ચો. મી. વાળી મિલકત.

આજરોજ તા. ૨૯-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા ન્યાયાલયનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

(આર. પી. ચૌહાણ)
કોર્ટ કમિશનર
પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ
અંજાર- કચ્છ

# અંજાર નગરપાલિકા ખાતે 'આંતરરાષ્ટ્રીય શેરી વિક્રેતા દિવસ'ની ઉજવણી કરાઈ



## નાના વેપારીઓને કાયદાકીય અધિકારો અને સરકારી યોજનાઓનું માર્ગદર્શન અપાયું

અંજાર - કચ્છઉદય : શહેરમાં નાના વેપારીઓ અને ફેરીયાઓના હિતાર્થે 'આંતરરાષ્ટ્રીય શેરી વિક્રેતા દિવસ' નિમિત્તે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. અંજાર વિકાસ અભિયાન, અંજાર નગરપાલિકા અને અંજાર શેરી વિક્રેતા કોર કમિટીના સંયુક્ત ઉપક્રમે ૨૬ મેના રોજ આ કાર્યક્રમ યોજાયો હતો.

સભાખંડ ખાતે યોજાયેલા સેમિનારમાં મોટી સંખ્યામાં સ્થાનિક શેરી વિક્રેતાઓ (ફેરિયાઓ) હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં આમંત્રિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમને સાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

પાલિકાનાં પ્રમુખ ધર્મિષ્ઠાબેન ખાંડેકા, ઉપપ્રમુખ પરેશભાઈ માલસતર, કારોબારી ચેરમેન પ્રકાશભાઈ લોદરિયા, શાસકપક્ષનાં નેતા આશિષભાઈ ઉદવાણી તથા વોર્ડ નંબર ૩નાં કાઉન્સિલર અલ્પેશભાઈ દરજી સહિત તમામ પદાધિકારીઓ દ્વારા શેરી વિક્રેતાઓ માટે જરૂરી તમામ સહયોગની ખાતરી આપી હતી અને સાથે શેરી વિક્રેતાઓને પ્લાસ્ટિક નો ઉપયોગ બંધ કરી ને સ્વચ્છતા રાખવા પણ જણાવ્યું હતું. મહિલાઓ માટે વિશેષ વ્યવસથા માટે પણ ચર્ચા કરવામાં આવી હતી જેમાં ખાસ કરીને જાહેર જગ્યાઓ પર કામ કરતી મહિલાઓ ની સલામતી સુનિશ્ચિત થાય તો મહિલાઓ સારી રીતે કાર્ય કરી શકે. અંજાર વિકાસ અભિયાન તથા શેરી વિક્રેતાઓની ટીમ દ્વારા અંજાર નાં શેરી વિક્રેતાનાં સર્વેની માહિતી તથા શેરી વિક્રેતા (આજીવિકા સંરક્ષણ અને રસ્તાપરના વેચાણનું નિયમન) કાયદો ૨૦૧૪ની જોગવાઈ અંગે રજૂઆત કરવામાં આવી. વિભાગના મયુરભાઈ દ્વારા સરકારની શેરી વિક્રેતાની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સરળતાથી કેવી રીતે મેળવી શકાય તે અંગે નાના વેપારીઓને પૂરતું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ભાવેશભાઈ ઠક્કર, નીતિનભાઈ જોષી, પ્રદીપગિરી ગોસ્વામી, જીગ્નેશભાઈ ઠક્કર, રસિકભાઈ ઠક્કર, પૂજા તિવારી, પાલુબેન દાતણીયા, નગરપાલિકાના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.



સંત ત્રિકમ સાહેબ સેવા સંઘ અને સંત શિરોમણી રોહીદાસ સેવા ટ્રસ્ટ ગાંધીધામના સંયુક્ત ઉપક્રમે રાજ્ય સરકાર દ્વારા કલેક્ટર કચ્છ તરીકે બદલી થી આવેલ માન. શ્રી અનિલ રાણાવસીયા હાજર થતાં શુભેચ્છા મુલાકાત કરી બંને ટ્રસ્ટના હોદ્દેદારો ભરતભાઈ વી સોલંકી, ભાણજીભાઈ રાઠોડ, મણીલાલ કે પરમાર, હસમુખભાઈ પરમાર, હરેશભાઈ પરમાર દ્વારા પુષ્પગુચ્છ- શાલ મોમેન્ટો અર્પણ કરી શ્રી અનિલ રાણાવસીયા કલેકટર - કચ્છશ્રીનુ સ્વાગત સન્માન કરવામાં આવેલ.

# રાપરના પલાસવામાં ગંદકીથી સ્થાનિકો પરેશાન

## ગ્રામજનો દ્વારા સત્વરે સફાઈ માટે વહિવટીતંત્રને રજૂઆત : રજુઆત વેળાએ નવા આવેલ કચ્છ કલેકટરનું સન્માન કરાયો

ગાંધીધામ - કચ્છઉદય : રાપર તાલુકાના પલાંસવા ગામે નવાપરા વિસ્તારમાં ગટરની ગંદકીના કારણે લોકોને ઘરમાં બહાર નિકળવું મુશ્કેલ બન્યું છે. ત્યારે આ વિસ્તારના આગેવાનોએ કલેકટર અને ડીડીઓને ૭૦થી ૮૦ જેટલા આગેવાનોએ રજૂઆત કરી હતી. આ રજુઆત વેળાએ નવા આવેલા કચ્છ કલેકટર શ્રી અનિલ રાણાવસીયાનું ગ્રામજનોએ સન્માન કર્યું હતું.

ગ્રામજનોએ જિલ્લા કલેકટરને કરાયેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, પલાસવા નવાપરા વિસ્તારમાં આ વિસ્તારમાં ૧ હજાર જેટલા પરિવારો વસવાટ કરે છે. આ વિસ્તારના મુખ્ય રોડ પર વર્ષો પહેલા એક ફૂટની ગટર લાઈન આવી હતી, જે સમય જતાં ચોકઅપ થઈ ગઈ છે. ઘરોમાંથી નિકળતું દુષિત પાણી મુખ્ય રસ્તા પર ભરાઈ રહે છે, અને આખો રસ્તો કીચડથી ખદબદી રહ્યો છે. સ્થાનિકોએ આક્રો સાથે જણાવ્યું હતુ કે, આ વિસ્તારમાં કોઈ બિમાર પડે તો કીચડના કારણે ૧૦૮ એમ્બ્યુલન્સ પણ આવી શકતી નથી એટલું જ નહીં ગંદકીના કારણે અમારા દીકરા - દીકરીઓના લગ્ન સબંધો માટે કોઈ મહેમાન પણ આવી શકતા નથી. જેથી તાત્કાલિક ગટર લાઈન અને રસ્તા માટે ગ્રાન્ટની ફાળવી કરવામાં આવે તેવી માંગ કરી હતી. આ વેળાએ આગેવાનો સક્તા ભરવાડ, હીરા ભરવાડ, રત્ના ભરવાડ, ગણેશ ભરવાડ, જહા રામ ભરવાડ, નાનજીભાઈ ગોહિલ, બાબુભાઈ, ફકીરભાઈ, અશોકભાઈ, કાનાભાઈ, બાવલાભાઈ, ખાનાભાઈ, દુદાભાઈ ભરવાડ તેમજ આગેવાનો હાજર રહ્યા હતા. પ્રત્યુતરમાં તાત્કાલિક આનો સર્વે કરવામાં આવશે અને એજન્સીને ગટર, રોડ રસ્તાનું કામ આપવામાં આવશે એવી આગેવાનોને બાહેધરી આપવામાં આવી હતી.







# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | | | 5 | 4 | 9 |
| 3 | | | | | 4 | | 2 | 6 |
| | | | | | 7 | 3 | | |
| | 2 | 3 | | | 9 | | | 8 |
| 1 | | | | | | | | 2 |
| 5 | | | 4 | | | 9 | 1 | |
| | | 9 | 3 | | | | | |
| 2 | 3 | | 9 | | | | | 4 |
| 7 | 4 | 6 | | | 2 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 3 | 6 | 8 | 2 | 9 | 5 | 1 | 4 |
| 9 | 2 | 5 | 7 | 1 | 4 | 8 | 3 | 6 |
| 8 | 4 | 1 | 6 | 3 | 5 | 9 | 2 | 7 |
| 2 | 8 | 7 | 4 | 6 | 3 | 1 | 5 | 9 |
| 1 | 5 | 4 | 9 | 7 | 2 | 3 | 6 | 8 |
| 6 | 9 | 3 | 5 | 8 | 1 | 7 | 4 | 2 |
| 5 | 1 | 9 | 2 | 4 | 7 | 6 | 8 | 3 |
| 4 | 7 | 8 | 3 | 5 | 6 | 2 | 9 | 1 |
| 3 | 6 | 2 | 1 | 9 | 8 | 4 | 7 | 5 |

# અવસાન નોંધ

**અંજાર:** મૂળ ભીમાસર ભુટકિયાના ગં.સ્વ. શાંતાબેન સચદે (ઉ.વ. ૭૨) તે સ્વ. પ્રભુલાલ ઝવેરભાઈ સચદેના પત્ની, સ્વ. શાંતાબેન ઝવેરભાઈ સચદેના પુત્રવધૂ, સ્વ. સાકરબેન તલકશીભાઈ રામાણીના પુત્રી, ભાવનાબેન જિતેન્દ્રકુમાર ભીંડે, હંસાબેન રાજેશકુમાર મિરાણી, આરતીબેન હિતેષકુમાર અનમ, સંજયભાઈ, ધવલભાઈના માતા, રાજ, મીત, જિજ્ઞેશ, ભવ્ય, વિધિના નાની, જીતુબેન મણિલાલ હાલાણી, મધુબેન દિલીપભાઈ મિરાણી, જ્યોતિબેન ગિરીશભાઈ મિરાણી, રમીલાબેન શાંતિલાલ કાથરાણીના ભાભી, સ્વ. દયાળજીભાઈ, સ્વ. લાલજીભાઈના ભત્રીજી, સ્વ. જશોદાબેન નરભેરામ રાજદે (ભચાઉ), સ્વ. કાંતાબેન તુલસીદાસ સચદે, ગં.સ્વ. મણિબેન મગનલાલ સોમેશ્વર (અંજાર), સ્વ. હરિલાલ રામાણી, સ્વ. કાંતિલાલ રામાણી, સ્વ. જયંતીલાલ રામાણી, સ્વ. સાકરચંદ રામાણી, સ્વ. તુરષાબેન ખેતશીભાઈ સોમેશ્વર, કાશીબેન મંગલજી રાછના બહેન તા. ૧-૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૬ના બુધવારે સાંજે ૫થી ૬ લોહાણા મહાજનવાડી, સવાસર નાકા, અંજાર ખાતે.

**હલરા (તા. ભચાઉ) :** લક્ષ્મીબેન જશાભાઈ છુછિયા (ઉ.વ. ૯૬) તે સ્વ. જશાભાઈ ભોજાભાઈના પત્ની, ઉમરભાઈ, નારણભાઈ, ભચુભાઈ, રણજિતભાઈ, પ્રકાશભાઈના માતા, અજિતભાઈ, હંસરાજભાઈ, અનિલભાઈ, ભાવેશભાઈ, વિજયભાઈ, નીલેશભાઈ, મહાવીરભાઈ, પૃથ્વીરાજ, જયરાજભાઈ, ધ્રુવરાજ, રાજપાલના દાદી તા. ૨૪-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. આગરી તા. ૦૩-૦૬-૨૦૨૬ના સવારે, ઉત્તરક્રિયા તા. ૦૪-૦૬-૨૦૨૬ના પ્રકાશભાઈ જશાભાઈ છુછિયા (સરપંચ-હલરા)ના નિવાસસ્થાન મકાન નં. ૨૦૦/૧, સેક્ટર-૧, રામેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં, આધોઈ (શાહુનગર) ખાતે.

**ભુજ :** અમૃતભાઈ પ્રેમજી ચાવડા (ઉ.વ. ૬૭) તે સ્વ. ગંગાબેનના પતિ, સ્વ. પરસોત્તમ પ્રેમજી ચાવડા (સુરેન્દ્રનગર), હરેશ પ્રેમજી ચાવડા, જશુબેન (ચોટીલા), રમાબેન (મોરબી), રસીલાબેનના ભાઈ, મણિલાલ, શૈલેશભાઈના પિતા, મયૂરીબેન, ધારાબેનના સસરા, કીશુ, માનવ, કુનાલના દાદા, હાર્દિક, માનસીના મોટાબાપુ, ગીતાબેન, પરસોત્તમભાઈ ચાવડા (સુરેન્દ્રનગર)ના દિયર, પ્રકાશ, વિશાલ, સોનલ, સુનિતાના કાકા તા. ૧-૬-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩-૬-૨૦૨૬ના સાંજે ૫થી ૬ રાજપૂત સમાજવાડી, રઘુવંશી ચોકડી, ભુજ ખાતે.


કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.
અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.
સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેક્ટર-૧/એ, ગાંધીધામ


**માધાપર (તા. ભુજ) :** ભગવતીબેન વેલજીભાઈ રાયકુંડલ (ઉ.વ. ૮૮) તે સ્વ. વેલજીભાઈ કેશવજીભાઈ રાયકુંડલના પત્ની, સ્વ. કેશવજી ધનજી રાયકુંડલના પુત્રવધૂ, સ્વ. વલમજીભાઈ હેમરાજભાઈના પુત્રી, સ્વ. મૂલજીભાઈના બહેન, સ્વ. ભાણાબેનના નણંદ, પ્રદીપભાઈ, પ્રતાપભાઈ, દમયંતીબેન શંભુલલાલ ભગદે, કસ્તૂરબેન કલ્યાણજીભાઈ દાવડા, હેમાબેન ચંદ્રકાંતભાઈ દાવડાના માતા, સ્વ. શંભુલાલ ભગદે, કલ્યાણજીભાઈ દાવડા, ચંદ્રકાંતભાઈ દાવડા, સ્વ. જશવંતીબેન, જિજ્ઞાબેનના સાસુ, સ્વ. મણિલાલ, સ્વ. ચંદુલાલ, સ્વ. કાંતિલાલ, ગં.સ્વ. કંકુબેન ખટાઉભાઈ, ગં.સ્વ. બાલાબેન શાંતિલાલભાઈના ભાભી, સ્વ. ભાચીબેન, ગં.સ્વ. મંજુલાબેન, ગં.સ્વ. ભાગેરતીબેનના જેઠાણી, હેતલ, જીત, યશના દાદી, ઉદયભાઈ ઠક્કર, પૂજાબેન, વૈશાલીબેનના દાદીસાસુ, રેખા, કપિલ, કૌશિક, કરૂણા, હિતેશ, રીટા, નીલમ, હિરેન, કરિશ્મા, કૌશલ્યા, કીર્તનના નાની, ક્રિષ્નવી, નીતિ, શિવાંશ, દર્શન, જયના પરદાદી તા. ૧-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩-૬ના બુધવારે સાંજે ૫થી ૬ યક્ષ મંદિર હોલ, માધાપર ખાતે.

**દહીંસરા (તા. ભુજ) :** અનસૂયાબેન અરવિંદભાઈ વ્યાસ (ઉ.વ. ૭૮) તે હિનાબેન રાજેન્દ્ર જોષી, હિતેષ, નીરજના માતા, જાગૃતિબેન વ્યાસના સાસુ, વેદાંશીના દાદી, પાર્થ જોષી, દેવાંશીના નાની, ધનજી કુંવરજી પંડ્યા (ચાઈબાસા)ના પુત્રી તા. ૧-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩-૬ના બુધવારે સાંજે ૫થી ૬ ભૂતેશ્વર મહાદેવ મંદિર, બસ સ્ટેશન, દહીંસરા ખાતે.

**સણોસરા (તા. ભુજ) :** રબારી કલા રાણા (વેલાભાઈ) (ઉ.વ. ૫૩) તે વંકા અને રવિના પિતા, લાછુબેનના પતિ, કમાભાઈ વંકાભાઈ, રાજાભાઈ, હમીરના ભાઈ તા. ૨૪-૫ના અવસાન પામ્યા છે. આગરી તા. ૩-૬ના અને ઘડાઢોળ તા. ૪-૬ના નિવાસસ્થાન સણોસરા ખાતે.

**મુંદરા :** મૂળ માંડવીના હરેશ સીજુ (નિમેષા ગેસ-મુંદરા) (ઉ.વ. ૪૫) તે સ્વ. હીરજી મેઘજી સીજુ તથા ગં.સ્વ. ખેતબાઈના પુત્ર, નિશાબેનના પતિ, પાર્થ તથા હર્પિતાના પિતા, રાજેશ, નિર્મળા, મનોજ (નિર્મલ ગેસ)ના ભાઈ, આતુભાઈ પૂંજાભાઈ ચુંણા (ગાંધીધામ)ના જમાઈ, આનંદ આતુભાઈના બનેવી, વિજય કાંતિલાલ સુંઢા (આદિપુર)ના સાળા, સ્વ. દામજી તેજા સોધમ, સ્વ. પરબત તેજા સોધમ, નારાણ તેજા સોધમ (મુંદરા)ના ભાણેજ તા. ૩૧-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બેસણું નિવાસસ્થાન પ્લોટ નંબર ૧૫, રિદ્ધિનગર-૨, મુંદરા ખાતે. છેલ્લું પાણીવાર તા. ૭-૬-૨૦૨૬ના વલસરા મતિયાદેવ, માંડવી ખાતે.

**મુંદરા :** કુંભાર ઈસ્માઈલ ઓસમાણ (ઉ.વ. ૬૫) (પાણી પુરવઠા કર્મચારી મુંદરા-બારોઈ નગરપાલિકા) તે અબ્દુલ, મામદ, અલ્તાફ ઉમરના પિતા, ફૈઝાન અબ્દુલના દાદા, મ. બુઢા, આધમ, કાસમ, ઉમર, ફકીરમામદના ભાઈ, ઈકબાલ જમાલ (ભુજ)ના સસરા તા. ૨-૬-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૪-૬-૨૦૨૬ના સવારે ૧૦થી ૧૧ નિવાસસ્થાને તાલુકા પંચાયતની બાજુમાં, બારોઈ રોડ, મુંદરા ખાતે.

**મુંદરા :** મૂળ જાફરાબાદના ફાતમાબેન નાયાભાઈ ભરચ (ઉ.વ. ૮૬) તે ઈલયાસ, હુશેનભાઈ, હનીફભાઈ, મ. મોહમદભાઈ, હમીદાબેન, બિલ્કીશબેન, સરીફાબેનના માતા, મ. નાયાભાઈના પત્ની, કાસમભાઈ, મ. સરીફાબાઈ, બસીરભાઈ, અખતરબેનના મોટીમા, જેતુનબેન, નજમાબેન, રૂબિનાબેન, હસીનાબેનના સાસુ તા. ૧-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૩-૬ના બુધવારે જાફરાબાદ ખાતે.

**નવીનાળ (તા. મુંદરા) :** ખલીફા સકીનાબાઈ હાસમ (ઉ.વ. ૭૫) તે મ. હાસમ અબ્રેમાન ખલીફાના પત્ની, મ. જુસબ, સિધિક મીઠુ (નાગલપર)ના બહેન, કાસમ, હુસૈન, રજાક, મુસ્તાક , ઈમરાન, મુમતાઝ સૈફુદીન (નલિયા)ના માતા, જુસબ અબ્રેમાન (બાવાભાઈ) (ભુજ), ઈશાક, હારુન (ગુંદિયાળી), ઓસમાણ આમદના ભાભી તા. ૧-૬-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૪-૬-૨૦૨૬ના ગુરુવારે સવારે ૧૦થી ૧૧ મુસ્લિમ જમાતખાના, નવીનાળ ખાતે.

**સલાયા (તા. માંડવી) :** જુણેજા ખતીજાબાઈ ઈબ્રાહિમ (ઉ.વ. ૮૬) તે ઉસ્માનભાઈ (નિવૃત્ત એ.એસ.આઈ.), કાસમભાઈના માતા, સૈયદ નઝીરહુશેન (નિવૃત્ત રેલવે) (ભુજ), ભટ્ટી હમજા અહેમદના સાસુ, મ. જાફર, મ. આદમ, અબ્દુલ રહેમાન (નિવૃત્ત પો. હેડ કોન્સ.)ના ભાભી તા. ૧-૬-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૪-૬-૨૦૨૬ના સવારે ૧૧થી ૧૨ જુણેજા કાસમ ઈબ્રાહિમના નિવાસસ્થાન મોચી તળાવ, માંડવી ખાતે.

**જડોદર (તા. નખત્રાણા) :** કાનજી સામત મેરિયા (ઉ.વ. ૮૫) તે રત્નાબાઈના પતિ, આચાર પૂંજા બળિયા (રામસર)ના જમાઈ, સ્વ. મંગા સામતના નાના ભાઈ, ડાયાલાલ, ધનજીભાઈ, પરબતભાઈ, સામજીભાઈ, હીરબેન મગન, કમળાબેન પાલશી, લખીબેન દેવજી, પાર્વતીબેન પચાણભાઈના પિતા, જેઠા મંગાના કાકા, રમેશ, અરજણ, ભરત, વિનોદ, શિવજી, જગદીશ, સ્વ. પ્રતાપ, દિનેશ, અરવિંદ, શામજી, રાજવીરના દાદા તા. ૨૪-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. તેમની ધાર્મિકક્રિયા તા. ૩-૬-૨૦૨૬ના સાંજે આગરી, ૪-૬-૨૦૨૬ના ઘડાઢોળ પાણી નિવાસસ્થાન જડોદર ખાતે.

**નલિયા (તા. અબડાસા) :** ખલીફા હમીદાબેન સુલેમાન (ઉ.વ. ૬૭) તે સુલેમાન આધમ ખલીફાના પત્ની, હાજી અબ્દુલ ગફૂર મુન્શી (માંડવી)ના બહેન, આધમ, ઈમરાન, મુમતાઝ અનવર (મુંદરા), જરીના ઈકબાલ (પાનધ્રો), યાસ્મીન શબ્બીર (મુંદરા), રેશ્મા ઝાકીર (નખત્રાણા)ના માતા, શીરીન તથા અફસાનાના સાસુ, મહંમદ નવાઝ, મહંમદ ફૈઝ, મહંમદ શાહિદ, ઈનાયતના દાદી, આફતાબ, સાયેબ, કાસમ, કૈફ, સલમાના નાની, ઈસ્માઈલ, અલીમામદ, અબ્દુલ આધમના ભાભી તા. ૧-૬-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૪-૬-૨૦૨૬ના સવારે ૧૦.૩૦થી ૧૧.૩૦ ન્યાલશા પીરની દરગાહ, વથાણ ચોક, નલિયા ખાતે.

# ગાંધીધામમાં વિકાસ કાર્યોની કમિશનર બી.ડી. દવેરાએ કરી સમીક્ષા





ગાંધીધામ : ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશનર બી.ડી. દવેરાએ કિડાણા વિસ્તારના વિવિધ રોડ અને તળાવ બ્યુટીફિકેશનના વિકાસ કાર્યોનું સ્થળ પર નિરીક્ષણ કર્યું. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સંજય રામાનુજ, ઈજનેરો, PMC, TPI અને કોન્ટ્રાક્ટરોની હાજરીમાં કામગીરીની સમીક્ષા કરી કામની ગુણવત્તા જાળવવા અને નિર્ધારિત સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવા સૂચનાઓ આપવામાં આવી. સાથે જ ઈજનેર વિભાગને નિયમિત સ્થળ ચકાસણી અને સમીક્ષા કરવા પણ તાકીદ કરાઈ.

# આયુષ્માન ભારત યોજના હેઠળ નિઃશુલ્ક સારવારથી જીવનમાં નવી આશા

## પિત્તાશયની સર્જરી અને નિઃશુલ્ક સારવારનો લાભ મળતા પ્રધાનમંત્રીને પત્ર લખી માન્યો આભાર

ગાંધીધામ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના આદિપુર શહેરના રહેવાસી શ્રી મોહનભાઈ ગોવિંદભાઈ મહેશ્વરીએ પ્રધાનમંત્રીને પત્ર લખી આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ મળેલી નિઃશુલ્ક સારવાર બદલ આભાર વ્યક્ત કર્યો છે.તેમણે લાગણીથી લખેલા પત્રમાં જણાવ્યું છે કે, તેમના પિતાજી ગોવિંદભાઈ મહેશ્વરીને પિત્તાશયની તકલીફ હોવાથી તબીબી સારવાર અને સર્જરીની જરૂર હતી.

આયુષ્માન કાર્ડ દ્વારા આસારવાર અને ઓપરેશનભુજની ખાનગી હોસ્પિટલમાં નિઃશુલ્ક કરવામાં આવ્યું હતું. ખાનગી હોસ્પિટલમાં ગુણવત્તાસભર આરોગ્ય સેવામળવાથી તેઓ આ યોજનાથી ખૂબ રાજી થયા છે.

મોહનભાઈએ ભારત સરકારની આ યોજનાને સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો માટે આશીર્વાદ સમાનગણાવી છે અને યોજનાના વ્યાપક લાભની પ્રશંસાકરતાં તેમણે માનનીય પ્રધાનમંત્રીશ્રીનો અને આ યોજનાથી જોડાયેલા તમામ કર્મચારીઓનોને હૃદયપૂર્વક અભિનંદન આપતા આભાર વ્યક્ત કર્યો છે.

પોતાના પત્રમાં તેમણે જણાવ્યું છે કે આયુષ્માન ભારત યોજના ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે આરોગ્ય સુરક્ષાનું મજબૂત કવચ બની છે.તેમના દ્વારા લખાયેલા આ આભાર પત્રથી સ્પષ્ટ થાય છે કે આયુષ્માન ભારત યોજના દેશના લાખો પરિવારોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં અસરકારક સાબિત થઈ રહી છે.તેમજ કેન્દ્ર સરકારની આ આરોગ્ય યોજના દેશના કરોડો નાગરિકોને આરોગ્ય સુરક્ષા પૂરી પાડીને સર્વસમાવેશી વિકાસના ધ્યેયને સાકાર કરી રહી છે.શ્રી મોહનભાઈએ પત્ર દ્વારા પ્રધાનમંત્રીશ્રીને અભિનંદન પાઠવતા લખ્યું છે કે ગરીબ પરિવારોને આ યોજનાનોલાભમળતો રહે અને ૨૦૪૭માં સમગ્ર દેશ સ્વર્ણ ભારત બની રહે એવી અભિલાષા પણ વ્યક્ત કરી છે.

# ભચાઉના ભરુડિયા ગામમાંથી પસાર થતી ઓવરલોડ મીઠાની ગાડીઓ સામે ગ્રામજનોનો રોષ

## તાત્કાલિક પ્રતિબંધ મૂકવામાં નહીં આવે, તો સંગઠન અને સ્થાનિક નાગરિકો સાથે મળીને રસ્તા પર ઉતરવાની ફરજ પડશે

### ઓવરલોડ ગાડીઓને કારણે ભરુડિયાથી એકલ માતા તરફ જતા કેનાલના પુલને ભારે નુકસાન

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ તાલુકાના ભરુડિયા ગામમાં રાત્રિના સમયે મીઠા ભરેલી ઓવરલોડ ગાડીઓના બેફામ અવરજવરથી ગ્રામજનો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. કચ્છ માતૃભૂમિ સંગઠનના પ્રમુખ દિનેશ એચ. કાંઠેયા દ્વારા મુખ્યમંત્રીને કરવામાં આવેલી રજૂઆતમાં જણાવ્યા અનુસાર, એકલ રણ વિસ્તાર અને ચોબારીના મીઠાના કારખાનાઓમાંથી નીકળતી આ ઓવરલોડ ગાડીઓને કારણે ભરુડિયાથી એકલ માતા તરફ જતા કેનાલના પુલને ભારે નુકસાન થયું છે અને તે ગમે ત્યારે તૂટી પડવાની ભીતિ સેવાઈ રહી છે.આ ભારેખમ ગાડીઓની અવરજવરથી અગાઉ પણ અનેક ગંભીર અકસ્માતો સર્જાયા છે જેમાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે. સ્થાનિકોએ અગાઉ પણ આ અંગે અનેકવાર રજૂઆતો કરી હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. સંગઠન પ્રમુખે ચેતવણી આપી છે કે જો તંત્ર દ્વારા આ ઓવરલોડ ગાડીઓ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવામાં નહીં આવે, તો સંગઠન અને સ્થાનિક નાગરિકો સાથે મળીને રસ્તા પર ઉતરવાની ફરજ પડશે. આ ગંભીર બાબતને ધ્યાને લઈ ત્વરિત પગલાં લેવા માટે અપીલ કરવામાં આવી છે.

## રત્નકણિકા

સાચો માણસ ક્યારેય કોઇને નફરત કરતો નથી.- નેપોલિયન બોનાપાર્ટ

## પંચાગ

કનકચંદ્ર સી. વ્યાસ

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. ૬એ-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ વદ-૩ સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૧૦:૧૬ ક.) તા.૩ જૂન ૨૦૨૬, બુધવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૧૭, પૂર્વાષાઢા નક્ષત્ર, શુભ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

કનકચંદ્ર સી. વ્યાસ

**મેષ** — માંગલિક કાર્યમાં સફળતા મળે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય.

**વૃષભ** — કૌટુંબિક સમસ્યા હળવી બને. અણધારી લાભની તક સાંપડે.

**મિથુન** — મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.

**કર્ક** — ગૃહવિવાદ થાય. નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું.

**સિંહ** — કાર્યબોજ હળવો બને. મનની મુરાદ બર આવે.

**કન્યા** — મુસાફરીનું આયોજન સફળ થાય. લાભની તક સાંપડે.

**તુલા** — મનમાં પ્રફુલિતતા રહે. આર્થિક લાભ થાય.

**વૃશ્ચિક** — પ્રિય પાત્રથી મિલન-મુલાકાત થાય. ખાવા-પીવામાં કાળજી રાખવી.

**ધન** — મનમાં ચંચળતા રહે. નવિન શુભ સમાચાર મળે.

**મકર** — કૌટુંબિક જવાબદારીમાં વધારો થાય. ધીરજ રાખવી હિતાવહ.

**કુંભ** — આનંદમય દિવસ પસાર થાય. મનમાં પ્રસન્નતા અનુભવાય.

**મીન** — આવક- જાવક સરભર રહે. ક્રોધ પર કાબુ રાખવો.

# અમદાવાદ રેલવે મંડળમાં ગાંધીધામ ક્ષેત્રએ માલ લદાનમાં જાળવ્યું મોખરાનું સ્થાન









### મંડળનું મે મહિનામાં માલ ભાડાની આવક ૫૧૭ કરોડને પાર

ગાંધીધામ : પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના પરિચાલન વિભાગે મે ૨૦૨૬ દરમિયાન માલ લદાન, આવક સર્જન, માળખાકીય સુવિધાઓ તેમજ મુસાફર સેવાઓના ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરીને સફળતાના નવા કીર્તિમાન સ્થાપિત કર્યા છે. આ સમયગાળા દરમિયાન મંડળે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. પશ્ચિમ રેલવેના વિકાસમાં કચ્છનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

નાણાકીય અને માલ લદાનના ક્ષેત્રે અમદાવાદ મંડળે મે ૨૦૨૬ દરમિયાન રૂા. ૫૧૭.૩૪ કરોડ રૂપિયાની માલ ભાડા આવક પ્રાપ્ત કરીને એક મોટી સિદ્ધિ મેળવી છે. આ મહિને કુલ ૩.૯૩ મિલિયન ટન માલનું લદાન કરવામાં આવ્યું છે, જે ગયા વર્ષની સમાન અવધિના ૩.૮૩ મિલિયન ટનની સરખામણીએ ૨.૬ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. આ પ્રક્રિયા દરમિયાન મંડળમાં દરરોજ સરેરાશ ૨૬૩૯.૪૮ વેગનોનું લદાન નોંધાયું છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે મીઠાના લદાનમાં આશરે ૩૧.૫૩ ટકા, ખાતરોમાં ૧૩.૦૨ ટકા અને અન્ય કોમોડિટીઝના લોડિંગમાં ૨૨.૬૪ ટકા જેટલો મોટો વધારો જોવા મળ્યો છે. માલ લદાનના આ સમગ્ર વ્યવસ્થાપનમાં કચ્છ જિલ્લાનું ગાંધીધામ ક્ષેત્ર સૌથી આગળ રહ્યું છે, જ્યાં પ્રતિદિન સરેરાશ ૧૯૩૬.૯૭ વેગનોનું રેકોર્ડબ્રેક લદાન કરવામાં આવ્યું છે.આ સાથે જ બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટના વિશેષ પ્રયાસોથી કચ્છ અને ગાંધીધામ ક્ષેત્રે લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં એક નવો માઈલસ્ટોન હાંસલ કર્યો છે. મંડળ દ્વારા "કચ્છથી કાશ્મીર" માલ પરિવહન પહેલની સફળ શરૂઆત કરવામાં આવી છે, જે અંતર્ગત ૨૦ બીસીએન વેગનોમાં ભીમાસરથી બારી બ્રાહ્મણ અને અનંતનાગ માટે ખાદ્ય તેલની પ્રથમ ઐતિહાસિક ખેપ રવાના કરવામાં આવી હતી. આ ઉપરાંત કચ્છ જિલ્લાના મુસાફરો માટે પણ રેલવે તંત્ર દ્વારા મહત્વના નિર્ણયો લેવાયા છે, જેમાં ભુજથી દિલ્હી વચ્ચે દૈનિક એક્સપ્રેસ ટ્રેનની નવી સેવા શરૂ કરવામાં આવી છે. તેમજ સનોસરા અને નલિયા સેકશન વચ્ચે રેલવે પુલ પરના ગતિ પ્રતિબંધોમાં રાહત આપીને ટ્રેનોની મહત્તમ ઝડપ ૭૦ કિમી પ્રતિ કલાકની કરવામાં આવી છે, જેનાથી કચ્છ વિસ્તારની રેલ કનેક્ટિવિટી વધુ ઝડપી બનશે.

મંડળે આ મહિને રેકોર્ડ ૧૪૯ લૉન્ગ-હોલ ટ્રેનો દોડાવીને અગાઉના વર્ષની સરખામણીએ ૪૩૨ ટકાથી વધુનો અદભુત વધારો નોંધાવ્યો છે, જ્યારે ૧૭૨૦ જેટલી ક્રેક ટ્રેનોનું પણ સંચાલન કરવામાં આવ્યું છે. ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પોઈન્ટ્સ પર ટ્રેનોના ઈન્ટરચેન્જમાં ૭.૪૩ ટકાનો વધારો થતાં તે સરેરાશ ૮૮.૧૯ ટ્રેનો પ્રતિદિન સુધી પહોંચ્યો છે. પરિચાલનને વધુ સુગમ બનાવવા માટે રાધનપુર અને પિપળી સેકશન વચ્ચેના લેવલ ક્રોસિંગને દૂર કરવા સહિતના ૪ મુખ્ય અવરોધોને કાયમી ધોરણે હટાવી દેવામાં આવ્યા છે. આમ અમદાવાદ મંડળે માલ અને મુસાફર પરિવહન સહિત સુરક્ષા અને વ્યવસ્થાપનની બાબતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને પશ્ચિમ રેલવેનું ગૌરવ વધાર્યું છે.

# એસ.ટી. નિગમની પડતર માંગણીઓ અંગે વાહનવ્યવહાર મંત્રી સાથે મઝદૂર મહાસંઘની બેઠક યોજાઈ

### આઉટસોર્સિંગ પ્રથા બંધ કરી કાયમી ભરતી કરવા અને મોંઘવારી ભથ્થું ચૂકવવા માંગ : પ્રશ્નોનું નિરાકરણ ન આવે ત્યાં સુધી આંદોલન યથાવત રાખવાની મઝદૂર મહાસંઘની જાહેરાત

ભુજ - કચ્છઉદય : ગુજરાત એસ.ટી. મઝદૂર મહાસંઘ દ્વારા નિગમના પડતર પ્રશ્નો અને વિવિધ માંગણીઓ સંદર્ભે આપેલા આંદોલનના પગલે ગાંધીનગર ખાતે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યના વાહનવ્યવહાર મંત્રી પ્રવિણભાઈ માળીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં ભારતીય મઝદૂર સંઘ અને પરિવહન મહાસંઘના ઉચ્ચ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન એસ.ટી. નિગમના વિકાસ અને કર્મચારીઓના હિતને સ્પર્શતા અનેક પ્રશ્નો અંગે ખૂબ જ હકારાત્મક વાતાવરણમાં વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. વાહનવ્યવહાર મંત્રીએ તમામ મુદ્દાઓ પર હકારાત્મક પ્રતિભાવ આપીને તેનું યોગ્ય નિરાકરણ લાવવાની ખાતરી આપી છે. જો કે, મઝદૂર મહાસંઘે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી આ પડતર પ્રશ્નોનું ચોક્કસ નિરાકરણ નહીં આવે ત્યાં સુધી સંગઠનનું આંદોલન યથાવત રહેશે. જે અંતર્ગત રાજ્ય સરકાર અને એસ.ટી. નિગમના મેનેજિંગ ડિરેક્ટરને પડતર માંગણીઓ અંગેનું આવેદનપત્ર પાઠવીને આંદોલનના આગામી કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવશે. આ બેઠકમાં મઝદૂર મહાસંઘ દ્વારા કર્મચારીઓના હિત રક્ષણ માટે કેટલાક અત્યંત મહત્વના મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. સંગઠને નિગમમાં ખાનગી એજન્સીઓ મારફતે આઉટસોર્સિંગ કે કોન્ટ્રેક્ટ પદ્ધતિથી ચાર હજાર જેટલા ડ્રાઈવર અને કંડક્ટર લેવાની ચાલી રહેલી પ્રક્રિયા તાત્કાલિક બંધ કરવાની માંગ કરી છે. આ પ્રથા બંધ કરીને કાયમી ધોરણે નવી ભરતી યોજવામાં આવે તો રાજ્યના લાખો બેરોજગાર યુવાનોને રોજગારીની સાચી તક મળી શકે તેમ છે. આ ઉપરાંત, નિગમમાં વોચમેન અને સફાઈ કર્મચારીઓ તરીકે આઉટસોર્સિંગથી કામ કરતા કર્મચારીઓનું શોષણ અટકાવવા માટે પણ કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરી કાયમી કર્મચારીઓની ભરતી કરવા ભારપૂર્વક રજૂઆત કરાઈ છે.

નિગમની આર્થિક સ્થિતિ અને કર્મચારીઓના આર્થિક લાભો અંગે પણ બેઠકમાં વિસ્તૃત ચર્ચા થઈ હતી. ખાનગી એજન્સીઓ પાસેથી કિલોમીટર દીઠ કરોડો રૂપિયા ચૂકવીને રાખવામાં આવેલી વોલ્વો અને એસી બસોની નીતિ નિગમને મોટું આર્થિક નુકસાન પહોંચાડી રહી હોવાથી આ પોલિસી બંધ કરી નિગમ હસ્તકની પોતાની જ બસો ખરીદવા સૂચન કરાયું છે. સાથોસાથ જીપીએસ સિસ્ટમ પાછળ થતા કરોડો રૂપિયાના બિનજરૂરી ખર્ચમાં ઘટાડો કરવા પુનઃવિચારણા કરવા જણાવાયું છે. કર્મચારીઓના આર્થિક હિતો માટે જુલાઈ-૨૦૨૫ અને જાન્યુઆરી-૨૦૨૬ની ચડત મોંઘવારી એરિયર્સ સાથે ચૂકવવા, કર્મચારીઓને ૧૦-૨૦-૩૦ મુજબ ઉચ્ચતમ પગારધોરણનો લાભ આપવા તેમજ અગાઉ ચર્ચા થયેલા વિવિધ ભથ્થાઓના ચૂકવણા અંગેના પાર્ટ-૨ ના મુદ્દાની તાત્કાલિક અમલવારી કરવા માંગણી કરાઈ છે. આ સિવાય વર્ગ-૧ ના અધિકારીઓમાં ઉભા થયેલા સિનિયોરિટીના વિવાદ અંગે નામદાર હાઈકોર્ટે આપેલા હુકમનું ત્વરિત પાલન કરવા પણ રજૂઆત કરવામાં આવી હતી.

### વાસદ-રણોલી સ્ટેશનો વચ્ચે બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

અમદાવાદ - કચ્છઉદય : પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં વાસદ – રણોલી સ્ટેશનો વચ્ચે બ્રિજ નં. ૬૨૪ (અપ લાઈન) પર રી-ગર્ડરિંગ કાર્ય માટે ૩ જૂનના ૫:૩૦ કલાકનો મેગા બ્લોક લેવામાં આવશે. જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે, જે મુજબ સંપૂર્ણ રદ ટ્રેનોમાં ટ્રેન નં. ૧૯૦૩૬ મણિનગર – વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે. ટ્રેન નં. ૧૯૦૩૫ વડોદરા – મણિનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે. આંશિક રદ ટ્રેનમાં ટ્રેન નં. ૨૨૯૬૦ જામનગર – વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે અને અમદાવાદ–વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. રીશેડ્યૂલ/રેગ્યુલેટ ટ્રેનોમાં ટ્રેન નં. ૧૨૦૧૦ અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસ ૪૦ મિનિટ, ટ્રેન નં. ૧૬૫૩૩ ભગત કી કોઠી - કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ ૫૫ મિનિટ રેગ્યુલેટ રહેશે, ટ્રેન નં. ૧૨૪૭૭ જામનગર - શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ ૫૦ મિનિટ રેગ્યુલેટ રહેશે, ટ્રેન નં. ૨૦૬૨૬ ભગત કી કોઠી–એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ એક્સપ્રેસ ૫૫ મિનિટ રેગ્યુલેટ રહેશે. મુસાફરોને ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને કોચ રચના સંબંધિત વધુ માહિતી માટે મુસાફરોને વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

# મુંદરા જન સેવાના રાજ સંઘવીના જન્મદિવસે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે ઉજવણી કરાઈ



### રાજકીય, સામાજિક આગેવાનોએ શુભેચ્છાઓ પાઠવવા સાથે સેવાકીય પ્રવૃતિઓમાં રહ્યા ઉપસ્થિત

મુંદરા - કચ્છઉદય : સેવાભાવી જન સેવાના રાજ સંઘવીના જન્મદિન પ્રસંગે ગાયોને ચારો, શ્વાનોને દૂધનું વિતરણ તેમજ ગરીબ વસાહતના બાળકોને ભોજન, ચોકલેટ, બિસ્કિટ, જેલી સહિતની વિવિધ સામગ્રીઓ પીરસવામાં આવી હતી.

મુન્દ્રા બારોઇ નગરપાલિકાના પ્રમુખ ભોજરાજ ગઢવી, મુન્દ્રા શહેર ભાજપ પ્રમુખ અરવિંદ પટેલ, પૂર્વ નગરપતિ રચનાબેન જોશી, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન અને મુન્દ્રા ચારણ સમાજના પ્રમુખ વિરમભાઈ ગઢવી, મુન્દ્રા સુધરાઈના શાસક પક્ષના નેતા દિલીપ ગોર, પ્રવીણચંદ્ર ગણાત્રા, કાઉન્સિલર પ્રતિનિધિ ધ્રુવરાજસિંહ ચુડાસમા, સંજય ઠક્કર, અમૂલ ચોથાણી, હરેશ ઠક્કર, અદાણી ગ્રુપ મીડિયા વિભાગના જયદીપભાઈ શાહ, રમેશભાઈ આયડી, મુન્દ્રા દાઉદી વ્હોરા સમાજના શબ્બીર વ્હોરા, મુન્દ્રા લોહાણા મહાજન પ્રમુખ કિશોર ચોથાણી, મુન્દ્રા બ્રહ્મ સમાજના પ્રમુખ મુકેશ ગોર, મુન્દ્રા જૈન સમાજના કરણ મહેતા, પ્રણવ શાહ, મુન્દ્રા પાંજરાપોળના પ્રમુખ નવીન મહેતા, મુન્દ્રા ખારવા સમાજના પ્રમુખ રાજેશ કષ્ટા, અરવિંદભાઈ થારૂ, જગદીશ કેસરિયા, ભાવિન શાહ, રૂપેશ ઝાલા, પરેશ રાઠોડ, દિનેશ માલમ, દેવજી માલમ, મુન્દ્રા ઝીરો પોઈન્ટ પોલીસ ચોકીના જયેન્દ્રસિંહ ઝાલા, કાનાભાઈ રબારી તેમજ રાજકીય સામાજિક આગેવાનોએ જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવવા સાથે સેવાકીય પ્રવૃતિઓમાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ભીષણ ગરમીમાં બસમાં છ કલાકથી વધુની મુસાફરી કરી

### ગાંધીનગરથી સાબરકાંઠાના કેશરગંજ સુધી મુસાફરી કરી : રાજ્યપાલશ્રી સાદગીથી સહમુસાફરો પણ થયા આશ્ચર્યચકિત

ગાંધીનગર - કચ્છઉદય : ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તેમની સાદગી અને જનતા પ્રત્યેના અવિરત લગાવ માટે હંમેશાં પ્રેરણારૂપ રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવેલા રાષ્ટ્રહિતના આહવાનને ઝીલીને, રાજ્યપાલશ્રીએ ફરી એકવાર સાદગીનું અદભૂત ઉદાહરણ પૂરું પાડ્યું છે.

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના કેશરગંજ ગામે આયોજિત બે દિવસીય ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત આયોજિત વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થવા માટે રાજ્યપાલે કોઈ કાફલા કે વિશેષ વાહનનો ઉપયોગ કરવાને બદલે સામાન્ય એસ.ટી. બસમાં મુસાફરી કરવાનું પસંદ કર્યું હતું. હાલમાં રાજ્યભરમાં પ્રવર્તી રહેલી ભીષણ ગરમી અને લૂ નો પ્રકોપ છતાં, રાજ્યપાલે સામાન્ય નાગરિકોની જેમ બસમાં પ્રવાસ કર્યો હતો. રાજ્યપાલએ કાર્યક્રમમાં પહોંચવા માટે ગાંધીનગરથી ભરબપોરે ૩ વાગે આકરા તાપમાં મુસાફરી શરૂ કરી હતી. તેવી જ રીતે, પરત ફરવા માટે પણ બપોરના સમયે અત્યંત ગરમી વચ્ચે એસ.ટી. બસમાં મુસાફરી કરી હતી. ગાંધીનગરથી કેશરગંજ જવા માટે અંદાજિત ત્રણ કલાક અને ત્યાંથી પરત ફરવા માટે પણ અંદાજે ત્રણ કલાક, એમ કુલ છ કલાકથી વધુ સમય તેમણે એસ.ટી. બસમાં પસાર કર્યો હતો. રાજ્યના સર્વોચ્ચ બંધારણીય પદ પર હોવા છતાં, તેમણે કરેલી આ મુસાફરી સૌ કોઈ માટે આશ્ચર્ય અને પ્રેરણાનો વિષય બની છે.

બસમાં મુસાફરી દરમિયાન રાજ્યપાલે સહમુસાફરો સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો. રાજ્યપાલે જણાવ્યું હતું કે, જનતાની વચ્ચે રહીને તેમની સુખ-દુઃખની વાતો જણાવી એ જ મારા માટે સૌથી મોટો સંતોષ છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની આ પહેલ સાબિત કરે છે કે લોકકલ્યાણ માટે પદ કરતાં પણ સેવાની ભાવના અને સાદગી વધુ મહત્વની છે. તેમની આ મુલાકાત સાબરકાંઠાના કેશરગંજ અને આસપાસના ગ્રામજનો માટે કાયમ યાદગાર બની રહેશે.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી રાજ્યપાલે ગ્રામ કલ્યાણ કાર્યક્રમની શરૂઆત કરી છે, જે અન્વયે દર અઠવાડિયે કોઈ એક તાલુકાના કોઈ ગામમાં બે દિવસીય કાર્યક્રમ યોજવામાં આવે છે. સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના કેશરગંજ ગામે આયોજિત ગ્રામ કલ્યાણ કાર્યક્રમના પ્રથમ દિવસે રાજ્યપાલે ગ્રામજનો સાથે વૃક્ષારોપણ કર્યું, સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થયા, અનુસૂચિત જાતિ પરિવારના ઘરે રાત્રી ભોજન ગ્રહણ કર્યું, રાત્રી સભામાં ગ્રામજનો સાથે ગ્રામોત્થાનના વિવિધ વિષયો અંગે સંવાદ કર્યો તથા ગામની પ્રાથમિક શાળાના સામાન્ય ઓરડામાં રાત્રી વિશ્રામ કર્યો હતો. બીજા દિવસની વહેલી સવારે રાજ્યપાલે શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સાથે યોગાભ્યાસ કર્યો હતો. ખેડૂતના ઘરે જઈ સ્વયં ગૌ દુગ્ધ દોહન કર્યું હતું. રાજ્યપાલે પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂતના ખેતરે જઈ હળ ચલાવ્યું હતું તથા પ્રાકૃતિક મોડલ ફાર્મનું નિરીક્ષણ કરી ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન આપ્યું. આ ઉપરાંત, પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતો સાથે સંવાદ કરી પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહવાન કર્યું હતું.

# પાણી વેરા વસુલાત પ્રોત્સાહક યોજના હેઠળ ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ગ્રામ પંચાયતોને પ્રસંશાસહ સન્માનપત્ર એનાયત કરાયા

### રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગા તથા પ્રભારીમંત્રી કાંતિલાલ અમૃતિયાની ઉપસ્થિતિમાં ૭ પંચાયતોને પ્રોત્સાહિત કરાઇ : રાપર તાલુકાની શાણપર, ભુજ તાલુકાની વર્ધમાનનગર, નાગોર, નખત્રાણા તાલુકાની નેત્રા, માંડવી તાલુકાની ગુંદીયાળી, લખપત તાલુકાની જુણાગીયા, ભચાઉ તાલુકાની ઘરાણા ગ્રામ પંચાયતોને સન્માનિત કરાઈ





ભુજ - કચ્છઉદય : ગ્રામ્ય કક્ષાએ પાણી પુરવઠા યોજનાઓનું અસરકારક અને યોગ્ય સંચાલન થાય, યોજનાનું માળખું સુદ્રઢ બને, પાણી વેરાની વસૂલાતમાં નિયમિતતા આવે તેમજ ગ્રામ પંચાયત સક્ષમ બને તે હેતુથી પાણી પુરવઠા વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા પાણી વેરા પ્રોત્સાહન યોજના જાહેર કરવામાં આવી છે. જે હેઠળ તાજેતરમાં રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા તથા પ્રભારીમંત્રી કાંતિલાલ અમૃતિયા તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં પંચાયતોને પાણી વેરા વસુલાત પ્રોત્સાહક યોજનાના પ્રસંશાસહ સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ યોજના ૦ % થી ૩૦ % સુધી પાણી વેરા વસૂલાત ધરાવતા ગામોની પંચાયતોને જ લાગુ પડે છે. આ ગામોમાં ઈ-ગ્રામ પોર્ટલ મુજબ ઉઘરાવેલ પાણી વેરાની ખરાઈ કર્યા બાદ પાત્રતા ધરાવતી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક યોજનાની રકમ ફાળવવામાં આવે છે. યોજનાના માપદંડ મુજબ પાણી વેરાની થયેલ વસૂલાત કુલ માંગણાના ૫૦ % કરતાં વધુ હોવી જોઈએ. ગ્રામ પંચાયતને મહત્તમ રૂ. ૧,૫૦,૦૦૦ સુધીની મર્યાદામાં પ્રોત્સાહન રકમ મળવા પાત્ર છે. ઉપરાંત નાણાંકીય વર્ષ દરમિયાન જેટલા ઘરોમાંથી પાણી વેરા વસૂલાત થયેલી હોય તે માટે ગ્રામ પંચાયતના ફઝઈને ડેટા એન્ટ્રી થયેલ પ્રતિ ઘર લેખે રૂ. ૭ પ્રોત્સાહન મળવાપાત્ર રહે છે. છે.

પાણી વેરા પ્રોત્સાહન યોજનાના પ્રારંભિક વર્ષ ૨૦૨૪-૨૫માં કચ્છ જિલ્લા પંચાયત કચેરીએથી દરખાસ્ત થયેલ અને મંજૂર થયેલ કુલ ૪૨ જેટલી ગ્રામ પંચાયતોને કુલ રૂ. ૨૬.૧૦ લાખની પ્રોત્સાહક રકમ તેમજ ગ્રામ પંચાયતના ફઝઈ મારફતે સહયોગ - કરેલ કામગીરી માટે વેરો ઉઘરાવાયેલ પ્રતિ ઘર દીઠ રૂ. ૭/- લેખે કચ્છ જિલ્લાના કુલ ૨૨૪ જેટલા ફઝઈને કુલ રૂ. ૧૦.૦૫ લાખ જેટલી પ્રોત્સાહન રકમ વાસ્મો દ્વારા ફાળવવામાં આવેલ છે. ઉપરોક્ત ૪૨ પૈકી ૭ જેટલી ગ્રામ પંચાયતોને ભુજ ખાતે રાજ્યકક્ષાના મંત્રી ત્રિકમ છાંગા, પ્રભારીમંત્રી કાંતિલાલ અમૃતિયા તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં પાણી વેરા વસૂલાત પ્રોત્સાહક યોજનાના પ્રસંશાસહ સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં ૧૦૦% વેરા વસૂલાત કરનાર રાપર તાલુકાની શાણપર, ૫૦% વેરા વસૂલાત કરનાર ભુજ તાલુકાની વર્ધમાનનગર, નાગોર, નખત્રાણા તાલુકાની નેત્રા, માંડવી તાલુકાની ગૂંદીયાળી, લખપત તાલુકાની જુણાગીયા, ભચાઉ તાલુકાની ઘરાણા ગ્રામ પંચાયતોને સન્માનિત કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, જે ગામોમાં પાણી વેરા વસૂલાત ખૂબ જ ઓછી છે તે ગામો માટે આ પાણી સમિતિઓ - ગ્રામ પંચાયતો અન્ય પાણી સમિતિઓ - ગ્રામ પંચાયતો માટે પ્રેરણાસ્રોત બની રહેશે.

# અમદાવાદ મંડળમાં "હરિત અને સતત રેલ પરિચાલન" થીમ હેઠળ વિશ્વ પર્યાવરણ દિવસ અભિયાનનું આયોજન






અમદાવાદ - કચ્છઉદય : પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા ૨૭થી ૩૦ મે દરમિયાન વિશ્વ પર્યાવરણ દિવસ અભિયાનનું આયોજન હરિત અને સતત રેલ પરિચાલનવિષય અંતર્ગત કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો ઉદ્દેશ્ય પર્યાવરણ સંરક્ષણ, ટકાઉ વિકાસ તેમજ જનજાગૃતિને પ્રોત્સાહન આપવાનો હતો.

અભિયાન દરમિયાન મંડળના વિવિધ સ્ટેશનો, રેલવે કોલોનીઓ, ઓફિસ પરિસરો તથા અન્ય રેલવે સંપત્તિઓમાં "એક વૃક્ષ માંના નામે" અભિયાન અંતર્ગત વ્યાપક સ્તરે વૃક્ષારોપણ કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ કાર્યક્રમો દ્વારા વધુમાં વધુ છોડ રોપીને હરિત આવરણ વધારવા તથા પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

રેલવે સ્ટેશનો, રેલવે કોલોનીઓ તથા તેમની આસપાસના વિસ્તારોને હરિત અને સ્વચ્છ બનાવવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યા. સાથે જ સ્ટેશનોની આસપાસ આવેલા બગીચાઓ અને ઉદ્યાનોના જતન, સૌંદર્યીકરણ અને સ્વચ્છતા પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું, જેથી મુસાફરો તથા સ્થાનિક નાગરિકોને સ્વચ્છ અને હરિત પર્યાવરણ મળી શકે.

રેલવે કોલોનીઓમાં સતત જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે જાગરૂકતા કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ કાર્યક્રમોમાં કુદરતી સંસાધનોના સંરક્ષણ, સ્વચ્છ પર્યાવરણ તથા પર્યાવરણ-અનુકૂળ આદતો અપનાવવાની મહત્વતા પર પ્રકાશ પાડવામાં આવ્યો. ઉપરાંત સ્વચ્છ હવા અને હરિત વિસ્તારોના આરોગ્ય પર થતા સકારાત્મક પ્રભાવ અંગે આરોગ્ય જાગરૂકતા અભિયાન પણ ચલાવવામાં આવ્યા હતા. અભિયાન દરમિયાન ઈ-કચરાના પર્યાવરણીય દૂષ્પ્રભાવો, તેના યોગ્ય સંગ્રહ, નિકાલ તથા પુનર્ચક્રણ અંગે વ્યાપક જનજાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા. કર્મચારીઓ તથા સામાન્ય જનતાને જવાબદાર કચરા વ્યવસ્થાપન માટે પ્રેરિત કરવામાં આવ્યા.

વન સ્ટેશન વન પ્રોડક્ટ યોજનાના અંતર્ગત ઉપલબ્ધ પર્યાવરણ-અનુકૂળ ઉત્પાદનો અંગે જાગરૂકતા વધારવામાં આવી. વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે પર્યાવરણ સંરક્ષણ અને જલવાયુ પરિવર્તન વિષય પર ચિત્રકલા, નિબંધ લેખન તથા પ્રશ્નોત્તરી સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા અમદાવાદ મંડળે પર્યાવરણ સંરક્ષણ તથા સતત વિકાસ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને પુનઃ મજબૂત બનાવતા કર્મચારીઓ, મુસાફરો તથા સ્થાનિક સમુદાયોને હરિત ભવિષ્યના નિર્માણમાં સહભાગી બનવાનો સંદેશ આપ્યો હતો.

# ગુજરાતના ખેડૂતોએ વૈશ્વિક ફલક પર નવી ઓળખ ઉભી કરી






ભુજ - કચ્છઉદય : દક્ષિણ ગુજરાતના ખેડૂતોએ કાચા ફળો વેચવાને બદલે ઊંચી ગુણવત્તાનો કેરીનો પલ્પ અને પ્રોસેસ્ડ પ્રોડક્ટ્સ બનાવીને આ સ્વાદ અમેરિકા, બ્રિટન અને અખાતી દેશોના સુપરમાર્કેટ્સ સુધી પહોંચાડ્યો છે. આ સફળતા પાછળ વૈજ્ઞાનિક અભિગમ અને સરકારી પ્રોત્સાહનનું મજબૂત પીઠબળ છે. ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવીને એકતરફ ઉત્પાદન ખર્ચ અડધો કર્યો છે, તો બીજીતરફ સરકારી સબસિડીથી હાઈટેક ટેકનોલોજી વસાવીને પોતાની આવક સફળતાપૂર્વક બમણી કરી બતાવી છે. પરંપરાગત ખેતીમાંથી ગ્લોબલ એગ્રીબિઝનેસ તરફ વળેલી આ પ્રેરણાદાયી સફર છે.

દક્ષિણ ગુજરાતના લીલાછમ આંબાવાડિયાં હવે વૈશ્વિક સપ્લાય ચેઈનનો અવિભાજ્ય હિસ્સો બન્યા છે. અહીંના ધરતીપુત્રોએ પરંપરાગત પદ્ધતિઓને અલવિદા કહીને ફળોના મૂલ્યવર્ધન એટલે કે વેલ્યુ એડિશન પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. રાસાયણિક મુક્ત પ્રાકૃતિક ખેતીના સફળ પ્રયોગોએ પાકનો ખર્ચ નોંધપાત્ર રીતે ઘટાડ્યો છે, જેનાથી ફળોની ગુણવત્તા સુધરી છે અને ખેડૂતો આર્થિક સમૃદ્ધિ તરફ આગળ વધ્યા છે તેવું વિપિનભાઈએ જણાવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય ઓળખ પાછળ આધુનિક પ્રોસેસિંગ યુનિટ્સ અને મજબૂત કોલ્ડ સ્ટોરેજ નેટવર્કની મોટી ભૂમિકા છે. રાજ્યના બાગાયત વિભાગ દ્વારા ગ્રીન હાઉસ, નેટ હાઉસ અને ટપક સિંચાઈ જેવી આધુનિક તકનીકો માટે મળી રહેલી ઉદાર આર્થિક સબસિડીના પ્રતાપે જ છેલ્લા બે દાયકામાં ગુજરાતમાં બાગાયતી પાકોનું કુલ ઉત્પાદન ત્રણ ગણું વધી ગયું છે તેમ બાગાયત વિભાગના દિનેશ પડાલિયાએ જણાવ્યું હતું.

નિકાસકાર હિરેન આહીરે જણાવ્યું હતું કે, ઝડપી લોજિસ્ટિક્સ મેનેજમેન્ટને કારણે નવસારીના ખેતરો આજે સીધા એરપોર્ટ અને પોર્ટ સાથે કનેક્ટ થયા છે. દક્ષિણ ગુજરાતના ફળોની કુદરતી મીઠાશ અને તેના ઊંચા બ્રિક્સ લેવલના કારણે જ વિદેશી બજારોમાં તેની લોકપ્રિયતા આસમાને છે. ટેકનોલોજીના અસરકારક ઉપયોગથી વિકસિત આ એગ્રી-બિઝનેસ મોડલ આજે ગુજરાતના મહેનતુ ખેડૂતોને વૈશ્વિક ફલક પર નવી ઓળખ અને બજાર ઉપલબ્ધ કરાવી રહ્યું છે.

# નખત્રાણામાં ગાયત્રી શક્તિપીઠ ખાતે ૧૨મો પાટોત્સવ ઉજવાયો


નખત્રાણા - કચ્છઉદય : ગાયત્રી શક્તિપીઠ નખત્રાણાનો ૧૨મો પાટોત્સવ ભક્તિભાવથી ઉજવાયો હતો. શાંતિકુંજ હરિદ્વાર સંચાલિત આ શક્તિપીઠમાં પંચકુંડી ગાયત્રી હવન રાખવામાં આવ્યો હતો. દાતાઓના સહયોગથી ગાયોને લીલોચારો નાખવામાં આવ્યો હતો. લીલાધારભાઈ ઠક્કર અને નવલબેન જોશી દ્વારા ધાર્મિકવિધિ કરવામાં આવી હતી. રાજેશભાઈ ઠક્કર અને અલ્પાબેન કોઠારી સહયોગી રહ્યા હતા. વ્યસનમુક્તિ ઉપર ભાર અપાયો હતો. સંસ્થાની સામાજિક પ્રવૃતિઓને માહિતી અપાઈ હતી. આ સમયે નખત્રાણા નગરપાલિકાના હોદ્દેદારો આ વિસ્તારના નગરસેવકો તાલુકા પંચાયતના સદસ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. ચૂંટાયેલાએ આ વિસ્તારના વિકાસની ખાતરી આપી હતી. સન્માન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

નગરપલીકા પ્રમુખ વસંતભાઈ વાઘેલા, કારોબારી ચેરમેન ચંદનસિંહ રાઠોડ, ઉપપ્રમુખ દમયંતીબેન સેંઘાણી, દંડક જાગૃતિબેન ઠક્કર, શાશક પક્ષ નેતા સવિતાબેન દરજી, સદસ્યો કલ્પેશ સચડે, સંગીતાબેન સાધુ, ભાવિન ઠક્કર, હિરેન ભટ્ટ, હાર્દિક સોની હાજર રહ્યા હતા. આગેવાનો ડાયલાલ સેંઘાણી, કેતન શાહ, પ્રાગજી ઠક્કર, પરેશ સાધુ, પરેશ બારૂ, અજય ઠક્કર, જે.ડી. ગોહિલ, જગદીશ ઠક્કર હાજર રહ્યા હતાં. સંચાલન નીતિનભાઈ ઠક્કરે કર્યું હતું.

# મોટા અંગિયા ગામે તાલુકા કક્ષાના સમર યોગ કેમ્પનું આયોજન



નખત્રાણા - કચ્છઉદય : ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત નિઃશુલ્ક સમર યોગ કેમ્પનું આયોજન મોટા અંગિયા જૈન સમાજવાડી ખાતે કરવામાં આવ્યું હતું. ૧૫ દિવસ સુધી ચાલેલા આ સમર યોગ કેમ્પનો સમાપન સમારોહ યોજાયો હતો. સમાપન પ્રસંગે કેમ્પમાં ભાગ લેનાર બાળકોને પ્રમાણપત્રો (સર્ટિફિકેટ) વિતરણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઈકબાલભાઈ, ગામના સરપંચ ગરવા ગોપાલભાઈ, પૂજ્ય નાથબાવા શંકરનાથ ઉમરનાથ, પરેશભાઈ શાહ તેમજ બાળકોના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ બાળકોને નિયમિત યોગ, પ્રાણાયામ અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રેરણા આપી હતી. કેમ્પ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી યોગસેવક શિશપાલ સરની પ્રેરણાથી તેમજ પશ્ચિમ કચ્છ ઝોન કો-ઓર્ડિનેટર વિજયભાઈ શેઠના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. સંચાલનમાં યોગ સંચાલક ચંદ્રકાંત મકવાણા, સહ-સંચાલક ભારતીબા મોખા, સહ-સંચાલક નીરૂબેન ચૌધરી તેમજ સપોર્ટ તરીકે દયારામભાઈ રૂડાણીએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સમાપન પ્રસંગે તમામ મહેમાનો, વાલીઓ, બાળકો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. યોગ દ્વારા સ્વસ્થ, તંદુરસ્ત અને સંસ્કારી સમાજના નિર્માણ માટે આવા કાર્યક્રમો ભવિષ્યમાં પણ યોજાતા રહે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

# આવતીકાલે જાણીતી ફિલ્મ અભિનેત્રી નૂતનની જન્મજયંતિ



ભુજ -કચ્છઉદય : હિન્દી ચલચિત્ર જગતની જાણીતી અભિનેત્રી નૂતનની આવતીકાલે જન્મતિથિ છે. નૂતનનો જન્મ ૪ જૂન ૧૯૩૬ના દિવસે એક મરાઠી ચંદ્રસેનિયા કાયસ્થ પ્રભુ પરિવારમાં થયો હતો. તેઓ ફિલ્મ નિર્દેશક અને કવિ એવા કુમારસેન સમર્થ અને અભિનેત્રી શોભના સમર્થના પુત્રી હતા. બાળપણમાં તેમને પાતળી અને કદરૂપી જેવા વિશેષણોથી નવાજવામાં આવતાં. આમ છતાં ફક્ત ૧૪ વર્ષની વયે નૂતને "હમારી બેટી" નામની ૧૯૫૦માં બનેલી હિન્દી ફિલ્મથી અભિનેત્રી તરીકેની કારકિર્દીની શરૂઆત કરી હતી.

તેમનો પહેલી મોટી ફિલ્મ સીમા હતી, જેના માટે તેમણે બેસ્ટ અભિનેત્રી તરીકેનો પોતાનો પહેલો ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો. ત્યારબાદ તેમણે રોમેન્ટિક કૉમેડી, પેઈંગ ગેસ્ટથી માં દેવ આનંદ સાથે અભિનય કર્યો હતો. ૧૯૫૯માં તેમણે અનાડી (રાજ કપૂર સાથે) અને બિમલ રોયની સુજાતા (સુનીલ દત્ત સાથે) જેવી બે સફળ ફિલ્મોમાં અભિનય કર્યો. ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં તેણીએ છલિયા (૧૯૬૦), સરસ્વતીચંદ્ર (૧૯૬૮), દેવી (૧૯૭૦) અને મુખ્ય તુલસી તેરે આંગન કી (૧૯૭૮) સહિત ઘણી સફળ ફિલ્મો કરી. ૧૯૬૦માં તેણે ફરી એક વાર મનમોહન દેસાઈના છલિયામાં રાજકપૂર સાથે ભૂમિકા ભજવી હતી.

# નિરોણામાં વીજ પુરવઠો ખોરવાતા લોકો પરેશાન

## ૭ દિવસમાં નિરાકરણ નહીં આવે તો કચેરીને તાળાબંધી કરવાની ચીમકી

નખત્રાણા - કચ્છઉદય : નિરોણામાં વીજળીની આવનજાવનના કારણે સરકારી કચેરીઓ સહિતની કામગીરી ખોરવાવા સાથે પાણી પુરવઠો ખોરવાતા લોકો પરેશાન બન્યા છે. આ અંગે નિરોણા જુથ ગ્રામ પંચાયતના લેટર પેજ પર ભુજ પીજીવીસીએલને કરાયેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, ગામમાં દિવસ દરમિયાનમાં ૭થી ૮ વખત લાઈટની આવન જાવન થાય છે, જેનું કારણ હરિપર એજીમાં ફોલ્ટ હતું, જેના કારણે પાણી મોટરો બંધ થતાં લોકો, ખેડૂતો અને પશુપાલકો પરેશન થયા છે. નિરોણામાં ૧૦ હજારની વસતી છે, અને પાણી વિતરણ ખોરવાયું છે. લાઈટ બંધ રહેવાના કારણે અનેક ટાઈલ્સ, ઈલેક્ટ્રીક, વેલ્ડિંગ, બેંક, પોસ્ટ ઓફિસ, ગ્રામ પંચાયત, પીએચસી, આરોગ્ય સહિત સ્કૂલમાં એડમીશન જેવી કામગીરી પર અસર થઈ છે. લાઈટ આવજાવના કારણે ગોકુલવાસમાં પંખા, ટ્યુબલાઈટ સહિતને ખુબ જ નુકશાન થયેલ છે. જેથી તાત્કાલિક ધોરણે કેબલ બદલાવવાની કામગીરી કરવામાં આવે તો જ આ સમસ્યાનું નિરાકરણ આવે તેમ છે. આ સમસ્યાના નિરાકરણ માટે ટીસીની સાફ સફાઈ કવી, નિરોણા અને હરિપરમાં વરસાદ પૂર્વે પ્રિમોન્સુન કામગીરી, જાડી કટીગ હાથ ધરવા, ફિડરોના કેબલ બદાલવવા, હેલ્પરની જગ્યા ભરવા સહિતની માંગણી કરવામાં આવી હતી. જો ૭ દિવસ કામગીરી શરૂ કરવામાં નહીં આવે તો નિરોણા ૬૬ કેવી કચેરીને તાળાબંધી કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# આવતીકાલે પાર્શ્વગાયક એસ.પી. બાલાસુબ્રમણ્યમની જન્મજયંતિ



ભુજ - કચ્છ ઉદય : આવતીકાલે જાણીતા પાર્શ્વગાયક એસપી બાલાસુન્દ્રમણીયમની જન્મજયંતિ છે. ૪ જૂન ૧૯૪૬ તેમનો જન્મ થયો હતો અને ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૦એ એમનું મૃત્યુ થયું. ભારતીય પાર્શ્વગાયક, અભિનેતા, સંગીત દિગ્દર્શક, ગાયક અને ફિલ્મ નિર્માતા તેમણે તેલુગુ, તમિલ, કન્નડ અને હિન્દી એમ ચાર જુદી જુદી ભાષાઓમાં તેમની કૃતિઓ માટે શ્રેષ્ઠ પુરૂષ પાર્શ્વગાયક માટે છ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર, આંધ્રપ્રદેશ સરકાર દ્વારા ૨૫ વાર તેલુગુ સિનેમા માટેનો નન્દી પુરસ્કાર ઉપરાંત કર્ણાટક અને તમિલનાડુના અન્ય રાજ્ય પુરસ્કારો મેળવ્યા છે. ૨૦૧૨માં તેમને ભારતીય સિનેમામાં યોગદાન બદલ એનટીઆર રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. ૨૦૧૬માં તેમને સિલ્વર પીકોક મેડલથી ઇન્ડિયન ફિલ્મ પર્સનાલિટી ઓફ ધ યર તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમને ભારત સરકાર તરફથી પદ્મશ્રી (૨૦૦૧), પદ્મભૂષણ (૨૦૧૧) અને પદ્મ વિભૂષણ (મરણોપરાંત) (૨૦૨૧)થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# કચ્છમાં ખનિજ આધારિત કૌશલ્ય અભ્યાસક્રમો શરૂ કરવા ભુજ ચેમ્બરની માંગ

ભુજ - કચ્છઉદય : ભુજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશન દ્વારા કચ્છ યુનિવર્સિટીમાં ખનિજ આધારિત કૌશલ્યલક્ષી અભ્યાસક્રમો, પ્રેક્ટિકલ તાલીમ કેન્દ્રો, ઉદ્યોગ સંકળાયેલ પ્લેસમેન્ટ વ્યવસ્થા તથા ખનિજ સંશોધન કેન્દ્ર શરૂ કરવાની માંગ ઉઠાવવામાં આવી છે. આ અંગે કુલપતિને રજૂઆત સાથે રાજ્યના શિક્ષણ મંત્રીઓને પણ માહિતગાર કરવામાં આવ્યા છે.

ચેમ્બરના જણાવ્યા મુજબ કચ્છ માત્ર ખનિજ સંપત્તિ માટે જ નહીં, પરંતુ દેશના ઔદ્યોગિક વિકાસ માટે મહત્વપૂર્ણ જિલ્લો છે. જિલ્લામાં લાઈમસ્ટોન, બેન્ટોનાઈટ, ચાયના ક્લે, સિલિકા સહિત અનેક પ્રકારના ખનિજોના વિશાળ ભંડાર ઉપલબ્ધ છે અને તે સિમેન્ટ, સિરામિક, ગ્લાસ સહિતના ઉદ્યોગોને આધાર આપે છે. છતાં ખનિજ ક્ષેત્ર સાથે જોડાયેલ ગુણવત્તાસભર સ્થાનિક માનવબળની અછત લાંબા સમયથી અનુભવાઈ રહી છે, જેના કારણે ઉદ્યોગોને બહારથી નિષ્ણાતો અને ટેક્નિકલ કર્મચારીઓ લાવવા પડે છે. નવી શિક્ષણ નીતિમાં કૌશલ્ય અને રોજગારલક્ષી શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તેને ધ્યાનમાં રાખી કચ્છ યુનિવર્સિટીમાં ખનિજ અને ખનન ક્ષેત્ર સંબંધિત પ્રમાણપત્ર, ડિપ્લોમા, સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કરવામાં આવે તો વિદ્યાર્થીઓને સ્થાનિક સ્તરે રોજગારીની વધુ તકો મળશે. સાથે જ પ્રેક્ટિકલ તાલીમ, ઉદ્યોગ સહયોગ અને પ્લેસમેન્ટ વ્યવસ્થાથી નાના અને મધ્યમ ઉદ્યોગોને પણ જરૂરી કુશળ માનવબળ મળી શકશે. ભુજ ચેમ્બરના મતે આવા અભ્યાસક્રમો શરૂ થવાથી વિદ્યાર્થીઓમાં નવા કોર્સ પ્રત્યે રસ વધશે, યુનિવર્સિટીમાં પ્રવેશ સંખ્યા વધશે અને કચ્છ ખનિજ આધારિત કૌશલ્ય, સંશોધન તથા ઔદ્યોગિક વિકાસના મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે વિકસી શકશે.

# અનિલ અંબાણીનો આવતીકાલે જન્મદિવસ



ભુજ - કચ્છઉદય : આવતીકાલે ઉદ્યોગપતિ અનિલ અંબાણીનો જન્મદિવસ છે. તેમનો જન્મ ચાર જુન ૧૯૫૯ના મુંબઈમાં થયો હતો. તેમણે ભારતીય બોલિવુડની અભિનેત્રી ટીના મુનીમ સાથે લગ્ન કર્યા છે. તેમણે મુંબઈ મેરેથોન દોડમાં ભાગ લીધો હતો. અંબાણી, કોકાકોલા ચેમ્પિયનશીપ કલબ, ન્યુકેસલ યુનાઈટેડના જબરજસ્ત ચાહક પણ છે અને સપ્ટેમ્બર ૨૦૦૮માં કલબ ખરીદવામાં અત્યંત નિકટવર્તી હતા. તે દરરોજ સવારે ૪ વાગ્યે ઊઠી જાય છે, સમાચાર તપાસે છે અને દોડવા માટે જાય છે. તેમની પત્ની ટીના અંબાણી સાથે મળીને તેઓ અનેક સામાજિક કાર્યોમાં સક્રિય છે, જેમાં મુંબઈની પ્રખ્યાત 'કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલ' અને અમદાવાદમાં આવેલી 'ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી'નો મુખ્ય સમાવેશ થાય છે. તેમની વ્યક્તિગત નેટ વર્થ આશરે ઇં૧ બિલિયન અંદાજે એક સમયે વિશ્વના સૌથી અમીર વ્યક્તિઓમાં સ્થાન ધરાવતા અનિલ અંબાણીની આર્થિક સ્થિતિ હાલમાં ઘણી બદલાઈ ચૂકી છે. આમ છતાં તેઓ ૯ હજાર કરોડની શેર પ્રોપર્ટીના માલિક ગણાય છે.

# ટેકનિકલ ખામીને કારણે કચ્છને ફાળવાયેલી નવી એસટી બસો ગેરેજમાં જ ઉભી

ભુજ - કચ્છ ઉદય : ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કચ્છ જિલ્લાને તાજેતરમાં ફાળવવામાં આવેલી ૨૦થી વધુ નવી એસટી બસો ટેકનિકલ ખામીના કારણે હાલ ઉપયોગમાં આવી શકતી નથી. બસો માર્ગ પર દોડવા બદલે ડેપોમાં ધૂળ ખાતી ઉભી રહેતાં મુસાફરો તેમજ નિગમના કર્મચારીઓમાં અસંતોષની લાગણી જોવા મળી રહી છે.

મળતી માહિતી મુજબ આશરે પંદર દિવસ પહેલાં કચ્છના વિવિધ ડેપોને ૨૦થી ૨૫ જેટલી નવી બી-૬ મોડલ બસો ફાળવવામાં આવી હતી. જોકે બસોમાં ટેકનિકલ સમસ્યાઓ સર્જાતા તેને નવા રૂટ અથવા નિયમિત શિડ્યૂલમાં સામેલ કરી શકાઈ નથી. એક તરફ કચ્છ જિલ્લામાં ડ્રાઈવર અને કન્ડક્ટરની અછતને કારણે નવા રૂટ શરૂ કરવામાં મુશ્કેલી પડી રહી છે, ત્યારે બીજી તરફ નવી ફાળવાયેલી બસો પણ ઉપયોગમાં ન આવી શકતાં પરિવહન વ્યવસ્થાને મોટો ફટકો પડ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ બસો અદ્યતન સેન્સર સિસ્ટમથી સજ્જ હોવાથી તેની મરામત માટે કંપનીના નિષ્ણાત ટેકનિશિયનોની જરૂર પડે છે. પરંતુ બસો ફાળવાયા બાદ પણ કંપની તરફથી ટેકનિશિયન સમયસર ન આવતા બસો લાંબા સમયથી ગેરેજમાં જ ઉભી છે. જેના કારણે અનેક રૂટ ઉપર નવી બસ સેવા શરૂ કરવાની યોજના અટવાઈ ગઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ પરિસ્થિતિમાં સવાલો પણ ઊભા થઈ રહ્યા છે કે જો બસોમાં શરૂઆતથી ટેકનિકલ ખામી હતી તો તેને નિગમે સ્વીકારી કેમ લીધી..? તેમજ મુસાફરોને સુવિધા આપવા માટે ફાળવાયેલી નવી બસોનો લાભ લોકોને ક્યારે મળશે તે અંગે પણ સ્પષ્ટતા થતી નથી.

કચ્છ એસટીના વિભાગીય નિયામક શ્રી પટેલે જણાવ્યું હતું કે, નિગમ દ્વારા નવા વાહનો ફાળવવામાં આવે ત્યારે રૂટીન ઈન્સ્પેક્શન કરવામાં આવતું હોય છે, જેમાં કોઈ ટેકનિકલ ખામી જણાય તો કંપનીને જાણ કરવામાં આવે છે. કચ્છ એસટીને ફાળવાયેલ ૨૦ નવા વાહનોનું ઈન્સ્પેક્શન અને ટેકનિકલ ક્ષતિઓના નિવારણની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. હાલે તમામ વાહનો ઉપયોગમાં લેવાઈ રહ્યા છે તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું.

# જિલ્લા પંચાયત પરિસરમાં એક-બે નહીં પણ દારૂની ૨૦ ખાલી બોટલો




ભુજમાં આવેલી જિલ્લા પંચાયત પરિસરના પાછળના ભાગે અને ડાબી બાજુના ભાગે કચરો અને અવાર-નવાર ગંદકી જોવા મળે છે. આ વચ્ચે અહીં દારૂની ખાલી બોટલોનો ઢગલો જોવા મળ્યો છે. ભુજમાં આવેલી સરકારી કચેરીઓના પાછળના ભાગે દારૂની એક-બે ખાલી બોટલ તો મળે છે પરંતુ અહીં તો ૨૦ જેટલી ખાલી બોટલો મળી આવી હતી. પંચાયત પરિસરમાં મહેફિલ થાય છે કેમ ? તેવી ચર્ચાઓ સંભળાઈ હતી.

# વિજયભાઈ પંપાણિયાને જન્મદિવસની શુભેચ્છાઓ



ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા પ્રમુખ (નારી રક્ષા સેના), યોગેશ્વરનગર સોસાયટીના ઉપપ્રમુખ અને જાણીતા સામાજિક કાર્યકર વિજયભાઈ એચ. પંપાણીયાને જન્મદિનના અનંત અભિનંદન મળી રહ્યા છે. આપ સમાજ સેવા અને ખાસ કરીને શિક્ષણને લગતા કાર્યોમાં સદાય અગ્રેસર રહીને સમાજને નવી દિશા આપતા રહો, તેવી સોમનાથ મહાદેવના ચરણોમાં પ્રાર્થના. પ્રભુ આપને દીર્ઘાયુ અને ઉત્તમ સ્વાસ્થ્ય આપે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. યોગેશ્વર નગર સોસાયટી સમિતિ દ્વારા શુભેચ્છા પાઠવનાર જયશ્રીબેન પંપાણીયા, અજયભાઈ, દિવ્યાબેન અને સીમાબેન સહિત મિત્ર વર્તુળમાંથી શુભેચ્છાઓ મળી રહી છે.

# ક્રિકેટ જગતના તુફાની બેટ્સમેન જેમણે IPLમાં સૌથી ઓછા બોલમાં લગાવ્યા 100 છગ્ગા









(એજન્સી દ્વારા)
નવીદિલ્હી : અહીં આઈપીએલમાં સૌથી ઓછા બોલમાં ૧૦૦ છગ્ગા ફટકારનારા બેટ્સમેન વિશે જાણકારી આપી છે. આ આંકડા દર્શાવે છે કે કયા ખેલાડીઓએ આઈપીએલમાં સૌથી ઝડપી અને વિસ્ફોટક બેટિંગ કરીને ૧૦૦ છગ્ગાનો આંકડો પાર કર્યો છે. આંદ્રે રસેલે આઈપીએલમાં સૌથી ઓછા બોલમાં ૧૦૦ છગ્ગા લગાવ્યા છે. તેમણે ૬૫૭ બોલમાં આ કારનામુ કરી બતાવ્યુ છે. નિકોલસન પૂરને આઈપીએલમાં ૧૦૦ છગ્ગા ૮૮૪ બોલમાં લગાવ્યા છે. સુનિલ નરેને ૯૫૦ બોલમાં આઈપીએલમાં ૧૦૦ છગ્ગા ફટકાર્યા છે. યુનિવર્સ બૉસ ક્રિસ ગેલ એ આઈપીએલમાં ૯૪૩ બોલમાં ૧૦૦ છગ્ગા ફટકાર્યા છે. શિવમ દૂબેએ આઈપીએલ લીગમાં ૯૨૨ બોલમાં ૧૦૦ છગ્ગા જડ્યા છે. હાર્દિક પંડ્યાએ આઈપીએલમાં ૧૦૦ ૧૦૪૬ બોલમાં ૧૦૦ છગ્ગા જડ્યા છે.

# આઈપીએલ ૨૦૨૬ પછી સૂર્યકુમાર યાદવ મુંબઈ ટીર૦ લીગમાં પણ નિષ્ફળ

(એજન્સી દ્વારા) મુંબઈ : ટીર૦ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવનો ખરાબ સમય સમાપ્ત થવાના કોઈ સંકેત દેખાતા નથી. છેલ્લા બે વર્ષથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં નિષ્ફળ રહેલો સૂર્યકુમાર હવે ટીર૦ લીગમાં પણ નિષ્ફળ થયો છે. આઈપીએલ ૨૦૨૬ માં રન માટે સંઘર્ષ કર્યા પછી, સૂર્યાની મુંબઈ ટીર૦ લીગમાં ખરાબ શરૂઆત થઈ હતી, અને તે અહીં પણ પોતાની બેટિંગથી છાપ છોડી શક્યો ન હતો. લીગની પોતાની પહેલી મેચમાં, સૂર્યકુમાર ફક્ત ૧૯ રન બનાવીને પેવેલિયન પાછો ફર્યો. સૂર્યકુમાર યાદવ મુંબઈ ક્રિકેટ એસોસિએશનની ટીર૦ લીગની નવી સિઝનમાં ટ્રાયમ્ફ નાઈટ્સ એમએનઈ તરફથી રમી રહ્યો છે. ટીમે લીગમાં પોતાનો પહેલો મુકાબલો ૨ જૂન, મંગળવારના રોજ નોર્થ મુંબઈ પેન્થર્સ સામે રમ્યો હતો. પહેલા બેટિંગ કરતા અજિંક્ય રહાણેના નેતૃત્વમાં નોર્થ મુંબઈએ ૨૦૯ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જવાબમાં, નાઈટ્સની ટીમે કેપ્ટન અખિલ હેરવાડકર સહિત બે વિકેટો માત્ર ૨૦ રનમાં ગુમાવી દીધી હતી. આ સમયે, સૂર્યકુમાર યાદવ પાસે ટીમને મોટા સ્કોર સુધી પહોંચાડવાની અને પોતાના ફોર્મને પાછા મેળવવાની સારી તક હતી. તે આયર્લેન્ડ-ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા કેટલાક રન બનાવીને પોતાનો દાવો મજબૂત કરી શક્યો હોત. જોકે, મજબૂત શરૂઆત છતાં તે ફક્ત ૧૧ બોલ સુધી ટકી શક્યો અને ચાર ચોગ્ગા સહિત માત્ર ૧૯ રન બનાવીને પેવેલિયન પાછો ફર્યો. રાહુલ સાવંતે તેને આઉટ કર્યો, જેનાથી નાઈટ્સ ટીમને ત્રીજો ઝટકો લાગ્યો. આ પ્રદર્શનથી ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવનો માર્ગ પહેલા કરતા પણ વધુ મુશ્કેલ બની ગયો છે. ભલે ટીમ ઈન્ડિયાએ સૂર્યાની કેપ્ટનશીપમાં ટીર૦ વર્લ્ડ કપ જીત્યો હોય, પરંતુ છેલ્લા બે વર્ષથી તેનું ખરાબ ફોર્મ ચિંતાનું કારણ રહ્યું છે. જો એવું માનવામાં આવે કે તે કેપ્ટનશીપના દબાણમાં સારું રમ્યો ન હોય, તો આઈપીએલ ૨૦૨૬ માં તેનું પ્રદર્શન આ દાવાને ખોટો સાબિત કરે છે. આઈપીએલમાં સામાન્ય રીતે સારું પ્રદર્શન કરનારા સૂર્યાએ આ સિઝનમાં મુંબઈ માટે ૧૩ ઈનિંગ્સમાં ફક્ત ૨૭૦ રન બનાવ્યા, જેમાં બે અડધી સદીનો સમાવેશ થાય છે. મુંબઈ ટીર૦માં સૂર્યા જે રીતે અને જેની સામે આઉટ થયો એ વધુ ચિંતાનો વિષય છે. તેનું એક કારણ એ છે કે તેને આંતરરાષ્ટ્રીય અને આઈપીએલ ક્રિકેટમાં બહોળો અનુભવ છે, જ્યારે તેને આઉટ કરનાર બોલર ક્યારેય આઈપીએલમાં રમ્યો પણ નથી. બીજું, તેને આઉટ કરનાર રાહુલ સાવંત ડાબોડી સ્પિનર છે, જ્યારે સૂર્યકુમાર યાદવ હંમેશા સ્પિનરો સામે ભારતીય ટીમના શ્રેષ્ઠ બેટ્સમેનોમાંનો એક રહ્યો છે. તે યુવા સ્પિનરો સામે પણ આઉટ થઈ રહ્યો છે, જે સૂર્યકુમાર માટે સારું નથી.



# વૈભવ સૂર્યવંશી માટે મેદાને આવ્યા અજય જાડેજા, બીસીસીઆઈને કર્યો સીધો સવાલ!

(એજન્સી દ્વારા)
નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬માં પોતાની બેટથી ધૂમ મચાવનાર ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશીને હવે ટીમ ઈન્ડિયામાં સામેલ કરવાની માંગ તેજ થઈ ગઈ છે. પૂર્વ ભારતીય ક્રિકેટર અજય જાડેજાનું માનવું છે કે, આ યુવા બેટ્સમેને રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવવા માટે પોતાને સંપૂર્ણ રીતે સાબિત કરી દીધો છે. તેમણે ત્યાં સુધી ખુલાસો કર્યો કે, આઈપીએલ ૨૦૨૬ની ફાઈનલ દરમિયાન તેમણે ચેરમેન સાહેબ સાથે પણ વાતચીત કરી હતી.

વૈભવ સૂર્યવંશીએ આખી સીઝનમાં પોતાના આક્રમક બેટિંગ અંદાજથી ક્રિકેટ જગતનું ધ્યાન ખેંચ્યું છે. રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા તેમણે ૧૬ મેચમાં ૭૭૬ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેમની એવરેજ ૪૮.૫૦ અને સ્ટ્રાઈક રેટ ૨૩૭.30નો રહ્યો હતો. પોતાના આ શાનદાર પ્રદર્શનના દમ પર તેણે ટૂર્નામેન્ટની ઓરેન્જ કેપ પોતાના નામે કરી હતી અને સીઝનમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બન્યો. જાડેજાનું માનવું છે કે, વૈભવે હવે સિલેક્ટર્સ સામે પોતાની ક્ષમતા સાબિત કરી દીધી છે.



# ટીમ ઈન્ડિયા પોતાના ઘરમાં જ મહેમાન, ક્રિકેટ ઈતિહાસમાં પહેલીવાર જોવા મળશે આવું દ્રશ્ય

(એજન્સી દ્વારા)
નવીદિલ્હી : શું તમે ક્યારેય કોઈ દેશની ટીમને પોતાની ધરતી પર મહેમાન તરીકે રમતા જોઈ છે? ટીમ ઈન્ડિયા આ સંદર્ભમાં ઈતિહાસ રચવા જઈ રહી છે. આ વર્ષે સપ્ટેમ્બરમાં દિલ્હીમાં ત્રણ મેચની ટીર૦ શ્રેણી યોજાવાની છે, જેમાં ટીમ ઈન્ડિયા યજમાન તરીકે નહીં, પણ મહેમાન તરીકે રમશે. અફઘાનિસ્તાન તે ત્રણ મેચની ટીર૦ શ્રેણીનું આયોજન કરશે. ક્રિકેટ ઈતિહાસમાં આ એક અનોખો નજારો હશે.

એક અહેવાલ મુજબ, સપ્ટેમ્બરમાં અફઘાનિસ્તાન અને ભારત વચ્ચે રમાનારી ટીર૦ શ્રેણીની ત્રણેય મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે. આ પહેલીવાર હશે જ્યારે અફઘાનિસ્તાન ભારત સામે ઘરઆંગણે દ્વિપક્ષીય શ્રેણીનું આયોજન કરશે. અહેવાલ મુજબ, શ્રેણીની હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે મેચો ૧૩, ૧૬ અને ૧૯ સપ્ટેમ્બરના રોજ રમાશે.


અફઘાનિસ્તાન જૂનમાં એક ટેસ્ટ મેચ રમવા માટે ભારતનો પ્રવાસ કરશે. ટેસ્ટ મેચ પછી, તેઓ ત્રણ મેચની વન-ડે શ્રેણી પણ રમશે. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે એકમાત્ર ટેસ્ટ ૬ જૂને નવા ચંદીગઢમાં શરૂ થશે. ટેસ્ટ મેચ પછી, વન-ડે શ્રેણી ૧૩ જૂને શરૂ થશે. ધર્મશાલામાં પ્રથમ વન-ડે પછી, બંને ટીમો બીજી વન-ડે માટે લખનૌ જશે, જે ૧૭ જૂને રમાશે. શ્રેણીની અંતિમ મેચ ૨૦ જૂને ચેન્નાઈમાં રમાશે.

બીસીસીઆઈના સૂત્રોએ જણાવ્યું છે કે વર્તમાન પ્રવાસ દરમિયાન જ અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ સપ્ટેમ્બરમાં શ્રેણીનું આયોજન કરવા અંગે બીસીસીઆઈ સાથે વાત કરી શકે છે. અહેવાલ આપ્યો છે કે ભારત અને અફઘાન ક્રિકેટ બોર્ડ વચ્ચેના સંબંધો સારા રહ્યા છે. ભારતીય ક્રિકેટ બોર્ડે અગાઉ આયર્લેન્ડ, શ્રીલંકા અને ઝિમ્બાબ્વે જેવા બોર્ડને મદદ કરી છે, ટીમો મોકલીને તેમની આવકમાં વધારો કર્યો છે. જરૂરી વાતચીત પૂર્ણ થઈ જાય, પછી બીસીસીઆઈ અફઘાનિસ્તાનને ભારતમાં શ્રેણીનું આયોજન કરવા અંગે સત્તાવાર જાહેરાત કરી શકે છે.



# વિરાટ-અનુષ્કા ભક્તિમાં ડૂબ્યાં, ઉઘાડા પગે ચાલી પ્રેમાનંદ મહારાજના લીધા આશીર્વાદ

(એજન્સી દ્વારા)
નવીદિલ્હી : ભારતીય ક્રિકેટ ટીમના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી પોતાની પત્ની અને બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્મા સાથે મંગળવારે (૨ જૂન) મથુરાના વૃંદાવન ખાતે આવેલા રાધા કેલી કુંજ આશ્રમ પહોંચ્યા હતા. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને આઈપીએલ ૨૦૨૬નું ટાઈટલ જીતાડ્યાના ગણતરીના કલાકોમાં જ 'કિંગ કોહલી' આધ્યાત્મિક રંગમાં રંગાયેલા જોવા મળ્યા હતા. અહીં બંનેએ બ્રજના પ્રખ્યાત સંત પૂજ્ય પ્રેમાનંદ મહારાજ સાથે મુલાકાત કરી તેમના આશીર્વાદ લીધા હતા. સોશિયલ મીડિયા પર આ સ્ટાર કપલની આધ્યાત્મિક યાત્રાની તસવીરો અને વીડિયો જોરદાર વાયરલ થઈ રહ્યા છે. રિપોર્ટ અનુસાર, વિરાટ અને અનુષ્કાએ વહેલી સવારે આશરે ૪:૦૦ વાગ્યે યમુના કિનારે આવેલા એકાંતવાસમાં પ્રેમાનંદ મહારાજજીની મુલાકાત લીધી હતી. આશ્રમ પરિસરમાં બંનેએ સામાન્ય શ્રદ્ધાળુઓની જેમ જમીન પર બેસીને સંત સાથે આશરે ૪૫ મિનિટ જેટલો સમય વિતાવ્યો હતો અને આધ્યાત્મિક માર્ગદર્શન મેળવ્યું હતું.




# 'પહેલા ફિટનેસ સાબિત કરો પછી જ..', હાર્દિક પંડયા-રોહિત શર્માને બીસીસીઆઈનું કડક અલ્ટિમેટમ

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : અફઘાનિસ્તાન સામે રમાનારી આગામી ત્રણ મેચોની વન-ડે સિરીઝ પહેલા ભારતીય ક્રિકેટ ટીમમાં મોટો ગરમાવો જોવા મળી રહ્યો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે કડક વલણ અપનાવતા સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને રોહિત શર્માને અલ્ટીમેટમ આપ્યું છે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે, પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવતા પહેલા ફિટનેસ સાબિત કરો. આમ, બંને ખેલાડીઓએ બેંગલુરુ સ્થિત 'સેન્ટર ઓફ એક્સેલન્સ' ખાતે પોતાની ફિટનેસ સાબિત કરવી પડશે. બીસીસીઆઈ દ્વારા અફઘાનિસ્તાન સામેની સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત તો કરી દેવામાં આવી છે, પરંતુ હાર્દિક પંડ્યા અને રોહિત શર્માના નામની આગળ ફિટનેસની શરત મૂકવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હાર્દિક પંડ્યા ૨ જૂન બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સીલન્સ પહોંચી ગયો છે, જ્યાં તે એક સપ્તાહ કરતાં વધુ સમય સુધી સખત ફિટનેસ ડ્રિલ અને શારીરિક આકલન માંથી પસાર થશે. મેડિકલ ટીમ તરફથી 'રીટર્ન ટુ પ્લે' ક્લિયરન્સ મળ્યા બાદ જ મેદાન પર તેના રમવા અંગે અંતિમ નિર્ણય લેવાશે. ઉલ્લેખનીય છે કે, આઈપીએલ ૨૦૨૬માં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતી વખતે હાર્દિક પંડ્યાને પીઠના દુખાવાની ગંભીર સમસ્યા નડી હતી, જેના કારણે તે કેટલીક મેચો રમી શક્યો ન હતો. હાર્દિકે પોતાની છેલ્લી વન-ડે મેચ બીસીસીઆઈ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ના ફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે રમી હતી. બીજી તરફ, રોહિત શર્મા પણ આઈપીએલ દરમિયાન હેમસ્ટ્રિંગની ઈજાથી પીડાતો હતો. આ દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સના મુખ્ય કોચ મહેલા જયવર્ધનેએ રોહિત શર્માની ફિટનેસ અંગે બચાવ કરતા દાવો કર્યો હતો કે, રોહિત હવે ૧૦૦ ટકા ફિટ છે. આઈપીએલમાં રોહિતનો 'ઈમ્પેક્ટ પ્લેયર' તરીકે ઉપયોગ માત્ર ટીમની રણનીતિનો એક ભાગ હતો અને તેનો ફિટનેસ સાથે કોઈ સંબંધ નહોતો. જોકે, બીસીસીઆઈ કોઈપણ પ્રકારનું જોખમ લેવા માંગતું નથી.



# ટીમ ઇન્ડિયામાં નવા કોચની આગમનઃ સચિન-ગાંગુલી સાથે રમી ચૂકેલા ખેલાડીની એન્ટ્રી

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : અફઘાનિસ્તાન સામે શરૂ થઈ રહેલી એકમાત્ર ઐતિહાસિક ટેસ્ટ મેચ પહેલાં ભારતીય ક્રિકેટ ટીમમાં એક મોટો ફેરફાર થયો છે. ભારતીય ક્રિકેટ બોર્ડે સત્તાવાર જાહેરાત કરીને પૂર્વ ભારતીય સ્પિનર સાઈરાજ બહુતુલેને ભારતીય પુરુષ ક્રિકેટ ટીમના નવા સ્પિન બોલિંગ કોચ તરીકે નિયુક્ત કર્યા છે. ૫૩ વર્ષીય સાઈરાજ બહુતુલે ભારતીય ક્રિકેટના દિગ્ગજ ખેલાડીઓ સચિન તેંડુલકર અને પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલી સાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી ચૂક્યા છે. મહારાષ્ટ્રમાં જન્મેલા સાઈરાજે ૧૯૯૭ થી ૨૦૦૩ દરમિયાન ભારત માટે ૨ ટેસ્ટ અને ૮ વન-ડે મેચ રમી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભલે તેમણે માત્ર ૧૦ મેચોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હોય, પરંતુ ઘરેલુ ક્રિકેટમાં તેમનો અનુભવ ઘણો વિશાળ છે. તેમણે ૧૮૮ ફર્સ્ટ-ક્લાસ મેચ, ૧૪૩ લિસ્ટ-એ મેચ અને ૧૨ ઘરેલુ ટીર૦ મેચ રમી છે. બીસીસીઆઈએ પોતાના સત્તાવાર નિવેદનમાં સાઈરાજ બહુતુલેના અનુભવની પ્રશંસા કરતા જણાવ્યું છે કે "સાઈરાજ બહુતુલેને ભારતીય ક્રિકેટ ટીમના સ્પિન બોલિંગ કોચ તરીકે નિયુક્ત કરતા અમને આનંદ થાય છે.



# ટીમ ઈન્ડિયામાં આકિબ નબીની એન્ટ્રીઃ ટ્રોલિંગ બાદ બીસીસીઆઈનો નિર્ણય, અફઘાનિસ્તાન સામે મળશે ડેબ્યૂ?

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : અફઘાનિસ્તાન સામે ૬ જૂનથી મુલ્લાંપુરમાં રમાનારી એકમાત્ર ટેસ્ટ મેચ પહેલા જમ્મુ-કાશ્મીરના ફાસ્ટ બોલર આકિબ નબી ભારતીય ટીમના કેમ્પમાં જોડાઈ ગયો છે. જોકે, તેને હજુ સુધી સત્તાવાર ટેસ્ટ સ્ક્વોડમાં સામેલ કરવામાં નથી આવ્યો, પરંતુ રિપોર્ટ્સ પ્રમાણે તે બેકઅપ ખેલાડી તરીકે શુભમન ગિલની આગેવાની હેઠળની ટીમ સાથે ટ્રેનિંગ કરી રહ્યો છે.

અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ મેચ માટે જ્યારે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી, ત્યારે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની સિલેક્શન કમિટીને આકિબ નબીના નામને લઈને ભારે ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો. આ જ કારણ છે કે, તેનું ભારતીય ટીમના કેમ્પમાં જોડાવું ખાસ માનવામાં આવી રહ્યું છે. અજીત અગરકરની આગેવાની હેઠળની સિલેક્શન કમિટીએ જસપ્રિત બુમરાહને આરામ આપ્યા બાદ આકિબના સ્થાને ગુરનૂર બરારને તક આપી હતી. ત્યારબાદ અનેક ક્રિકેટ નિષ્ણાતો અને ચાહકોએ આકિબ નબીની અવગણના કરવા બદલ સવાલ ઉઠાવ્યા હતા.

હવે ટીમ ઈન્ડિયાના કેમ્પમાં તેની એન્ટ્રીને



આકિબ નબીએ ગત રણજી ટ્રોફી સીઝનમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. જમ્મુ-કાશ્મીરની ઐતિહાસિક રણજી ટ્રોફી જીતમાં તેણે મહત્વની ભૂમિકા ભજવી હતી અને તે ટીમ માટે સૌથી વધુ વિકેટ લેનાર બોલર રહ્યો હતો. નબીએ ૧૦ ફર્સ્ટ ક્લાસ (પ્રથમ શ્રેણી) મેચોમાં ૬૦ વિકેટ ખેરવી હતી. આ દરમિયાન તેની એવરેજ માત્ર ૧૨.૫૬ની રહી હતી અને તેણે સાત વખત ઈનિંગ્સમાં પાંચ વિકેટ લેવાની સિદ્ધિ (ફાઈવ વિકેટ હોલ) પોતાના નામે કરી હતી. રણજી ટ્રોફીમાં ધમાકેદાર પ્રદર્શનના દમ પર તેને આઈપીએલ ૨૦૨૬ના મિની ઓક્શનમાં દિલ્હી કેપિટલ્સે ખરીદ્યો હતો.

# અહાન પાંડે અને અનીત પડ્ડા મોહિત સુરી સાથે બીજી ફિલ્મ શરૂ કરશે



(એજન્સી દ્વારા)
મુંબઈ : સૈયારાએ પછી મોટી સફળતા મેળવ્યા બાદ, અહાન પાંડે, અનીત પડ્ડા અને દિગ્દર્શક મોહિત સુરીની હિટ ત્રિપુટી ફરી એકવાર બીજી રોમેન્ટિક ફિલ્મ માટે સાથે આવવાની તૈયારી કરી રહી છે. એવા અહેવાલો છે કે આ બહુ ફિલ્મ ટૂંક સમયમાં ફ્લોર પર જવાની તૈયારી છે.સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, અહાન પાંડે અને અનીત પડ્ડા મોહિત સુરીની આગામી ફિલ્મનું શૂટિંગ ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૬થી શરૂ કરશે. હાલમાં ફિલ્મ પ્રી-પ્રોડક્શન તબક્કામાં છે અને ટીમ વિવિધ પાસાઓ પર સક્રિય રીતે કામ કરી રહી છે. એક સુત્રએ જણાવ્યું, "અહાન અને અનીત નવી રોમેન્ટિક વાર્તા માટે મોહિત સુરી સાથે ફરી જોડાઈ રહ્યા છે. ફિલ્મ હાલમાં પ્રી-પ્રોડક્શન તબક્કામાં છે અને નિર્માતાઓ ઓક્ટોબર-નવેમ્બરમાં મુખ્ય શૂટિંગ શરૂ કરવાનું લક્ષ્ય રાખી રહ્યા છે. સૈયારાને મળેલા અદભૂત પ્રતિસાદ પછી ટીમમાં ફરી સાથે કામ કરવાની ભારે ઉત્સુકતા છે."

# 'દેશની જનતા જ અસલી ભારત ભાગ્યવિધાતા છે' : કંગના રનૌત

(એજન્સી દ્વારા)
મુંબઈ : ફિલ્મ 'ભારત ભાગ્યવિધાતા'ની રિલીઝ પહેલાં કંગના રનૌતે સોશિયલ મીડિયા પર એક નવો પ્રમોશનલ વીડિયો શેર કર્યો છે, જેમાં તેણે ફિલ્મનાં નામનો અર્થ અને તે જેમને સમર્પિત છે એવા સામાન્ય લોકો વિશે વાત કરી છે.

વિડિયોમાં કંગનાએ એવા કર્મચારીઓ તરફ ધ્યાન દોર્યું છે, જેઓ દરરોજ જરૂરી સેવાઓને ચાલુ રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. કંગનાએ કહ્યું કે જો એક જ દિવસ માટે હોસ્પિટલ, શાળા, રેલવે, સ્વચ્છતા વિભાગ અને અન્ય જાહેર સેવાઓના કર્મચારીઓ કામ પર ન આવે તો શું થશે, એ આપણે યાદ રાખવું જોઈએ. કંગના વીડિયોમાં કહે છે, "કલ્પના કરો કે, એક દિવસ હોસ્પિટલમાં નર્સો ન આવે, શાળામાં સ્ટાફ ન આવે, રેલવેનો સ્ટાફ ન આવે, શહેરમાં સફાઈ કર્મચારીઓ ન આવે, થિયેટરનો સ્ટાફ ન આવે અને જ્યારે તમને ડર લાગે ત્યારે તમારી મદદ કરવા કોઈ ન આવે. માત્ર એક જ દિવસમાં આખી વ્યવસ્થા થંભી જશે. છતાં આપણે તેમને શું કહીએ છીએ? 'આમ આદમી'. કેટલુંય ખાસ કામ કરીને પણ તેઓ 'આમ' જ કહેવાય છે. એ લોકો જ છે અસલી ભારત ભાગ્યવિધાતા."



આ ફિલ્મ એવા લોકોની કહાની રજૂ કરે છે, જે સામાન્ય રીતે પડદા પાછળ રહીને કામ કરે છે. તેમાં નર્સો, વોર્ડ એટેન્ડન્ટ્સ, સફાઈ કર્મચારીઓ, સુરક્ષા રક્ષકો, લિફ્ટ ઓપરેટરો અને વહીવટી સ્ટાફ જેવા પાત્રોનો સમાવેશ થાય છે. નિર્માતાઓના જણાવ્યા અનુસાર, ફિલ્મ દર્શાવે છે કે મુશ્કેલ સમયગાળામાં પણ આ કર્મચારીઓએ પોતાની જવાબદારીઓ કેવી રીતે નિષ્ઠાપૂર્વક નિભાવી અને સમાજને મદદ કરી છે.

ફિલ્મમાં કંગના રનૌત એક સ્ટાફ નર્સની ભૂમિકા ભજવી રહી છે. ફિલ્મનો મોટો ભાગ હોસ્પિટલના વાતાવરણમાં શૂટ થયો છે. તેની કહાની ફરજ, સંઘર્ષ અને સામૂહિક જવાબદારી જેવા વિષયો પર આધારિત છે અને આરોગ્યસેવા તથા સહાયક સ્ટાફના યોગદાનને ઉજાગર કરે છે. કંગના ઉપરાંત ફિલ્મમાં ગિરિજા ઓક, સ્મિતા તાંબે, અમૃતા નામદેવ, ઈશા ડે, પ્રિયા બર્ડે, આશા શેલાર, સુહિતા થત્તે, રસિકા આગાશે, આદિત્ય મિશ્રા અને ઝાહિદ ખાન મહત્વની ભૂમિકાઓમાં જોવા મળશે. 'ભારત ભાગ્યવિધાતા'નું લેખન અને દિગ્દર્શન મનોજ તાપડિયાએ કર્યું છે અને તે ૧૨ જૂન, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

# "પરફેક્ટ કમર માટે પોતાની જાત પર ત્રાસ ગુજારવાનું બંધ કરો" : તાપસી પન્નુ

(એજન્સી દ્વારા)
મુંબઈ : : તાપસીએ કહ્યું, થોડું પેટ હોવું એ તંદુરસ્તીની નિશાની છે શું સંપૂર્ણ અને કોઈ જ કમી વિનાનું શરીર મેળવવાના સતત દબાણથી ફાયદા કરતાં નુકસાન વધુ થઈ રહ્યું છે? અભિનેત્રી તાપસી પન્નુએ તાજેતરમાં શરીરની આદર્શ છબી અંગેની માન્યતાઓને પડકારતાં પોતાનાં અનુભવ વિશે ખુલીને વાત કરી છે. ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલી એક પોસ્ટમાં તાપસીએ જણાવ્યું કે કેવી રીતે તેણે પોતાના શરીર પાસેથી તેની ક્ષમતાથી વધુ કામ લીધું હતું, કારણ કે તે પેટની ચરબી અંગે સતત ચિંતિત રહેતી હતી. તાપસીએ કહ્યું: "જ્યારે તમે તમારા શરીર પર વધુ પડતી મહેનત કરો છો, ત્યારે તમારું મગજ તમને ચેતવે છે કે હવે શરીરને સુરક્ષાની જરૂર છે." તાપસીએ સમજાવ્યું કે અતિશય કસરત કરવાથી શરીર એક રક્ષણાત્મક સ્થિતિમાં જતું રહે છે, જેના કારણે વજન ઘટવાને બદલે શરીર વધુ પાણી સંગ્રહવા લાગે છે. તેણે કહ્યું, "શરીરમાંથી પાણીનો જથ્થો ઘટવાને બદલે શરીર તેને જાળવી રાખવા લાગે છે.



# શાહિદને ૩૫ કરોડ, ક્રિતી અને રશ્મિકાને ૧૫-૧૫ કરોડ

(એજન્સી દ્વારા)
મુંબઈ : શાહિદ કપૂર, ક્રિતી સૅનન અને રશ્મિકા મંદાનાની ફિલ્મ 'કૉકટેલ ૨' ૧૯ જૂને રિલીઝ થવાની છે. આ ફિલ્મ સૈફ અલી ખાન, દીપિકા પાદુકોણ અને ડાયના પેન્ટીની ૨૦૧૨માં રિલીઝ થયેલી ફિલ્મ 'કૉકટેલ'ની સીક્વલ છે. હાલમાં 'કૉકટેલ ૨'ના સ્ટાર્સને મળેલી ફીની વિગતો જાણવા મળી છે. મળતી માહિતી પ્રમાણે 'કૉકટેલ ૨' માટે સૌથી વધુ ફી અભિનેતા શાહિદ કપૂરે લીધી છે. તેને આ ફિલ્મ માટે ૩૫ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. ફિલ્મમાં રશ્મિકા અને ક્રિતી ખૂબ જ ગ્લૅમરસ અંદાજમાં જોવા મળશે અને આના માટે બન્નેને ૧૫-૧૫ કરોડ રૂપિયા ફી તરીકે ચૂકવવામાં આવ્યા છે.



# યશરાજના સ્પાય યુનિવર્સમાં પહેલી વખત ભારત પાકિસ્તાનની વાર્તા નહીં હોય

(એજન્સી દ્વારા)
મુંબઈ : ભારતીય સિનેમાના ઈતિહાસમાં અત્યાર સુધીમાં જેટલી પણ જાસુસો આધારીત ફિલ્મ બની છે, તેમાં હંમેશા ભારત અને પાકિસ્તાની સંબંધો અને આ બે દેશ વચ્ચેની જાસુસીની જ વાત કરવામાં આવી છે. પછી તે સન્ની દેઓલની હિરો હોય, આલિયાની આગળની ફિલ્મ રાઝી હોય કે પછી તાજેતરની ધુરંધર. ભારત પાકિસ્તાનના જાસુસો પર અનેક ફિલ્મ અને સિરીઝ બની ચુક્યા છે. યશરાજ ફિલ્મ્સની જ આગળની સ્પાય યુનિવર્સની ફિલ્મોમાં તેમનાં બધાં જ સ્પાય ભારત પાકિસ્તાનના મિશળનો પર કામ કરતા જ જોવા મળ્યા છે. પરંતુ આ વખતે આલિયાની ફિલ્મમાં યશરાજના સ્પાય યુનિવર્સમાં કંઈક અલગ સ્પાય જોવા મળે



આલિયા ભટ્ટ અને શર્વરી વાઘ અભિનીત 'આલ્ફા' અંગે લાંબા સમયથી ચર્ચાઓ ચાલી રહી છે. સોશિયલ મીડિયા અને ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર એવી અટકળો ચાલી રહી છે કે ફિલ્મમાં એક ભારતીય અને એક પાકિસ્તાની જાસૂસ મળીને મિશન પાર પાડશે, તે સંપૂર્ણપણે ખોટી હોવાનું ફિલ્મ સાથે જોડાયેલા સુત્રોએ જણાવ્યું છે.

ફિલ્મ સાથે નજીકથી સંકળાયેલા એક સુત્રના જણાવ્યા અનુસાર, "આલિયા ભટ્ટ 'આલ્ફા'માં જાસૂસ નહીં પરંતુ એક એસેસિન (હત્યારી) તરીકે યશરાજ સ્પાય યુનિવર્સમાં પ્રવેશ કરી રહી છે. તેથી ફિલ્મ અગાઉની સ્પાય યુનિવર્સની ફિલ્મોમાં જોવા મળેલા પરંપરાગત અથવા જાણીતા ટ્રોપ્સને અનુસરશે નહીં. 'આલ્ફા' એક એવી યુવતીની નવી વાર્તા છે જેને બાળપણથી જ એક ખતરનાક કિલિંગ મશીન તરીકે તૈયાર કરવામાં આવી છે. ફિલ્મમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ મિત્રતા કે સંબંધ દર્શાવવામાં આવશે નહીં."

સૂત્રે વધુમાં જણાવ્યું, "ફિલ્મમાં ભારત-પાકિસ્તાનની સંયુક્ત મિશનવાળી કોઈ વાત પણ નથી.

રસોઈમાં રાખો થોડું ધ્યાન : ગેસ બચાવી બનો મહાન ગેસનું સ્ટવ-બર્નર ચોખ્ખું રાખો

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ગાંધીધામ

# પૂર્વ કચ્છમાં પોલીસનું મેગા સર્ચ ઓપરેશન : ૩૫ શંકાસ્પદ ઘૂસણખોરો ઝડપાયા

**રાજ્યવ્યાપી અભિયાન અંતર્ગત પૂર્વ કચ્છ પોલીસની આક્રમક કાર્યવાહી.: LCB અને SOG ની ટીમો દ્વારા મોડી રાત્રે હાથ ધરાયા દરોડા.: તમામ અટકાયતીઓના દસ્તાવેજો અને ઓળખપત્રોની સઘન તપાસ શરૂ.: ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા પોલીસનું સતર્ક સર્વેલન્સ યથાવત.**






ગાંધીધામ : ગુજરાત સરકાર દ્વારા રાજયવ્યાપી ઘૂસણખોરો વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા વિશેષ અભિયાન અંતર્ગત પૂર્વ કચ્છમાં પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. પૂર્વ કચ્છ એલસીબી અને એસઓજી સહિતની વિવિધ પોલીસ શાખાઓ દ્વારા મોડી રાત્રે હાથ ધરવામાં આવેલા મેગા સર્ચ ઓપરેશનમાં ૩૫ જેટલા શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકોને અટકાયતમાં લેવામાં આવ્યા છે.અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ જેવા મોટા શહેરો બાદ હવે પૂર્વ કચ્છમાં પણ પોલીસ તંત્ર દ્વારા ઘૂસણખોરો સામે તવાઈ બોલાવવામાં આવી છે. પૂર્વ કચ્છના વિવિધ વિસ્તારોમાં પોલીસની ટીમોએ સઘન તપાસ કરી હતી. આ દરમિયાન શંકાસ્પદ હિલચાલ ધરાવતા વ્યક્તિઓને ધ્યાને લઈને પોલીસે ૩૫ શંકાસ્પદ ઘૂસણખોરોને શોધી કાઢીને તેમને ડિટેન કર્યા છે.હાલમાં આ તમામ વ્યક્તિઓની ઓળખ અને તેમની પાસે રહેલા દસ્તાવેજો તથા ઓળખપત્રોની ઝીણવટભરી તપાસ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે. પોલીસ તંત્રની આ આક્રમક કાર્યવાહીને પગલે અસામાજિક તત્વો અને ગેરકાયદેસર રીતે વસવાટ કરતા ઘૂસણખોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પૂર્વ કચ્છ પોલીસ દ્વારા આ તપાસની પ્રક્રિયા હજુ પણ ચાલુ રાખવામાં આવી છે અને આગામી સમયમાં પણ આવી કડક કાર્યવાહી યથાવત રહેશે તેમ પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.




## બી-રોલ ભરો : તો ભારતનગર – કંડલા – કાર્ગો ઝુપડપટ્ટીમાથી ઘુસપેઠીયાઓ ઝડપાય

**લાકડાના અમુક બેન્સોવાળાઓમાં પણ કરવી જોઈએ તપાસ : અગાઉ પૂર્વ કચ્છમાં પડાણા પટ્ટામાં લાકડાની ફેક્ટરીઓમાથી આઠથી વધુ બાગ્લાદેશીઓ પકડાઈ ચૂકયા છે**

**બી-રોલ સજજડ બનાવાયા તો ન માત્ર ઘુસપેઠીયા બલ્કે અનેક રાજયોના વોન્ટેડ કુખ્યાત ફરાર ગુનેગારો પણ અહી આશરો પામેલા ઝડપાય**

જાણકાર વર્તુળોનું માનવું છે કે જો બિરૂલને વધુ વ્યાપક, ચોકસાઈપૂર્ણ અને સતત ધોરણે અમલમાં મૂકવામાં આવે તો માત્ર ગેરકાયદે વસવાટ કરનારાઓ જ નહીં, પરંતુ દેશના વિવિધ રાજ્યોમાં વોન્ટેડ જાહેર થયેલા અનેક કુખ્યાત ગુનેગારો પણ પ ોલીસના જાળમાં આવી શકે છે.

ખાસ કરીને ભારતનગર,૯-બી, કંડલા કાર્ગો ઝૂંપડપટ્ટી, એફસીઆઈ કોલોની આસપાસના વિસ્તારો, કાર્ગો ઝુંપડપત્તી,વિવિધ ઝૂંપડપટ્ટીઓ તેમજ અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં સઘન ચકાસણી અને દસ્તાવેજી વેરિફિકેશનની જરૂરિયાત અનુભવાઈ રહી છે. આવા વિસ્તારોમાં લાંબા સમયથી વસવાટ કરતા લોકોની ઓળખ, રહેઠાણ અને ગુનાહિત પૃષ્ઠભૂમિની નિયમિત તપાસ કરવામાં આવે તો અનેક ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે.

સ્થાનિક સ્તરે એવી પણ માન્યતા છે કે કેટલાક ફરાર અને વોન્ટેડ ગુનેગારો ભીડભાડવાળા વિસ્તારોમાં ખોટી ઓળખ સાથે આશરો લેતા હોય છે. જો પ ોલીસ તંત્ર દ્વારા બિરૂલને વધુ મજબૂતાઈ, આયોજનબદ્ધતા અને ટેકનિકલ સહયોગ સાથે અમલમાં મૂકવામાં આવે તો આવા તત્વો માટે અહીં ટકવું મુશ્કેલ બની શકે છે.

નિષ્ણાતોનું માનવું છે કે સતત અને કડક વેરિફિકેશન અભિયાનના કારણે શંકાસ્પદ તત્વો આપમેળે વિસ્તાર છોડવા મજબૂર બનશે, જેના પરિણામે ગુનાખોરી પર નિયંત્રણ આવશે અને સ્થાનિક નાગરિકોની સુરક્ષા વધુ મજબૂત બનશે. કચ્છ જેવા વ્યૂહાત્મક અને ઔદ્યોગિક મહત્વ ધરાવતા વિસ્તારમાં સુરક્ષા જાળવવા માટે બિરૂલ જેવી કાર્યવાહીનું વિસ્તૃત અને નિયમિત અમલીકરણ સમયની માંગ બની ગયું છે.

## લવજેહાદના આરોપસર સામખિયાળી પોલીસમાં ફરિયાદ નોંધાઈ

ગાંધીધામ - કચ્છ ઉદય : સામખિયારી પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૫૩૧(૨) તથા ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમની સંબંધિત જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદ મુજબ, એક યુવતીને લગ્ન કરવાની લાલચ આપી તથા તેની ઓળખ છુપાવી વિશ્વાસમાં લઈ શારીરિક સંબંધ બાંધવામાં આવ્યા હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી યુવકે પોતાનું સાચું નામ અને ઓળખ જાહેર કર્યા વગર યુવતી સાથે સંબંધ સ્થાપિત કર્યો હતો. બાદમાં તેની વાસ્તવિક ઓળખ સામે આવતા યુવતીના પરિવારજનો દ્વારા પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ મામલે સામખિયારી પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાઈ છે.

પોલીસે ફરિયાદના આધારે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો તેમજ ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને સમગ્ર ઘટનાની વિગતવાર તપાસ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ પ્રાથમિક પુરાવાઓ અને ફરિયાદના આધારે કાર્યવાહી કરવામાં આવી છે. તપાસ પૂર્ણ થયા બાદ હકીકતોના આધારે આગળની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

## નાના વરનોરા ગામના અસામાજીક તત્વો સામે પાસાની કાર્યવાહી સહિત કડક કાર્યવાહી કરો

ભુજ - કચ્છઉદય : તાલુકાના નાના વરનોરા ગામના ઈસમો દ્વારા રાયધણપર ગામમાં હુમલો કરવામાં આવ્યો હતો. કચ્છમાં આવી ઘટના આજદિન સુધી બની નથી. સામાન્ય બાબતે ગામમાં લાઈટો બંધ કરી હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં પોલીસે ગુનો દાખલ કર્યો તે પૈકી ઘણા આરોપીઓ હજુ ફરાર છે. માત્ર વીજ કનેક્શન કપાયા છે. આ સિવાય અન્ય કોઈ કાર્યવાહી થઈ નથી. જો ધાક બેસાડતી કાર્યવાહી નહીં થાય તો અસામાજીક તત્વોને મોકળું મેદાન મળશે. કચ્છ એક સરહદી જિલ્લો છે અને આવી ઘટના બીજીવાર ન બને તે માટે સખત પગલા લેવા અનિવાર્ય છે ત્યારે સમસ્ત સનાતન હિન્દુ સમાજ દ્વારા કલેકટર અને એસપીને રજુઆત કરવામાં આવી હતી.




**રાયધણપર ગામમાં આયોજનબદ્ધ રીતે ૧૦૦ થી ૧૫૦ લોકોના ટોળા દ્વારા કરાયેલા હુમલાના પ્રત્યાઘાત : સમસ્ત હિન્દુ સમાજ દ્વારા કલેકટર અને એસપીને રજુઆત કરી પગલા ભરવા માંગ કરાઈ**

આવેદનપત્ર મુજબ ગત ૨૯ તારીખે રાતના ૧૦.૪૫ વાગ્યે નાના વરનોરા ગામના ઈસમો દ્વારા હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. ૧૦૦ થી ૧૫૦ લોકોના ટોળાએ પથ્થરો, ધોકા, પાઈપ, કુહાડી, ધારીયા જેવા ઘાતક હથિયારો સાથે સમગ્ર ગામ પર હુમલો કર્યો હતો. હુમલાખોરોએ બોલેરો ચડાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. ૧૧ કેવીની વીજલાઈન પર લોખંડની સાંકડ ફેંકી વીજ પુરવઠો ખોરવી નાખ્યો હતો. આ માનસકિતા આયોજનબદ્ધ અને પૂર્વ આયોજીત છે. આમ તો બાઈક ચલાવવા બાબતે ઝઘડો થયો હતો, પરંતુ મુળ બાબત એ છે કે, નાના વરનોરા ગામના ઈસમો ગૌ હત્યા, કેબલ ચોરી, લૂંટફાટ સહિતના ગોરખધંધાઓમાં સંડોવાયેલા છે. તેઓને અવરજવરનો મુખ્ય રસ્તો રાયધણપરમાંથી છે. પોલીસને જાણ ન કરે અને ગામ પર ધાક જમાવવા માટે હુમલો કરાયો હોવાનું લોકોને લાગી રહ્યું છે. રાયધણપર અને આસપાસના વિસ્તારમાં અસામાજીક તત્ત્વો દ્વારા છેડતી, ધાક ધમકી, મારામારી, ધાર્મિક ઉત્સવોની ઉજવણીમાં તોફાનો જેવી વર્ષોની અનેક સમસ્યાના કાયમી સમાધાન માટે કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. જેમાં આરોપીઓ પર પાસા દાખલ કરવામાં આવે. ગામના અનેક અસામાજીક લોકો ગૌ હત્યા, ગૌમાંસ વેચાણ, વન્ય જીવોનો શિકાર, ચોરી, વાયર ચોરી, ડીઝલ ચોરી, લૂંટફાટ, ખંડણી, ખનિજ ચોરી સહિતના બનાવોમાં સંડોવાયેલા છે. તેની સામે કાર્યવાહી કરવામાં આવે. ગામતળ અને સીમતળમાં અનેક દબાણો કરાયા છે તે દુર કરાય, ગામના અનેક અસામાજીક લોકો વીજબીલ ભરતા નથી તેની તપાસ કરી દંડ વસુલવામાં આવે, ગામના અનેક ગુનાહીત લોકો નીલગાયનો શિકાર કરે છે તેની સામે કાર્યવાહી કરાય, નાના વરનોરા ગામમાં સઘન કોમ્બીંગ કરવામાં આવે તો અનેક ગેરકાયદે હથિયાર અને ગુનાહિત પ્રવૃતિની સામગ્રી મળે તેમ છે. આરોપીઓને આશરો અને મદદગારી કરનાર સામે કાર્યવાહી થાય અને ફરાર ઈસમોની ધરપકડ થાય, ગામમાં પોલીસ ચોકી બનાવવામાં આવે, અગાઉ જે ઈસમો સામે પાસાની કાર્યવાહી નથી તેની સામે પગલાં ભરવામાં આવે તેવી માંગ કરી ધાક બેસાડતી કાર્યવાહી થાય તો સમગ્ર કચ્છમાં કાયમ માટે શાંતિ સ્થપાય અને લોકો ભયમુક્ત જીવન જીવી શકે તેવી વિનંતી કરવામાં આવી હતી. આ વેળાએ વિવિધ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



કુંવરશ્રી ઇન્દ્રજીતસિંહ જાડેજા

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



CA કૈલાસદાન કે. ગઢવી
કાર્યકારી અધ્યક્ષ આમ આદમી પાર્ટી ગુજરાત
પ્રમુખશ્રી, કચ્છી સમાજ - અમદાવાદ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં "સરહદના સંત્રી"ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે
ખૂબ ખૂબ શુભેચ્છા...

વિપુલભાઈ ભાનુશાલી
અધ્યક્ષશ્રી,
ઓલ કચ્છ બેન્ટોનાઈટ મેન્યુફેકચરર એસોસિએશન

## નવીનાળમાં આવેલી કંપનીમાંથી ૨૧.૭૮ લાખનો સામાન ચોરાયો

**તસ્કરો અલગ અલગ સાઈઝના કેબલ વાયર ઉઠાવી ગયા**

ભુજ - કચ્છઉદય : મુંદરા તાલુકાના નવીનાળ ગામે એમપીએસઈઝેડ યુટીલીટી લીમીટેડમાં આવેલ અક્ષર ઈલેક ઈન્ફ્રા. પ્રા.લિ. કંપનીના બાઉન્ડ્રીમાં ખુલ્લા મેદાનમાં રાખેલા વાયરોની ચોરી કરવામાં આવી હતી. આ બાબતે મુંદરા પોલીસમાંથી જાણવા મળતી વિગતો મુજબ ૧૫ એપ્રીલના રાત્રીના એક વાગ્યાથી ૨૪ મે ના રાત્રીના એક વાગ્યા દરમ્યાન આ બનાવ બન્યો હતો. કોઈ ચોર અજાણ્યા ઈસમો દ્વારા કંપનીના પાવર હાઉસના ટાવરમાંથી પાવર સપ્લાય ટ્રાન્સફર કરવા માટે લાવવામાં આવેલ અને કંપનીના મેદાનમાં રાખેલ વાયરોની ચોરી કરવામાં આવી હતી. જેમાં ૩૦ કોર ૨.૫ સ્કવેરના ૭૧૯ મીટરના વાયર કિંમત રૂા. ૧૨,૭૨,૬૩૦ તેમજ ૨૪ કોર ૨.૫ સ્કવેર એમએમના ૪૧૯ મીટર વાયર કિંમત રૂા. ૪,૦૬,૪૩૦, ૧૪ કોર ૨.૫ સ્કવેરના ૧૩૯ મીટર વાયર કિંમત રૂા. ૬૫,૬૦૮ તેમજ ૩૦ કોર ૨.૫ સ્કવેર એમએમના ૨૪૫ મીટર વાયર કિંમત રૂા. ૪,૩૩,૬૫૦ મળી કુલ્લ ૨૧,૭૮,૩૧૮ ના મુદ્દામાલની ચોરી કરવામાં આવી હતી. જેથી મુંદરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

### સોલાર પાર્કમાંથી ચોરાયેલી ૨.૨૦ લાખની બસબાર મામલે ગુનો નોંધાયો

ભુજ - કચ્છઉદય : ખાવડા ખાતે આવેલા સોલાર પાર્કમાંથી ચોરી કરવામાં આવી હતી. આરોપીઓ દ્વારા અદાણી ગ્રીન એનર્જી કંપનીમાં આવેલ અમર રાજા ઈન્ફ્રા પ્રા.લી. કંપનીના પ્લોટ એરીયામાં રાખેલા ટ્રાન્સફોર્મરમાંથી ૧.૯૦ લાખની ૧૯ બસબાર અને ૩૦ હજારના કેબલની ચોરી કરવામાં આવી હતી. ૨.૨૦ લાખના મુદ્દામાલની ચોરી થતા અર્બુદા સિક્યુરીટી એજન્સીના જનરલ મેનેજર દીપચંદ રામનિવાસ ઢોરવારે ખાવડા પોલીસમાં ફરિયાદ નોધાવી છે.